# ઉત્કર્ષ



સ્થાપના : શિક્ષક દિન-૧૯૯૧
અંક : ૩૧ વર્ષ : ૨૦૨૧-૨૨

## હરિવરનો હાથ વિશેષાંક



COLLEGE OF EDUCATION
योगः कर्मसु कौशलम्
KHAROD

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
(ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સંલગ્ન)

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫
નેક એક્રેડિટેડ - B Grade (2.28)
Email : kharode17@gmail.com
Website : www.coekharod.org

# e-Abhyasu

## the Learning App

---------

**12th Commerce (GSHSB)**
**& B.COM / M.COM**
**(VNSGU)**

- 100 % Guarantee to clear your concept
- Guaranteed Result

Download the App From

એડમિશન માટે સંપર્ક કરો :

**Mo. 8487067276**

e-अभ्यासू
The Learning App

**FOLLOW US ON**

योगः कर्मसु कौशलम्
(કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એટલે યોગ)

અંક ૩૧

# ઉત્કર્ષ

વર્ષ ૨૦૨૧-૨૦૨૨

• સંપાદકો •

ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર (કાર્યકારી આચાર્ય)

પ્રા. ડૉ. ઇન્તેખાબઆલમ કે. અનસારી (અધ્યક્ષ : મેગેઝીન સમિતિ)
સુલેમાનભાઇ બોબાત (મંત્રી : મેગેઝીન સમિતિ)
મુસ્તકીમભાઇ પટેલ (સભ્ય : મેગેઝીન સમિતિ)
ધ્રુવભાઇ વરિઆ (સભ્ય : મેગેઝીન સમિતિ)

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત

(ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સંલગ્ન)

## કૉલેજ ઑફ એજ્યુકેશન ખરોડ

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫
Email: kharode17@gmail.com
Website :www.coekharod.org

# બટકું રોટલો બીજાને માટે !



પોતાને પ્રાપ્ત થયેલા આખા રોટલામાં
માણસ જ્યારે
કોઈ અજાણ્યા માણસને આપવા માટે
પોતાનો રોટલો ભાંગે છે ત્યારે
સમગ્ર માનવતા સુગંધમય બને છે.
બટકું રોટલો બીજાને ધરનાર માણસ
અન્ય પર ઉપકાર નથી કરતો
કારણ કે આપવામાં મળતો આનંદ અનેરો છે.
જીવનમાં એક વાર માણસને
આપવાના આનંદનો સ્વાદ ચાખવા મળે
પછી એનું જીવન આપોઆપ મધુર બનતું જાય છે.
આવો ચમત્કાર બને પછી
બધા ઉપદેશ ફિક્કા પડી જાય છે.
બધાં શાસ્ત્રો હૃદયમાં સમાઈ જાય છે
અને રહી જાય છે : જીવનનો નિર્મળ આનંદ.
ઉપકાર માનવો જ હોય,
તો રોટલો સ્વીકારનાર પેલા અજાણ્યા
માણસનો માનવો રહ્યો !

- ડૉ. ગુણવંત શાહ

('પ્રભુના લાડકવાયા'માંથી સાભાર)

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | | પાના નં. |
|---|---|---|---|
| ૧ | સંપાદકીય... | - ડૉ. ઇન્તેખાબઆલમ કે. અનસારી | ૦૫ |
| ૨ | આચાર્યની કલમે... | - ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર | ૦૭ |
| ૩ | અમારા સુકાની | | ૦૮ |
| ૪ | અમારો કૉલેજ પરિવાર | | ૦૯ |
| ૫ | પ્રશિક્ષણાર્થી યુનિયન | | ૧૧ |
| ૬ | IQAC (2020 - 2021 to 2021 - 2022) | | ૧૨ |
| ૭ | Cells / Committees | | ૧૩ |
| ૮ | જીના ઈસિકા નામ હૈં... | - ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર | ૧૪ |
| ૯ | હરિવરનો હાથ | - ડૉ. પારૂલબેન બી. ટંડેલ | ૧૮ |
| ૧૦ | મોકો કહાં ઢૂંઢે રે બંદે... | - ડૉ. ઇન્તેખાબઆલમ કે. અનસારી | ૨૨ |
| ૧૧ | નિમિત્ત | - ડૉ. ધર્મીબેન બી. પટેલ | ૨૫ |
| ૧૨ | હરિવરના હાથની પ્રતીતિ | - શ્રીમતી કવિતાબેન એ. રાઠવા | ૨૯ |
| ૧૩ | ઇશ્વર અત્ર, તત્ર અને સર્વત્ર છે... | - પટેલ સાએમાબાનુ | ૩૨ |
| ૧૪ | ભગવાને કરેલી મદદ | - શર્મા જૈમિન એન. | ૩૪ |
| ૧૫ | જીવનમાં આપણને હંમેશાં મદદ મળી રહેતી હોય છે | - સોલંકી હોમિકા એલ. | ૩૭ |
| ૧૬ | સમાજનો સહકાર + મહેનત = સફળતા... | - પટેલ મુસ્તકીમ એ. | ૩૯ |
| ૧૭ | ભગવાનની મદદનો અદ્ભુત પ્રસંગ | - ટંડેલ રીયાબેન આર. | ૪૧ |
| ૧૮ | નાની સરખી મદદનું આટલું મોટું વળતર ! | - પરમાર અંજલી વી. | ૪૩ |
| ૧૯ | હરિના હાથ સ્વરૂપે શિક્ષક | - વસાવા ક્રિષ્નાબેન સી. | ૪૫ |
| ૨૦ | કર્ણાટકના હરેકલા હજબ્બાની ગજબ કહાની | - પટેલ શૈલેષ આર. | ૪૬ |
| ૨૧ | જીવનમાં આપણે શું હતા? તે હંમેશા યાદ રાખવું... | - કોલચા દિપ્તી સી. | ૪૮ |
| ૨૨ | હે ઇશ્વર ! તારો જ એક સહારો... | - પટેલ હર્ષાંગી આર. | ૫૦ |
| ૨૩ | સાચા અર્થમાં સમાજ સેવક 'કલ્યાણસુંદરમ્' | - સિંધા ઉઝમાબેન એફ. | ૫૩ |
| ૨૪ | કિસ્મતથી તકદીર સુધીની સફર | - સૈયદ માહનુર જે. | ૫૪ |


Helping one person might not change the whole world, but it could change the world for one person.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૨૫ | પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ... - લાડ ઉર્વશીબેન એમ. | ૫૭ |
| ૨૬ | मेरे लिए हरिवर बनने वाले हाथ - શુક્લા સ્વાતિ | ૬૦ |
| ૨૭ | વાર્ષિક અહેવાલ... - વરિયા ધ્રુવકુમાર ડી. | ૬૨ |
| ૨૮ | જ્ઞાનધારા હેઠળની પ્રવૃત્તિઓ | ૬૫ |
| ૨૯ | સર્જનાત્મક અભિવ્યકિત ધારા હેઠળની પ્રવૃત્તિઓ | ૬૮ |
| ૩૦ | ગીત-સંગીત, નૃત્ય ધારા હેઠળની પ્રવૃત્તિઓ | ૬૮ |
| ૩૧ | વ્યાયમ-યોગ ધારા હેઠળની પ્રવૃત્તિઓ | ૬૯ |
| ૩૨ | નાટય ધારા હેઠળની પ્રવૃત્તિઓ | ૬૯ |
| ૩૩ | શુભેચ્છા સમારંભ | ૬૯ |
| ૩૪ | માઈક્રોપાઠ, સિમ્યુલેશન પાઠ, સેમેસ્ટર-૧/૩, સેમેસ્ટર-૨/૪ | ૭૦ |
| ૩૫ | સેમેસ્ટર-૨ : પ્રાયોગિક પાઠોનું આયોજન | ૭૧ |
| ૩૬ | ઈન્ટર્નશીપ કાર્યક્રમની વિગત | ૭૨ |
| ૩૭ | વિશેષ સિદ્ધિઓ... | ૭૩ |
| ૩૮ | શૈક્ષણિક સિદ્ધિ અને સહયોગ... | ૭૫ |
| ૩૯ | એકેડેમિક કેલેન્ડર (વર્ષ : ૨૦૨૧-૨૦૨૨) | ૮૦ |
| ૪૦ | ઋણ સ્વીકાર... | ૮૩ |
| ૪૧ | કેટલાક પ્રતિભાવો | ૮૬ |
| ૪૨ | પ્રશિક્ષણાર્થી સંપર્ક સેતુ (એફ.વાય. બી.એડ્.) | ૮૮ |
| ૪૩ | પ્રશિક્ષણાર્થી સંપર્ક સેતુ (એસ.વાય. બી.એડ્.) | ૯૩ |
| ૪૪ | શુભેચ્છકોની યાદી (એફ.વાય. બી.એડ્., સેમેસ્ટર - ૨) | ૯૮ |
| ૪૫ | શુભેચ્છકોની યાદી (એસ.વાય. બી.એડ્., સેમેસ્ટર - ૪) | ૧૦૦ |
| ૪૬ | જાહેરાતો | ૧૦૩ |

# સંપાદકીય...

**ડૉ. ઇન્તેખાબઆલમ કે. અનસારી**
આસિસ્ટન્ટ પ્રોફેસર

ઇ.સ. ૧૯૯૧માં નાનકડા ગામ ખરોડ ખાતે ઐતિહાસિક ઘટના બની. ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે કોલેજ ઓફ એજ્યુકેશન ખરોડની સ્થાપના થઇ. તારીખ પાંચમી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ પરમ આદરણીય સ્વ. શ્રી એહમદભાઇ પટેલ સાહેબના પ્રયત્નોથી અનેકવિધ સ્વપ્નો અને લક્ષ્યાંકો સાથે શરૂ થયેલ કોલેજ તેના સાર્થક અસ્તિત્વના એકત્રીસ વર્ષો પૂર્ણ કરી બત્રીસમા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આ પ્રસંગે સમગ્ર ટ્રસ્ટ પરિવાર, કોલેજ પરિવાર, તાલીમાર્થીઓ અને ગ્રામજનો પ્રસન્નતા અનુભવે છે. વિશેષતઃ મહિલાઓના ઉત્થાન તથા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને કોલેજનો લાભ મળે એવા ઉમદા હેતુથી શુદ્ધતઃ સેવાકીય ભાવના સાથે પ્રારંભાયેલ કોલેજ શિક્ષણક્ષેત્રે અને સમાજક્ષેત્રે યથોચિત પ્રદાન કરી શકી છે એ પરમ સંતૃપ્તિની વાત છે. કોલેજના બત્રીસમા સ્થાપના પર્વ પ્રસંગે અનેકવિધ અરમાનો સાથે કોલેજના વાર્ષિક મુખપત્ર ‘ઉત્કર્ષ’નો એકત્રીસમો અંક પ્રસ્તુત કરતા સ્વાભાવિક રીતે જ અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

છેલ્લાં ઘણાં વર્ષોથી કોલેજનું મેગેઝીન (ઉત્કર્ષ) વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવાનું સ્વીકારવામાં આવ્યું છે અને એના ભાગરૂપે પર્યાવરણ શિક્ષણ, શાળા વ્યવસ્થાપન, વ્યકિતત્વ વિકાસ, સ્વાસ્થ્ય શિક્ષણ, શિક્ષણમાં વમળો અને વળાંકો તથા સ્વનો વિકાસ... જેવાં વૈવિધ્યપૂર્ણ વિષયો પર વિશેષાંકો તૈયાર થાય છે. આ તમામ વિશેષાંકોને આપના જેવા સુજ્ઞ વાચકો તરફથી ખૂબ જ ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ સાંપડયો છે, જેની નોંધ લીધા વિના ચાલે એમ નથી. પરિણામે અમારું બળ વધ્યું છે. પ્રસ્તુત અંક ‘હરિવરનો હાથ’એ વિષય પર તૈયાર થયો છે, જેને પણ એવો જ ઉષ્માપૂર્ણ આવકાર મળશે જ એવી શ્રદ્ધા છે. આપણા જીવનમાં આપણને વિવિધ તબક્કે અનેક નામી અનામી વ્યકિતઓનો અકલ્પનીય સાથ સહકાર અને મદદ મળી રહેતા હોય છે કે જે આપણા માટે સાક્ષાત હરિવર પુરવાર થતા હોય છે. એવી જ રીતે દુનિયામાં એવાં ઘણાં નાના-નાના લોકો હોય છે કે જે મોટા-મોટા કામો કરી જતાં હોય છે. એકાદ મિશન માટે તેઓ પોતાનું જીવન સમર્પિત કરી દેતા હોય છે, અને અન્યો માટે આશીર્વાદરૂપ પુરવાર થતા હોય છે. પ્રસ્તુત અંકમાં આવાં જ કેટલાક લોકો, પ્રસંગો અને સ્વાનુભાવોને સાંકળી લેવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રયાસ આપ સૌને ગમશે એવી ભીની લાગણી અનુભવીએ છીએ.

કોલેજનું વાર્ષિક મુખપત્ર ‘ઉત્કર્ષ’એ વાસ્તવમાં લોક ભાગીદારીનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગ્રાન્ટેડ કોલેજ તરીકે કોલેજના સંસાધનો ટાંચા પડે એવી પરિસ્થિતિમાં સમાજના આર્થિક

સહયોગથી પ્રતિવર્ષ ઉત્કર્ષ પ્રગટ થતું રહ્યું છે. જાહેરાત અને દાન સ્વરૂપે સમાજના લોકોનો સહકાર એ ઉત્કર્ષના પ્રકાશ માટેનું પીઠબળ રહ્યું છે. કોલેજના એકત્રીસમા અંકના પ્રકાશન પ્રસંગે સૌ દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ અને ભવિષ્યમાં પણ એમના તરફથી આવો જ ઉષ્માપૂર્ણ સાથ સહકાર મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

આ તબક્કે કોલેજના સ્થાપક પ્રમુખ પરમ આદરણીય સ્વ. અહમદભાઇ પટેલ સાહેબને ભાવપૂર્વક યાદ કરીએ છીએ અને એમને વંદન કરીએ છીએ. કોલેજ ટ્રસ્ટના વર્તમાન પ્રમુખ પરમ આદરણીયશ્રી આરીફભાઇ વજીફદાર સાહેબ અને મંત્રીશ્રી પરમ આદરણીય મહંમદભાઇ ભૈયાત સાહેબનો દિલથી ઋણ સ્વીકાર કરીએ છીએ. એમના સાથ, સહકાર અને પ્રેરણા વગર અમે અધૂરાં છીએ. સાથે કોલેજના અન્ય ટ્રસ્ટીશ્રીઓ, ગ્રામજનો, કોલેજ સ્ટાફના સૌ મિત્રો, શુભેચ્છકો, તાલીમાર્થીઓ, વર્તમાન તાલીમાર્થીઓ, પ્રેક્ટીસિંગ સ્કૂલ્સના ટ્રસ્ટીઓ અને આચાર્યો અને સૌ મિત્રોનો આભાર માનીએ છીએ.

ઈ.સ. ૧૯૯૧થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્નતા ધરાવતી કોલેજનું ઈ.સ. ૨૦૨૦માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સાથે જોડાણ થયું છે. આ તબક્કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથેની સ્મૃતિઓ વાગોળીએ છીએ અને સૌનો આભાર માનીએ છીએ. સાથે જ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગરના દ્રષ્ટિવંત અને કર્મશીલ કુલપતિશ્રી પરમ આદરણીય ડૉ. હર્ષદભાઇ પટેલ સાહેબ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ અને એમનો આભાર માનીએ છીએ. ગુજરાતમાં શિક્ષક પ્રશિક્ષણની ગુણવત્તા સુધારવા સંદર્ભે આદરણીય ડૉ. હર્ષદભાઇ પટેલ સાહેબ દ્વારા હાથ ધરાયેલા પ્રયાસો અદ્વિતીય અને અભૂતપૂર્વ છે. એમનો આભાર. સાથે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગરના અન્ય સૌ પદાધિકારીશ્રીઓ અને કર્મચારીઓને પણ યાદ કરીએ છીએ.

'ઉત્કર્ષ'નો હરિવરનો હાથ વિશેષાંક શ્રેષ્ઠ રીતે તૈયાર કરવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે, એમાં ક્ષતિઓ રહી ગઇ હશે, પ્રસ્તુત અંક અંગે આપના અવલોકનો અને સૂચનો પાઠવશો તો જરૂર ગમશે. આવતા વર્ષે નવા વિષય સાથે ફરી મળીશું... આભાર... આવજો...

નોંધઃ પ્રસ્તુત અંકમાં રજૂ થયેલા વિચારો લેખકોના પોતાના છે, એ માટે સંપાદક મંડળ કોઇપણ રીતે જવાબદાર નથી... ક્ષમા પ્રાર્થના...

# આચાર્યની કલમે...

**ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર**
કાર્યકારી આચાર્ય

સાદર નમસ્કાર.

ઉત્કર્ષનો આ ૩૧મો અંક કોલેજનું ૩૨મું વર્ષ અને સ્વતંત્રતાનું ૭૫મું વર્ષ. રાષ્ટ્ર વિકાસમાં શૈક્ષણિક સંસ્થાઓનું યોગદાન કેવું અને કેટલું?

શિક્ષણ સંસ્થાઓની નીત નવી, ઉપલી કક્ષાએથી સૂચિત ગતિવિધિથી આપ સૌ પરિચિત છો જ. કોઈપણ શિક્ષણ સંસ્થાનું કામ કેટલાક રૂઢિગત, અપેક્ષિત કામ સાથે નવા વિચારોને જન્મ આપવાનું પણ છે.

શું હાલનો માહોલ નવા વિચારોને અને કેટલીક બાબતે વિરોધને આવકારે છે ખરો?

ઋષિ બૃહસ્પતિ સ્વર્ગ, નર્ક, પરલોક, પુનર્જન્મ, કર્મ, કર્મ ફળ વગેરે વિચારોને મિથ્યા ગણાવે છે. તેમનું દર્શન આજે ચાર્વાક દર્શન તરીકે ઓળખાય છે અને સ્વીકારય પણ છે.

ધર્મવિતાઓ દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત, પુરાણ, રામાયણ, ભાગવત વગેરેની વાતો કરે છે પણ કણાદ ઋષિનું ન્યાય, સાંખ્ય અને વૈશેષિક તાર્કિકતાની પણ હાજરી તો છે જ.

બર્લિન લાઇબ્રેરીના પુસ્તકોની હોળી, પુસ્તકો, પાઠયપુસ્તકો, અભ્યાસક્રમોમાં નિત નવા અનુકૂળ પ્રયોગ.

સત્તા અને ધર્મ નવા વિચારો સામે આક્રમક હોઇ શકે છતાં સમાજ નવા વિચારો કર્યે જ જાય. વિજ્ઞાન, એન્જિનિયરિંગ, ICT, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર વગેરે ક્ષેત્રોના નવા વિચારોથી તો આ જીવન વધુ સારું બનાવવાના પ્રયત્નો થતાં રહે છે.

આઇન્સ્ટાઇન, ન્યૂટન, ડૉ. જગદીશચંદ્ર બોઝ, ડૉ. હોમી ભાભા, લ્યુઇ પાશ્વર, થોમસ આલ્વા એડિસન, માઇકલ ફેરેડે, માઇકલ એન્જેલો, ગેલેલિયો, અર્કીમિડિસ એરિસ્ટોટેલ, મહાત્મા ગાંધી, માર્ટિન લ્યૂથર, ડૉ. આંબેડકર, સુભાષચંદ્ર બોઝ, જોન લોક, કાર્લ માકર્સ, હાર્વી મિલ્ક, બનાર્ડ રસેલ મેરી સ્ટોપિસ, મલાલા યુસુફઝાઇ વગેરે.

આ અને આવા વૈજ્ઞાનિકોના, નવા વિચારકોના નવા વિચારો, સંશોધનનો જો આપણને પ્રાપ્ત ન થયાં હોત તો?

આવો, આપણે નવા વિચારોના સર્જક અને સ્વીકારનાર બનીએ.

આ વર્ષે અમે આ કૉલેજના પૂર્વ કાર્યકારી આચાર્ય ડૉ. જયેશ અંબેલાલ નાયકને તા.૧૮-૦૪-૨૦૨૧ના રોજ ગુમાવ્યા. આજ વર્ષે તા. ૧૨-૦૨-૨૦૨૨ના રોજ અમે કૉલેજના પૂર્વ આચાર્ય ડૉ. ડાહ્યાભાઇ પ્રાગજીભાઇ પટેલને પણ ગુમાવ્યા. બંને આચાર્ય સાહેબોનો કૉલેજના વિકાસમાં અમૂલ્ય ફાળો હતો. પરમકૃપાળુ પરમાત્મા બંને દિવંગતોના આત્માને શાંતિ અર્પે.

કૉલેજ વિકાસ અને સંચાલનમાં સહયોગી, માર્ગદર્શક, શુભેચ્છક, કૉલેજ ટ્રસ્ટ, સરકારશ્રી, આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર, વીર નર્મદ યુનિવર્સિટી-સુરત, ઉત્કર્ષ દાતાઓ વિવિધ શાળાઓ, સંલગ્ન કૉલેજો, કૉલેજ પરિવાર સૌનો ખૂબ ખૂબ આભાર.

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

(ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સંલગ્ન)

# કૉલેજ ઑફ એજ્યુકેશન ખરોડ

**તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫**

## :: અમારા સુકાની ::




પ્રમુખશ્રી

**શ્રી આરીફભાઈ વજીફદાર**

રસુલબાગ, જૂની દીવી, અંકલેશ્વર, જિ. ભરૂચ.

મો. નં. : ૯૮૨૪૦ ૫૨૨૮૫





મંત્રીશ્રી

**શ્રી મહંમદભાઈ એ. ભૈયાત**

ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

મો. નં. : ૯૮૨૪૩ ૪૭૧૧૧

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**(ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સંલગ્ન)**

# કૉલેજ ઑફ એજ્યુકેશન ખરોડ

**તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫**

## અમારો કૉલેજ પરિવાર

### શૈક્ષણિક કર્મચારીગણ

| ક્રમ | નામ/સરનામું | શૈ. લાયકાત | ફોટો |
|---|---|---|---|
| ૧ | **ડૉ. પ્રવિણચંદ્ર રતીભાઈ માસ્ટર**<br>**(એસોસિએટ પ્રોફેસર અને કાર્યકારી આચાર્ય)**<br>બી-૯૬, આશુતોષ-૨, લીંક રોડ, ભરૂચ.<br>મો. : ૯૯૨૫૧ ૨૩૮૪૮<br>ઈ-મેઈલ : prama1961@gmail.com | B.A.<br>M.Ed.<br>Ph.D. |  |
| ૨ | **ડૉ. પારૂલબેન બુધાભાઈ ટંડેલ**<br>**(આસિસ્ટન્ટ પ્રોફેસર)**<br>૧૮, આશાપુરી સોસાયટી, વિજલપોર રોડ, નવસારી.<br>મો. : ૮૧૬૦૦ ૩૫૮૨૧<br>ઈ-મેઈલ : tandel.parul@gmail.com | M.Sc.<br>M.Ed.<br>Ph.D.<br>GSLET |  |
| ૩ | **ડૉ. ઈન્તેખાબઆલમ કે. અનસારી**<br>**(આસિસ્ટન્ટ પ્રોફેસર)**<br>મુસ્લિમ વેલ્ફેર સોસાયટી, સ્ટેશન રોડ,<br>મસ્જિદની બાજુમાં, નવસારી.<br>મો. : ૯૯૨૫૪ ૧૭૪૬૦, ૮૨૦૦૭ ૪૧૬૩૭<br>ઈ-મેઈલ : ik_ansari73@yahoo.co.in | M.Com.<br>M.Ed.<br>Ph.D.<br>GSLET |  |
| ૪ | **ડૉ. ધર્મીબેન બી. પટેલ**<br>**(અધ્યાપક સહાયક)**<br>ડી-૨/૩૦૩, સ્વયમ્ રેસીડેન્સી, જહાંગીરપુરા, સુરત.<br>મો. : ૯૯૭૮૯ ૨૨૨૬૩<br>ઈ-મેઈલ : dhpatel3613@gmail.com | B.Sc.,<br>M.A.<br>M.Ed.<br>Ph.D.<br>GSLET |  |
| ૫ | **ડૉ. ચિરાગભાઈ સી. સ્વામી**<br>**(અધ્યાપક સહાયક)**<br>૩/બી, ઋતુરાજ સોસાયટી, ભૈરવ રોડ, પાટણ.<br>મો. : ૯૪૨૮૮ ૫૦૦૦૮<br>ઈ-મેઈલ : chirag.swami825@gmail.com | M.A.<br>M.Ed.<br>M.Phil.<br>Ph.D. |  |

# વહીવટી કર્મચારીગણ

| ક્રમ | નામ/સરનામું | શૈ. લાયકાત | ફોટો |
|---|---|---|---|
| ૧ | **શ્રીમતી કવિતાબહેન એ. રાઠવા**<br>**(ગ્રંથપાલ)**<br>એ-૧૪, ગજાનનપાર્ક, પાંચમો કવાટર્સની બાજુમાં,<br>નવી કોલોની, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર.<br>મો. : ૯૮૨૪૭ ૩૩૪૯૧<br>ઈ-મેઈલ : kavitarathvajbs@gmail.com | B.Com.<br>M.Lib. &<br>Inf. Sci. |  |
| ૨ | **શ્રી જયંતકુમાર એસ. પટેલ**<br>**(સિનિયર કલાર્ક)**<br>બી-૪, મૈત્રીનગર સોસાયટી,<br>ભોલાવ, જિ. ભરૂચ. મો. : ૯૮૨૪૭ ૦૧૫૫૭<br>ઈ-મેઈલ : jayantspatel1966@gmail.com | B.Com. |  |
| ૩ | **શ્રી અશ્વિનભાઈ એમ. વસાવા**<br>**(જુનિયર કલાર્ક)**<br>મુ.પો. રજલવાડા,<br>તા. ઝઘડીયા, જિ. ભરૂચ.<br>મો. : ૯૩૨૮૭ ૩૫૭૩૦ | B.A. |  |

# સેવકગણ

| ક્રમ | નામ/સરનામું | શૈ. લાયકાત | ફોટો |
|---|---|---|---|
| ૧ | **શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ**<br>**(સેવક)**<br>મુ.પો. પીરામણ,<br>તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>મો. : ૯૭૨૭૦ ૭૩૧૦૪ | S.S.C. |  |
| ૨ | **શ્રી ચંદ્રવદન કે. ગુર્જર**<br>**(સફાઈ કામદાર)**<br>ડી-૧૯, સંસ્કારધામ સોસાયટી,<br>દીવા રોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>મો. : ૯૯૦૪૪ ૩૪૬૦૬ | S.S.C. |  |
| ૩ | **શ્રી મિનેષકુમાર એચ. જાદવ**<br>**(વોચમેન)**<br>૩૬/૫, નવી વસાહત,<br>લાહોરી ગોડાઉન પાછળ, ભરૂચ.<br>મો. : ૯૭૨૩૫ ૪૯૩૫૫ | S.S.C. |  |

ખરાબ સમયમાં ખભા પર રાખેલો હાથ, કામયાબી પર તાળીઓથી પણ મૂલ્યવાન હોય છે.

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# કૉલેજ ઑફ એજ્યુકેશન ખરોડ

# પ્રશિક્ષણાર્થી યુનિયન

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૦૨૨

:: પ્રમુખ ::
**ડૉ. પ્રવિણચંદ્ર આર. માસ્ટર**
(કાર્યકારી આચાર્ય)

:: સામાન્ય મંત્રી ::
**ધ્રુવકુમાર વરિયા**
(S.Y. B. Ed.)

### સાંસ્કૃતિક સમિતિ

અધ્યક્ષ : પ્રા. ડૉ. પારૂલબેન બી. ટંડેલ
મંત્રી : હર્ષાંગીબેન પટેલ (S.Y. B. Ed.)
સભ્યો : 1. હોમિકાબેન સોલંકી (F.Y. B. Ed.)
2. અંજલિબેન પરમાર (F.Y. B. Ed.)

### મેગેઝિન સમિતિ

અધ્યક્ષ : પ્રા. ડૉ. ઇન્તેખાબ અનસારી
મંત્રી : સુલેમાનભાઇ બોબાત (F.Y. B. Ed.)
સભ્યો : 1. મુસ્તકીમભાઇ પટેલ (S.Y. B. Ed.)
2. ધ્રુવકુમાર વરિયા (S.Y. B. Ed.)

### નાણાં સમિતિ

અધ્યક્ષ : પ્રા. ડૉ. ઇન્તેખાબ અનસારી
મંત્રી : મુસ્તકિમભાઇ પટેલ (S.Y. B. Ed.)
સભ્યો : 1. કિંજલબેન રંગપરિયા(S.Y. B. Ed.)
2. ક્રિષ્નાબેન વસાવા (F.Y. B. Ed.)

### પ્રવાસ સમિતિ

અધ્યક્ષ : પ્રા. ડૉ. ચિરાગભાઇ સ્વામી
મંત્રી : કિંજલબેન રંગપરિયા (S.Y. B. Ed.)
સભ્યો : 1. ઉર્વશીબેન લાડ (F.Y. B. Ed.)
2. અંજલિબેન પરમાર (F.Y. B. Ed.)

### રમત-ગમત સમિતિ

અધ્યક્ષ : પ્રા. ડૉ. ધર્મીબેન પટેલ
મંત્રી : નિરવભાઇ પટેલ (F.Y. B. Ed.)
સભ્યો : 1. હર્ષાંગીબેન પટેલ (S.Y. B. Ed.)
2. સોનલબેન પટેલ (F.Y. B. Ed.)

### સાહિત્ય સમિતિ

અધ્યક્ષ : ડૉ. ચિરાગભાઇ સ્વામી
મંત્રી : માહનુરબેન સૈયદ (S.Y. B. Ed.)
સભ્યો : 1. શૈલેષભાઇ પટેલ (F.Y. B. Ed.)
2. ઉર્વશીબેન લાડ (F.Y. B. Ed.)

### ગ્રંથાલય સમિતિ

અધ્યક્ષ : શ્રીમતી કવિતાબેન એ. રાઠવા
મંત્રી : અંજલિબેન પરમાર (F.Y. B. Ed.)
સભ્યો : 1. હોમિકાબેન સોલંકી (F.Y. B. Ed.)
2. માહનુરબેન સૈયદ (S.Y. B. Ed.)

### પ્લાનિંગ ફોરમ/સમાજ-સેવા સમિતિ

અધ્યક્ષ : પ્રા. ડૉ. પારૂલબેન બી. ટંડેલ
મંત્રી : સોનલબેન પટેલ (F.Y. B. Ed.)
સભ્યો : 1. ક્રિષ્નાબેન વસાવા (F.Y. B. Ed.)
2. શૈલેષભાઇ પટેલ (F.Y. B. Ed.)

તમારી પાસે બે હાથ છે, એક તમારી જાતને મદદ કરવા માટે અને બીજો બીજાને મદદ કરવા માટે.

# Notification of the information IQAC (2020-21 to 2021-22)

| No. | Name of the IQAC Person | Designation | IQAC Designation |
|---|---|---|---|
| 1 | Dr. Pravinchandra R. Master | Associate Professor and In-charge Principal, College of Education, Kharod, Dist. Bharuch | Chairperson |
| 2 | Dr. Parul B. Tandel | Assistant Professor College of Education, Kharod Dist. Bharuch | Coordinator |
| 3 | Shree Arifbhai Vajifdar | President, The Ankleshwar Progressive Education Trust, Kharod, Dist. Bharuch | Employer |
| 4 | Shree Mohamed A. Bhaiyat | Trust Secretary, The Ankleshwar Progressive Education Trust, Kharod, Dist. Bharuch | Member from Management |
| 5 | Aiyub Abdul Rahim Bhaiyat | At & Post - Kharod, Tal. Ankleshwar, Dist. Bharuch | Industrialist |
| 6 | Ismailbhai M. Jogiyat | At & Post - Kharod, Tal. Ankleshwar, Dist. Bharuch | Local Society Member |
| 7 | Pinal Patel | At & Post - Bakrol, Tal. Ankleshwar, Dist. Bharuch | Stakeholder |
| 8 | Priyanka Varachhiya | B-25, Marutidham Soc., Andada, Tal. Ankleshwar, Dist. Bharuch | Alumni |
| 9 | Dr. Intekhab K. Ansari | Assistant Professor, College of Education, Kharod, Dist. Bharuch | Teacher to represent all level's |
| 10 | Dr. Dharmi B. Patel | Adhayapak Sahayak, College of Education, Kharod, Dist. Bharuch | Teacher to represent all level's |
| 11 | Dr. Chirag C. Swami | Adhayapak Sahayak, College of Education, Kharod, Dist. Bharuch | Teacher to represent all level's |
| 12 | Mrs. Kavita A. Rathava | Librarian, College of Education, Kharod, Dist. Bharuch | Librarian |
| 13 | Mr. Jayant Patel | Senior Clerk, College of Education, Kharod, Dist. Bharuch | Senior Administrative Officer |
| 14 | Nirav Patel | F.Y. B.Ed. Student Year 2021-22 | Student |

# Cells / Committee

## College of Education, Kharod
## Tal. Ankleshwar, Dist. Bharuch

### ANTI - RAGGING

:: **President** ::
Pravin Master
::**Nodel Officer** ::
Dr. Chirag Swami
:: **Member** ::
Dr. Parul Tandel
Dr. Dharmi B. Patel
:: **Student Representative** ::
Variya Dhruv
Patel Seema

### WOMEN HARASSMENT CELL

:: **Chairman** ::
Pravin Master
:: **Member** ::
Dr. Parul Tandel
Dr. Dharmi B. Patel
Ms. Kavitaben Rathava
:: **Student Representative** ::
Saiyed Mahnoor
Lad Urvashi

### STUDENTS GRIEVANCE AND REDRESSAL

:: **President** ::
Pravin Master
:: **Member** ::
Dr. Parul Tandel
Dr. I. K. Ansari
Ms. Kavitaben Rathava
:: **Student Representative** ::
Variya Dhruv
Parmar Anjali

### INTERNAL COMPLAINTS COMMITTEE

:: **President** ::
Pravin Master
:: **Presiding Officer** ::
Pravin Master
:: **Member** ::
Dr. Parul Tandel
Dr. I. K. Ansari
Ms. Kavitaben Rathava
:: **Student Representative** ::
Patel Mustkim & Patel Sonal

### SC, ST CELL

:: **President** ::
Pravin Master
:: **Officer** ::
Dr. Parul Tandel
:: **Member** ::
Ms. Kavita Rathava
Mr. Ashwin Vasava
:: **Student Representative** ::
Vasava Mamta
Solanki Homika

### OBC CELL

:: **President** ::
Pravin Master
:: **Officer** ::
Dr. Parul Tandel
:: **Member** ::
Dr. Dharmi Patel
Dr. Chirag Swami
:: **Student Representative** ::
Tandel Riya
Patel Shailesh

# જીના ઈસિકા નામ હૈ...

**ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર**
કાર્યકારી આચાર્ય

ડેલોર્સ રિપોર્ટ, યુનેસ્કો ૨૦૦૧ 'શિક્ષણ ભીતરનો ખજાનો'માં વિશ્વગ્રામના સંદર્ભમાં વૈશ્વિક સહકારનું વિસ્તરણ અને શિક્ષણ, શિક્ષણ/કેળવણીના ચાર આધાર સ્તંભોમાં - સમૂહ જીવન માટેનું શિક્ષણ, અન્ય માટે જીવવા માટેનું શિક્ષણ, હોવા માટેના શિક્ષણની રજૂઆત થયેલી છે. શિક્ષણ આપતી તાલીમી સંસ્થાઓમાં, શાળાઓમાં, કૉલેજોમાં કેળવણીના હેતુઓની ચર્ચા દરમિયાન અને અનેક વિવિધ પ્રસંગે 'માનવ સેવા એજ ઇશ્વર સેવા' એવી વાતો કરવામાં આવે છે. કેટલીક વ્યકિતઓ અને કેટલીક સંસ્થાઓ અવશ્ય પોત પોતાની રીતે યથોચિત યોગદાન આપતાં પણ હશે.

પણ કેટલીયે નાની-મોટી નામી-અનામી શિક્ષણ સંસ્થાઓમાં આ બાબતે શું થતું હશે? વ્યાખ્યાનો અને રેકર્ડમાં રજૂ કરવા માટે ફોટા અને વિગતો મૂકાતા હશે. પણ જેને વાસ્તવિક, સાચું કામ કહી શકાય, સેવાકાર્ય કહી શકાય, સમાજસેવા કહી શકાય તેવું કામ કેટલી સંસ્થાઓમાં અને કેટલી વ્યકિતઓ દ્વારા થતું હશે તે વિચારવા યોગ્ય મુદ્દો.

અહિં, આગળ અન્યત્ર સંદર્ભમાં ટાંકેલા નામો, વ્યકિતઓ પાસે શિક્ષણ હશે કે કેમ? તેઓ આ અને આવા બધા રિપોર્ટસથી પરિચિત હશે કે કેમ? પ્રશ્ન જ છે અને લગભગ તેનો જવાબ 'ના' છે. પણ એટલું તો ચોક્કસ કે આવી બધી બાબતો, વિગતોના જાણકારો, બોલનારા કે લખનારા જે કામ કરતાં નથી (હું પણ ખરો જ) અથવા કરી શકતા નથી તે કામ અભણ, અછતમાં જીવનારા લોકો, ના બોલનારા, ના લખનારા લોકો કરે છે. શિક્ષણ ક્ષેત્રથી દૂર અને અલિપ્ત લોકો, સંસ્થાઓ આવા કામ કરતી હોય છે.

વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલા વખતે, મોરબી મચ્છુ હોનારત વખતે, સુરત પ્લેગના સમયે, સુરતના પૂર સમયે, કચ્છના ભૂકંપ સમયે, કોરોનાના કપરા કાળમાં વગેરે અનેક માનવસર્જિત કે કુદરતી આફતના સમયે કોઈપણ જાતની અપેક્ષા સિવાય સેવા માટે ધસી જનારા આરોગ્ય કર્મીઓ, સ્મશાન-કબ્રસ્તાન કર્મીઓ, જુદી-જુદી સેવા સંસ્થાઓના સેવા કર્મીઓ દ્વારા થયેલ સેવાપ્રદાન એ હરિવરે લંબાવેલો હાથ જ છે. જયાં ઇશ્વર કે અલ્લાહ પહોંચી શકતા નથી ત્યાં તેની અવેજીમાં કોઇને કોઇ સ્વરૂપે નાત-જાત, ધર્મ, દેશ, ભાષા વગેરે તમામ ભેદો ભેદીને જરૂરી મદદ પહોંચી જ જતી હોય છે. આવા ફરિશ્તાઓની વાત, વાતો...

- જીવન અંજલિ થાજો મારું જીવન અંજલિ થાજો... - કરશનદાસ માણેક
- વૈષ્ણવજન તો એને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે... - નરસિંહ મહેતા
- હરિના લોચનીયા... - કરસનદાસ માણેક
- લાવો તમારો હાથ, મેળવીએ (કહું છું હાથ લંબાવી)... - નિરંજન ભગત
- મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી

ભાવના નિત્ય રહે... ચિત્રભાનુ

હરિવરનો હાથ પ્રેમ સ્વરૂપ, આનંદ સ્વરૂપ, શાંતિ સ્વરૂપ, પ્રકાશ સ્વરૂપ, સત્ય સ્વરૂપ, શુભ સ્વરૂપ, સમજણ સ્વરૂપ, દર્દ નાશક, દુઃખ નાશક, દયાળુ, અન્ન સ્વરૂપ, ક્ષમા આપનાર છે. આપણને સૌને આ હરિવરના હાથનો સ્નેહલ, હુંફાળો સ્પર્શ થયો જ હશે.

વિનોબા ભાવે, રવિશંકર મહારાજ, ઠક્કરબાપા, સ્વામી સચ્ચિદાનંદ, સ્વામિ આનંદ વગેરે અનેક અને અનેક શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, દવાખાના, અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, અન્નક્ષેત્રો હરિવરનો હાથ બની સદકાર્ય, સેવાયજ્ઞો નિરંતર કર્યા જ કરે છે. અહીં આપેલા વ્યકિત કે સંસ્થાના નામો માત્ર દાખલારૂપ છે અનેક વ્યકિતના અને સંસ્થાઓના નામો અહીં ઉમેરી શકાય.

કિસિકી મુસ્કુરાહટોં પે હો નિસાર, કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર,
કિસિકે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર જીના ઈસિકા નામ હૈ...
અપને લિયે જીયે તો કયા જીએ, તું જી એય દિલ જમાને કે લિયે...

વસ્તરના વણનારા, ખેતરના ખેડનારા, ખાણના ખોદનારા, હોડીના હાંકનારા, મારગના બાંધનારા... એમ બધાને ગીતોના ગાનારા કરનાર... એમનામાં ધ્વનિ મૂકનાર એ હરિ અને એ હરિનો હાથ.

વિજ્ઞાનની શોધો, એન્જિનિયરિંગની કમાલ, IT ની જાદુગરી, મેડિસન ક્ષેત્ર, કૃષિ ક્ષેત્ર, હોસ્પિટલ કર્મી, સફાઇ કર્મી, પોલીસ કર્મી, લેખકો, કથાકારો, ધર્મ પુરૂષો કેટલી કેટલી વ્યકિતઓના કેટ કેટલાં હાથ હરિનો હાથ બની આ દુનિયાને અને આ જીવનને છે એના કરતાં વધુ સુંદર બનાવે છે. તો વળી, રવીન્દ્રનાથ ટાગોર, કાલિદાસ જેવા કવિગુરૂઓ કુદરતની મહેર, પુષ્પો, વૃક્ષો, વન વેલીઓ, નદી, પરોઢ, બપોર, તારે મઢયું આકાશ... માં હરિવરના હાથને અનુભવે.

જ્યારે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો થયો અને હજારો લોકો ઘાયલ થયા, મૃત્યુ પામ્યા ત્યારે હરિ કયાં હશે?

Tess Haranda લખે છે કે ૧૧-૦૯-૨૦૦૧ના રોજ જયારે વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને પેન્ટાગોન પર હુમલો થયો ત્યારે ભગવાન શું કરતા હતા?

ચાર વિમાનોમાં ૧૦૦૦ની જગ્યાએ માત્ર ૨૬૬ જ મુસાફરી કરી શકે તેવું આયોજન અને ૨૬૬ મુસાફરો અને તેઓનાં સ્નેહીઓને ધીરજ, સાંત્વના આપતાં હતાં.

બંને ટાવર્સમાં જ્યાં રોજ લગભગ ૫૦૦૦૦ માણસો હોય છે ત્યાં ૫૦૦૦૦ની જગ્યાએ ૨૦૦૦૦ માણસો જ હતાં. એમેરિકામાં એટલા બધા માણસો ગેરહાજર હોય, મોડા પડયા હોય, અશકય. પણ જાણવા મળ્યા પ્રમાણે આ બધાં ટ્રાફિકમાં અટવાઇ પડયાં હતાં. હરિવરના હાથે તેઓ સૌને રોકી રાખ્યા, ટ્રાફિકમાં અટવાવી દીધાં. એ અદ્રશ્ય હાથ કોને કેવી રીતે પોતાના મધ્યસ્થી બનાવે તે આપણી સમજની બહાર છે.

- સિત્તેરમા માળ પરથી એક અપંગ સ્ત્રીને વ્હીલચેરમાં ઉપાડી સલામત નીચે ઉતારનાર કોણ?

- ઇજાગ્રસ્તોને લોહી આપવા લાઇનમાં ઊભા રહેનાર કોણ?

- પોતાની મોટરકારમાં, વાહનમાં સેવા આપવા તૈયાર માણસો કોણ?

- કાટમાળમાંથી ઘવાયેલા, મૃત્યુ પામેલા, દટાયેલા અનેકોને બહાર કાઢનાર કર્મીઓના રૂપે હરિવરનો હાથ શું જોઇ ન શકાય?

- કદાચ હરિ એ સમયે એ ગોઝારું કૃત્ય કરનારના હૃદયમાં નહોતા બાકી બધે જ એનો સ્પર્શ વિવિધ રૂપે અનુભવાયો હતો.

સ્પર્શ હરિવરના હાથનો થતો જ રહે છે અને એટલે જ પ્રેમ, ધીરજ, ડાહ્યાપણ, સમજણ, શ્રદ્ધા, માનવતા, હિંમત, સંગીત, કલા, શાંતિ, આનંદ, પુરૂષાર્થ, સફળતા, મુકિત, પ્રાર્થના, દયા, કરૂણા, કેટકેટલું આપણે અનુભવીએ છીએ.

નિવૃત્ત કોલેજ આચાર્ય, ગોપાલ શર્મા અને કેન્સર હોસ્પિટલના કર્મચારી નરેન્દ્ર ગાંધીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં દેશભકિત, સ્વચ્છતા, વ્યસનમુકિત, ટ્રાફિક નિયમો ને લગતા પાઠ ૪૨ શાળાઓમાં ૬ થી ૮ વર્ષના ૧૪ હાજર જેટલા વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. (તા. ૦૭-૦૮-૨૦૨૨, વડોદરા દિવ્ય ભાસ્કર)

શ્રી શંખેશ્વર પાર્શ્વ મહિલા મંડળ - વડોદરા, સાત આઠ વર્ષથી કુદરતી હોનારત, કોરોના આફત જેવી મહામારીમાં ગરીબો અને જરૂરિયાતમંદોને ભોજન પૂરું પાડવાની લોકસેવા કરે છે.

સુરજીત લોધી (ગંજ બસોદા, વિદિશા, મધ્યપ્રદેશ), ચંપા કુમારી (ઝારખંડ), નીરજ મુર્મ (ઝારખંડ) નામના બાળમજૂરોએ પોતાના ગામોને નશા મુકત કરવા અને બાળકોને સારું શિક્ષણ અપાવવા પ્રયત્નો કર્યા અને કૈલાશ સત્યાર્થી ચિલ્ડ્રન ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ મેળવ્યા.

ડાયાબિટિસથી પીડાતા લોકો માટે દર્દ નિવારક શૂઝનું સંશોધન કરનાર અને બનાવનાર વિધાન ભૈયા, કેમીકલ એન્જિનિયર, ચેન્નઇ (WHO પ્રમાણે ભારતમાં ૨૦ થી ૭૦ વર્ષના સાત કરોડ સિત્તેર લાખ લોકો ડાયાબિટીસથી પીડાય છે.

હેમંતીસેન, જુનૂન ફાઉન્ડેશન (મુંબઇ) ૨૦૧૮થી ગરીબ, ઝુંપડ પટ્ટીમાં રહેતા, ભીખ માંગતા બાળકો માટે મફત અંગ્રેજી - હિન્દીનું શિક્ષણ આપે છે, વર્કશોપ કરે છે, યુનિફોર્મ, પુસ્તકો, નાસ્તા વગેરે મદદ કરે છે. પિકનિક પણ લઇ જાય છે.

કંચન શર્મા (જમ્મુની મહિલા શિક્ષિકા) ૩૯ વર્ષની શિક્ષિકાની નોકરી બાદ જમ્મુ રેલ્વે સ્ટેશન પાસે આવેલ મરાઠા બસ્તી પાસે ગરીબ, વંચિત, અભ્યાસ છોડી દેનાર વિદ્યાર્થીઓ માટે અસ્થાયી સ્કૂલ શરૂ કરી શિક્ષણ સેવાયજ્ઞની શરૂઆત કરી.

જૂનાગઢના ૭૦ વર્ષના 'ઓન્લી ઇન્ડિયન' નામથી પ્રખ્યાત દાદા છેલ્લા દસ વર્ષથી શિવાલયોમાં ચઢવાયેલું દૂધ બગાડે નહીં તે રીતે એકત્ર કરીને ગરીબો અને બાળકોને આપે છે. (દીવ્ય ભાસ્કર, ૧૧-૦૮-૨૨)

વોરેન બફેટ, હેન્રી વેલકમ, જ્યોર્જ સોરોસ, એડ્સેલ ફોર્ડ, માઇકલ બ્લૂમ બર્ગ, અઝીમ પ્રેમજી, હાર્વર્ડ હ્યુજીસ, બિલ ગેટ્સ, ચક ફિની, જ્યોર્જ કૈસર, એલી બ્રોડ, ટેડ ટર્નર, જેફ બેઝોસ, કાર્લોસ સ્લિમ, હેન્સ વિલ્સડોરફ, ગોર્ડન મૂર, લી કા સિંગ, પૌલ એલેન, ફીલ નાઇટ, કેનેથ ગીફિન, ચાર્લ્સ કોચ, જમશેદજી ટાટા, રટણ ટાટા, બિલ એન્ડ મિલિંડા ફાઉન્ડેશન, જોન રોકફેલર, માઇકલ ડેલ... યાદી ઘણી જ મોટી છે. આ તો માત્ર થોડાં જ નામો ગણાવ્યાં. વિશ્વની ગરીબી, ભૂખમરો, આરોગ્ય વગેરે સમસ્યા નિવારણ માટે આવી વ્યકિતઓનું ધન હરિવરનો હાથ બન્યું છે.

સોનૂ સૂદ, અક્ષયકુમાર, જેવા કલાકારો, ધોની, સચિન જેવા ખેલાડીઓ, લોક કલાકારો, સંતો, મંદિરો, મસ્જિદો અને ગુજરાત અને ભારતને ખૂણે ખાંચરેથી અનેક જાણીતી-અજાણી વ્યકિતઓએ કોરોના પીડિતોને અને તે સમયે કોરોના ને કારણે ઊભી થયેલી કારમી પરિસ્થિતિમાં લોકોને ભોજન, દવા, રહેઠાણ વ્યવસ્થા, રોકડ વગેરે અનેક રીતે સહાય કરી કપરી સ્થિતિને હળવી કરવા હરિવરનો હાથ બની પ્રયત્નો કર્યા છે.

(આઇ. કે. વીજળીવાળાનું પુસ્તક 'મોતિચારો', મહેન્દ્ર મેઘાણીનું 'અરધી સદીની વાચન યાત્રા' ગુજરાત સમાચારની રવિવારીય પૂર્તિની પ્રિતિ શાહની કોલમ 'આજકાલ' નવનીત સમર્પણ, વિવિધ સામયિકો, વર્તમાનપત્રો અને ગૂગલ સર્ચની મદદ દ્વારા આ લખાણ તૈયાર થયું છે. સૌનો આભાર)

## અદિઠો સંગાથ

- મકરંદ વજેશંકર દવે

પગલું માંડું હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ.
અજંપાની સદા સૂની શેરીએ
ગાતો આવે અદીઠો સંગાથ.
જાગીને જોઉં તો કોઇ નથી એકલું.
ભયની કાયાને ભુજા નથી,
નથી વળી સંશયને પાંખ,
ભરોસે ચાલ્યા જે અનભે રંગમાં,
ફૂટી એને રૂંવે રૂંવે આંખ.
જાગીને જોઉં તો કોઇ નથી એકલું.
ઊંઘતાને માથે ઓળો મોતનો,
ઊંઘતાને પાયે જગની જેલ,
આઘાતે ભાંગે છે કોઇ અહીં ભોગળો,
અને આંસુડે વાવે છે અમરવેલ.
જાગીને જોઉં તો કોઇ નથી એકલું.

लोग सबसे ज्यादा उसे याद रखते है जिसने मुश्किल समय में उनकी मदद की ।

# હરિવરનો હાથ

**ડૉ. પારૂલબેન બી. ટંડેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર

**'ના ધારેલું અનાયાસે ઘટે' અને 'ધારેલું કદી એ ન ઘટે'**

આ બે વખતે ઇશ્વરની અકળ લીલા ચાલી રહી છે એવું આપણે માનવું પડે. જિંદગીના ચઢાવ ઉતારમાં ઘણી ઘટનાઓ ઘટે છે. તેમાંથી કેટલીક આપણી ગમતી હોય અને કેટલીક સાવ ન સમજાય તેવી અને અવળચંડી પણ હોય. અને આ ઘટનાઓના સાક્ષી બન્યા પછી આપણી સમજણની ક્ષિતિજો વિસ્તરતી જતી હોય છે. સાથે-સાથે ભગવાન પ્રત્યે આપણી શ્રદ્ધા કે અંધશ્રદ્ધા કે અશ્રદ્ધા પણ આપોઆપ વિકસતી જાય કે ભગવાન છે ખરો. અને કયારેક એવું લાગે છે ભગવાન આપણી ભીતરે છે, આપણી આસપાસ છે, આપણી સાથે છે.

ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર ન કરીએ એવું તો ચાલવાનું જ નથી. આ પ્રકૃતિના દરેક તત્વમાં ઇશ્વર કયાંકને કયાંક તો છે જ. આપણી આજુબાજુ વેરાયેલું કુદરતમાં ઇશ્વરીય અંશ છે.

**'બીજમાં વૃક્ષ તું, વૃક્ષમાં બીજ તું'**

કુદરતને ધ્યાનથી નિહાળો તો ખ્યાલ આવશે કે આ સમગ્ર સૃષ્ટિમાં રહેલા વિવિધ વૃક્ષો, તેના પાન, ફૂલો, ફળો, તેની રચના... બધા એક બીજ થકી સંભવે છે. જો આ બીજ ના હોત તો વૃક્ષોનું અસ્તિત્વ હોત ખરું? ફૂલોમાં અવનવા રંગો, મધુરી મહેંક અને ખુબસુરતી કોણ મૂકતું હશે? પેલું ગીત તો તમે સાંભળ્યું જ હશે ને...

**'હરી ભરી વસુંધરા પે નીલા નીલા યે ગગન, કે જિસ કે બાદલો કી પાલખી ઉડા રહા પવન,**
**દિશાએ દેખો રંગભરી, ચમક રહી ઉમંગભરી, યે કિસને ફૂલ ફૂલ પે કિયા શૃંગાર હૈ,**
**યે કૌન ચિત્રકાર હૈ, યે કૌન ચિત્રકાર હૈ...'**

સમગ્ર બ્રહ્માંડની રચના, તારાઓ, ગ્રહો, ઉપગ્રહો, નક્ષત્રો, આકાશગંગા, દરિયાઇ જીવ સૃષ્ટિ, જમીન પરની પ્રાણી સૃષ્ટિ, આકાશમાં ઉડતા પંખીઓ અને આ બધામાં પણ વામન અને વિરાટ સ્વરૂપ ! જેનો વિચાર પણ કરવો મનુષ્યો માટે કલ્પનાની બહારની વાત છે. આકાશને આંબતા વૃક્ષો, ફળ અને ફૂલોથી લચી પડતી લતાઓ, ચો તરફ વેરાયેલી વનરાજી હોઇ કે પછી અફાટ રણ વિસ્તાર, અમાપ જળરાશી ધરાવતા દરિયાઓ કે ઝરમર વહેતા ઝરણાઓ, ઉંડા વીરડાઓ કે છીછરા કિનારાઓ, કાંટાળી ઝાડીઓ, ઘનઘોર જંગલો, તળેટી કે પહાડો, બરફાચ્છાદિત પ્રદેશો કે ખીણ પ્રદેશ, નિયમિત બદલાતી ઋતુઓ, દિવસ-રાતનું ચક્ર, મુશળધાર વરસતો વરસાદ તો કયારેક કોરુધાકોર આકાશ, તારા મઢેલું આકાશ, ચોક્કસ તિથિઓ અને સાથે ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ, નિયમિત થતો સૂર્યોદય અને સૂર્યાસ્ત, પશુ-પંખીનો જીવન વિકાસ... કેટકેટલું ગણાવું? કોણ છે આ બધાનો રચયિતા? કોણ છે આ બધાનો સૂત્રધાર? કોણ છે આ બધાનો નિર્માતા?

જવાબ છે માત્ર હરિવર.

કોઇનો પ્રભુ, ઇશ્વર, નાથ, તો કોઇનો ખુદા કે ભગવાન.

**'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, જુજવે રૂપે અનંત ભાસે !'**

આ ઉપરાંત આપણ પ્રેમાળ સ્વજનો અને જીવનના રંગમંચ ઉપર આપણા માટે નિર્માણ કરાયેલું પાત્ર અને તેની ભૂમિકાઓ અને એનાથી ઉભી થતી જીવન વ્યવસ્થામાં પણ કયાંકને કયાંક ઇશ્વરનો વાસ તો છે જ. એની ઇચ્છાથી જ આપણે કેટલાક કામો કરીએ છીએ. કેટલાક ન ગમતા કામો પણ કરીએ છીએ અને આપણે બોલીએ પણ છીએ ને કે,

**'વિધાતાએ જે નક્કી કર્યું હશે તે થઇને રહેશે'**

દિવસ અને રાત આપણે આપણી આ ભૂમિકાને ભજવવા માટે, ન્યાય આપવા માટે પ્રયત્નો કરતા રહીએ છીએ બુદ્ધિશાળી લોકો વિજ્ઞાનને પડકારતા રહે છે. અંધશ્રદ્ધાઓને પડકારતા રહે છે. પરંપરાઓને તોડતા રહે છે. કંઇકને કંઇક નવું આપણી સમક્ષ લાવતા રહે છે. પરંતુ એ પણ છેલ્લે તો કોઇક એક અલૌકિક શકિત આપણી વચ્ચે છે અને તે આપણને તેના ઇશારે કંઇક કામ કરવા માટે પ્રેરે છે એવું સ્વીકારી ચૂકયા છે. ધાર્મિક બાબતો હોય કે આધ્યાત્મિક બાબતો હોય કયાંકને કયાંક ઇશ્વર આપણી સમક્ષ જુદા-જુદા સ્વરૂપે રહેલો છે એવું આપણે સ્વીકારવું પડે છે.

અંનતકાળથી ચાલી આવતી આ સૃષ્ટિમાં ઇશ્વરના માનવજાત પ્રત્યેના પ્રેમની હારોહાર જો કોઇને મૂકી શકાય એવો પ્રેમ હોય તો એ માનો પ્રેમ છે. જે પોતાના બાળકને અઢળક પ્રેમ કરે છે. માનો અર્થ શબ્દકોશમાં જોવાને બદલે જીવનકોષમાં જુઓ તો ખબર પડે. મા કોઇપણ ધર્મની હોય, એની આર્થિક સ્થિતિ કોઇપણ હોય કે પછી કોઇપણ સમાજની હોય, રૂપાળી હોઇ કે કદરૂપી હોઇ, શિક્ષિત હોઇ કે અશિક્ષિત... મા તો મા જ છે. એટલે એને ધરતી પર ઇશ્વરનું સ્વરૂપ માનવામાં આવે છે. માના ગર્ભમાં રહેલા અંધકારથી માંડીને મૃત્યુ પછીના અંધકાર સુધી બાળક અને મા વચ્ચેની ગાંઠ આસાનીથી છૂટતી નથી. બાળકનો જન્મ થાય અને નાળ વિચ્છેદન કરવામાં આવે, મારા ખ્યાલ મુજબ એ માત્ર શારીરિક ઘટના છે. મા અને બાળક વચ્ચે લાગણીની નાળ તો કયારેય છેદાઇ શકતી નથી. શું આ ઇશ્વરનો અંશ નથી? ઇશ્વરને શોધવા જવાની કયાં જરૂર છે? એક બાળકને મન એની માતાનો હાથ એ જ એના હરિવરનો હાથ છે. જે બાળકને દરેક પરિસ્થિતિમાં બચાવે છે, પડકારોને ઝીલતા શીખવે છે અને બાળક મુન્ઝાયને અટકે ત્યારે આશાનું નવું કિરણ બતાવી ઘ્યેય પ્રતિ દોડતા પણ શીખવે છે. બાળકને સંપૂર્ણ રીતે થામી લે છે, બેઠું કરે છે.

આપણી આસપાસ જે કંઇ બને છે અથવા તો જે કંઇ છે તે આકસ્માત ચાલતું નથી. કેટલાક લોકો ક્રિયા કાંડોમાં કે વિધિ વિધાનોમાં માનતા નથી હોતા. પરંતુ અલૌકિક ચાલક બળની અનુભૂતિ જરૂર કરતા હોય છે. આપણને કયારેક નિરાશા ઘેરી વડે અને આગળ જવાનો કોઇ રસ્તો સૂઝતો ન હોય એવા સંજોગોમાં અચાનક જ કોઇ વ્યકિત, કોઇ ઘટના કે કોઇકના

વિચારો આપણા માટે હરિવરનો હાથ બનીને આવતા હોય છે. મૂંઝાયેલા મનને કોઇક એવો રસ્તો બતાવી જાય છે કે જે રસ્તા વિશે આપણે વિચાર્યું જ ના હોય. અને રસ્તા ઉપર જયારે આપણે ડગ માંડીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે આ રસ્તો બતાવનાર ખરેખર આપણા ઉપર કોઇક અહેસાન જતાવી ગયો છે. આપણા પર રહેમ કરી ગયો છે.

મારું જીવન સંઘર્ષોથી ભરેલું રહ્યું છે. અભ્યાસ હોઇ કે વ્યવસાયિક કારકિર્દી, કોઇ બાબત મને સહેલાઇથી મળી નથી. એક સમસ્યા કે પડકાર ઓછા થયા નથી કે બીજી સમસ્યા કે પડકાર તક ઝડપી જ લે. છેલ્લે કઇ નહિ તો સ્વાસ્થ્ય બગડે, એય સારું રહ્યું તો સામાજિક સંબંધો સાચવવાની જવાબદારી આવી પડે. કોઇક મારી ભૂલો શોધ્યા કરે, કોઇક મને ષડયંત્રમાં ફસાવવા કરે, કોઇક મને નીચું જોવડાવવાનો પ્રયત્ન કરે, કોઇ મને જુઠ્ઠી ચીતરે, કોઇ મારા કામનો છેલ્લી ઘડીએ યશ લઇ જાય. કોઇ મારામાં વિશ્વાસ ના મૂકે કે મારા કામની ગુણવત્તા નીચી આંકે ત્યારે ભયંકર રીતે છેતરાયાની વેદના ઉપડે છે. કયારેક એક પત્ની તરીકે, એક માતા તરીકે, એક વહુ તરીકે, એક મિત્ર તરીકે કે એક વ્યકિત તરીકે પાછી પડું ત્યારે મન નિરાશા અનુભવે છે. મન પર હતાશા છવાય જાય છે. છતાં આ બધામાં મને કોઇકને કોઇક સાચવવા વાળું મળી જ રહે છે. કહેવાય છે ને,

**'એવું નથી કે ચારે તરફ માત્ર શોક છે,**
**નીચે ઝૂકીને થામી લે એવા પણ લોક છે.'**

હા, આ બધી જ નિરાશાઓ વચ્ચે મારા બાળકનું નિર્મળ હાસ્ય અને આલિંગન મને અપાર શાતા આપે છે. એની નાદાન વાતોમાં, તોફાનોમા કયારેક મારી સમસ્યાઓનો મને હલ મળી જાય છે. મારે મન એજ મારો હરીવરનો હાથ છે. મારા જીવનસાથીનો ઉષ્માપૂર્ણ સહકાર અને કોઇપણ પરિસ્થિતિમાં મને એ સાચવશે જ અને મારી પડખે ઉભા રહેશે એવી શ્રદ્ધા મારામાં નવું બળ પૂરું પાડે છે. મારા પરિવારજનોનો સહકાર એ પણ ઇશ્વર હોવાની ખાતરી નથી? હું માનું છું કે પરિવારનો સાથ મળવો એમાં પણ ઇશ્વરીય સંકેત જ હોય છે. મારા ખ્યાલથી મુસિબતો કે સમસ્યાઓ જયારે મારા પર નવા-નવા સ્વરૂપે આવે છે. એનો અર્થ એ કે, મારો ઇશ્વર મને હજુ આવનારા કપરા સમય માટે તૈયાર કરી રહ્યો છે. મજબૂત કરી રહ્યો છે. મારો ઇશ્વર, મારો હરિવર મને મારા કરતાં વધુ સારી રીતે ઓળખે છે અને આ જ સમય છે કે આપણે આપણી ક્ષમતા, શકિત અને સાથે રહેનારાઓની સહાયને, વ્યવહારને ઓળખી શકીએ.

જયારે પણ હું મુસીબતમાં મુકાવ કે સમસ્યા મને પીડે ત્યારે અચાનક જ મારા મિત્રોનો ફોન આવવો અને એમની સાથેની વાતચીતથી મને રાહત મળવી એ પણ મારા માટે ઇશ્વર કૃપા જ છેને ! મોટેભાગે પ્રાર્થનામાં આપણે કંઇકને કંઇક માંગતા હોયએ છીએ. પરંતુ જયારે હરિવર ખુદ આપણી સાથે હોય ત્યારે બીજું શું માંગવું? કોઇકે કહ્યું છે ને, 'આ જિંદગી માત્ર ઇશ્વરની દેન છે.' તો એના પ્રત્યે આભારની લાગણી જ આપણા હૃદયમાં ઉભરવી જોઇએ. ઇશ્વરે આપણને આ દુનિયામાં બીજાને આપ્યું છે એના કરતાં ઘણું બધું વધારે અને આપણી યોગ્યતા કરતા

વધારે આપ્યું હોય છે. બસ પ્રાર્થનામાં જ્યારે આપણે આ ભાવને લાવીએ છીએ ત્યારે ઇશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા ઘણી બધી વધી જતી હોય છે અને પ્રાર્થના દરમિયાન આપણી આસપાસ એક અદ્‌ભૂત પવિત્ર ચેતનાનો સંચાર થતો હોય છે. હરિવર, ઇશ્વર, અલ્લાહ, પ્રભુ... જે કહીએ એ મારી સાથે છે એવું જ્યારે અનુભવાય છે ને ત્યારે આપણામાં એક હકારાત્મકતા પ્રગટે છે. એક આશાવાદ જન્મે છે જે આપણને અંધકારમાંથી પ્રકાશમય જગત તરફ લઇ જાય છે. એની સાથે જ સંવાદિતા, પ્રેમ અને શ્રદ્ધા આપણને ચૈતન્ય અર્પે છે. કોઇપણ વિશે મારા પણાનો, મારા હોવાપણાનો અને સંવાદિતતાનો અહેસાસ એ જ કદાચ ઇશ્વરનો અહેસાસ હોઇ શકે. જ્યાં સુધી આપણા પુણ્ય પ્રકાશતા હોય છે ત્યાં સુધી હરિવર આપણને મદદ કરતો રહે છે. અદ્રશ્ય રહીને કોઇને ને કોઇને નિમિત બનાવીને આપણી સામે મોકલતો રહે છે. આપણે ઓળખી નથી શકતા એટલું જ પરંતુ આપણા સત્કર્મોની નોંધ આપણા કરતાં વધારે ઇશ્વર લે છે. અને એટલે જ આપણને જ્યારે-જ્યારે મૂંઝવણ થાય, હતાશા કે નિરાશા ઉદ્‌ભવે મુશ્કેલીઓથી જ્યારે ઘેરાઇ જઇએ ત્યારે-ત્યારે ડૂબતાને તણખલું એ નાતે તે મદદ માટે ઉભો હોય છે.

હરિવરનો હાથ એ એક અકળ તત્વ છે. તેની અનુભૂતિ આપણી આસપાસ વસતા લોકો માટે, સ્વજનો માટે, ગરીબો માટે, આપણા કરતાં ઓછી સગવડ મેળવતા લોકો માટે, નાના ભૂલકાઓ માટે, જેને આ સમાજની કશી સમજ નથી એવા મંદ બુદ્ધિના બાળકો માટે, આ કુદરત માટે, કુદરતી પ્રાણીઓ-પંખીઓ માટે, સમગ્ર સૃષ્ટિ માટે જ્યારે જ્યારે આપણી સંવેદનાઓ ઝલકશે, આપણે તેમના માટે વિચારતા થઇશું, માણસાઇ દેખાડતા રહીશું ત્યારે-ત્યારે આપણામાં રહેલો મૂળભૂત શ્રદ્ધાનો પ્રતીક એટલે કે આપણો ઇશ્વર રાજીપો અનુભવશે અને આપણને ભીતરથી વધારે સમૃદ્ધ બનાવશે.

ઇશ્વરે આપણને ઘણું આપ્યું છે, ઇશ્વરની આ કૃપાદ્રષ્ટિનો, લાગણીનો, શ્રદ્ધાનો જે હાથ આપણા પર મૂકયો છે એ હાથ આપણે કોઇના માટે બનીએ તો આ જીવન સાર્થક બને. કોઇ ડૂબતાનો સહારો બનીએ, કોઇને થોડીક મદદ પહોંચાડીએ, કોઇનું જીવન થોડું બેહું કરીએ તો એ હરિવરનો હાથ છે. ઇશ્વરનું આ નાનકડું કામના આપણે નિમિત બનીએ અને આપણા વિકાસમાં નિમિત બનનારને યાદ રાખીએ.

આપણી ચો તરફ કેટલાયે લોકો એવા છે જેણે પોતાની સંપતિ, કેટલાકે પોતાનો સમય અને શકિત તદ્દન અજાણ્યા, ગરીબ અને તુચ્છ લગતા લોકોના જીવનને બેહું કરવામાં, શિક્ષણ આપવામાં, સારવાર કરવામાં, કાળજી લેવામાં ખર્ચી નાખી. આ મુઠ્ઠી ઊંચેરા માનવીઓ ખરેખર હરિવરનો હાથ બનીને, કોઇ જ જાતના પ્રચાર અને પ્રસિદ્ધિના અભરખા વિના મદદ પહોંચડતા રહે છે અને એટલે જ માનવીઓ 'રણમાં મીઠી વિરડીઓ' જેવા લાગે છે.

# મોકો કહાં ઢૂંઢે રે બંદે...

ડૉ. ઇન્તેખાબઆલમ કે. અનસારી
આસિસ્ટન્ટ પ્રોફેસર

નાનો હતો ત્યારે નવસારીની સડકો પર એક દ્રશ્ય વારંવાર જોયું હોવાનું હજી પણ સ્મરણમાં છે. એક માણસ સાદા કપડામાં રસ્તા ઉપર ઊભો રહીને ટ્રાફિક નિયમનનું કાર્ય કર્યા કરતો હતો. એક વખત મેં મારા પિતાજીને પૂછ્યું હતું કે 'આ તો પોલિસવાળો નથી, કારણ કે એ યુનિફોર્મમાં નથી તો પછી આ કામ એ શા માટે કરતો હશે?' ત્યારે મારા પપ્પાએ સમજાવેલું કે, 'બેટા, એ લોકોની મદદ કરવા માટે આ કામ કરી રહ્યો છે.' મેં, બીજો પ્રશ્ન પૂછ્યો હોવાનું બરાબર યાદ છે કે, 'આ કામના બદલામાં એને શું મળતું હશે?' ત્યારે પપ્પાએ ફિલોસોફિકલ જવાબ આપેલો કે, 'આ કામના બદલામાં એને જે મળતું હશે એનો કોઇને પણ અંદાજ આવી શકે એમ નથી !' સાથે જ પપ્પાએ મને આપણે પણ હંમેશાં બીજાઓને આપણાથી થાય એટલી શકય મદદ કરવી જોઇએ એવો બોધ આપેલો. નાનપણમાં જ સાંભળેલી પપ્પાની આ વાત અને પેલા ટ્રાફિક નિયમનકર્તાનો કિસ્સો હૃદયમાં એટલે ઊંડે સુધી ઉતરી ગયેલો કે એ મારી જીવનશૈલી જ બની ગઇ... Not Me, But You... એ સૂત્ર તો હું તરૂણાવસ્થામાં પહોંચ્યો અને એન.એસ.એસ.ની પ્રવૃત્તિમાં જોડાયો ત્યારે જાણ્યું !

ઇ.સ. ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન વ્યાવસાયિક હેતુસર બસમાં મુસાફરી કરતાં વારંવાર આંખ સામે આવેલું એ દ્રશ્ય પણ હજી મનમાં તાદ્દશ્ય છે. બસમાં જમણી તરફ બારી પાસે બેઠો હોઉંને બસ રસ્તા પર જ જમણી તરફ આવેલી એક શાળાના ગેટ પાસે આવીને ઊભી રહે ત્યારે ડાબી બાજુએ બસમાંથી ઉતરીને વિદ્યાર્થીઓ એ જ ઊભેલી બસની આગળ જઈ રસ્તો ક્રોસ કરતા ત્યારે સામેથી આવતા વાહનો દ્વારા એમને અકસ્માત ન થાય એ માટે એક માણસ રોજ ત્યાં ઊભો રહેતો. એ માણસ વિશે વધુ માહિતી મેળવતા જાણવા મળેલું કે શાળા શરૂ થઇ જતી પછી એની એ સ્વૈચ્છિક ડયૂટી પૂરી જઇ જતી !

ભારતમાં એવી બે-ચાર વ્યકિતઓ (જેમનું નામ પણ ખબર નથી !) હોવા વિશે લગભગ બધાએ સાંભળ્યું હશે કે તેઓ બિનવારસ મૃતકોની અંતિમ ક્રિયાનું કામ સ્વૈચ્છિક ધોરણે કરી રહ્યા છે. રેલવે સ્ટેશન, બસ સ્ટેશન કે પછી જાહેર માર્ગો પર મૃત્યુ પામતા લોકોની બિનવારસી લાશોને કોઇપણ જાતના નાતજાતના ભેદ વગર બાઇજ્જત અવ્વલ મુકામ સુધી પહોંચાડવાના કાર્યને તેઓ ધર્મ માની બેઠા છે...

સુરત શહેરમાં એક એવું દંપતી રહેતું હોવાનું બહુ પહેલા સાંભળ્યું અને વાંચ્યું પણ હતું કે તેઓ દ્વારા સુરત શહેરની કોર્પોરેશન દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી ગરીબ દિકરીઓને સેનેટરી નેપકીન્સ વિતરણ કરવાનું કાર્ય થતું હતું અને તે પણ ફ્રી ઓફ કોસ્ટ. વધુમાં, તેઓ આ તબક્કામાંથી પસાર થતી દિકરીઓમાં જાગૃતિ લાવવાનું અને એમને સાચી

સમજ આપવાનું પણ કાર્ય કરતા હતા, એ વધારામાં...

સુરતના એક સજ્જનશ્રી સિઝરભાઇ દોઢિયાએ જાણીતા શિક્ષણશાસ્ત્રી સ્વ. ડૉ. શશિકાંતભાઇ શાહ સાહેબની એમના એક તેજસ્વી વિદ્યાર્થી માટેની રજૂઆતને સાંભળીને તરત જ એ વિદ્યાર્થીને પીએચ.ડી.નો અભ્યાસ કરવા માટે દર મહિને રૂપિયા બે હજાર લેખે બે વર્ષ માટે પર્સનલ સ્કોલરશીપ મંજૂર કરી હતી અને એડવાન્સમાં એક સાથે અડતાલીસ હજાર રૂપિયા શાહ સાહેબને આપી દીધા હતા ! એ લાભાર્થી હતો ડૉ. શશીકાંતભાઇ શાહ સાહેબનો સૌથી પ્રિય શિષ્ય ઇન્તેખાબ અનસારી.

ગુજરાતના જાણીતા વિચાર પુરૂષ પરમ આદરણીયશ્રી ડૉ. ગુણવંતભાઇ શાહ સાહેબે એક એવા શિક્ષક વિશેની વાત લખી હોવાનું સ્મરણમાં છે કે એ શિક્ષકે ગામના વિદ્યાર્થીઓ પર ખોટા સંસ્કાર ન પડે અને ગામમાં નાટક મંડળ કે એવું કોઇ મંડળ ન આવે એ માટે પોતાનો પૂરો એક મહિનાનો પગાર એ મંડળીને આપી દીધો હતો અને ગામમાં એ મંડળીને પ્રવેશવા દીધી નહોતી !

ગુજરાતી વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે સભાનતા આવે એ માટે ગાંઠના ગોપીચંદન કરીને શાળાઓમાં અંગ્રેજી પુસ્તકો પહોંચાડવાનું કાર્ય કરતા એક 'હરિવર'ને મારે બહુ વર્ષો પહેલાં મળવાનું થયું હતું. એવી જ રીતે વાપી, ઉદવાડા વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યેની સભાનતા કેળવાય એ હેતુથી અઠવાડિયામાં એક દિવસ એમને ફ્રીમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયા ન્યૂઝ પેપર આપવામાં આવતું હોવાનું લગભગ દસેક વર્ષો પહેલા સાક્ષી બનવાનું થયું હતું.

એક શહેરમાં એક રીક્ષાવાળાભાઇ પોતાનું પેટીયું રળવા માટે રીક્ષાના ફેરા મારતી વખતે શાળાએ આવતાં જતાં ગરીબ વિદ્યાર્થીઓને જોતા તો એમને એમની રીક્ષામાં બેસાડીને મફતમાં સ્કૂલ સુધી મૂકી દેવાનું પૂણ્ય કાર્ય કરતા હતા.

કેટલાક ડૉક્ટર્સ કોઇપણ પ્રકારની ફી લીધા વગર ગરીબો માટે યોજાતા ફ્રી મેડિકલ કેમ્પમાં સેવા આપતા હોવાનું ઘણાના ધ્યાન પર હશે જ. કેટલાક ડૉક્ટર્સ અમુક દિવસોએ કોઇપણ પ્રકારની ફી લીધા વગર કે પછી રાહત દરે લોકોની સેવા કરવાનું કાર્ય શાંતિપૂર્વક કરતા હોવાનું પણ છાનું રહ્યું નથી ! તો વળી, ગરીબ વિદ્યાર્થીઓની ફી જાતે ભરી દેતાં ઘણા શિક્ષકોને પણ આપ ઓળખતા હશો. આપ પણ કદાચ એમાંના એક હોઇ શકો છો. ઘણી વખત છાના માના આવી તક આ લખનારે પણ ઝડપી લીધી છે.

સુરત શહેરના કેટલાક સંવેદનશીલ લોકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લઇને મહિનાના અમુક નિશ્ચિત રવિવારે ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પહોંચી જઇને ગરીબ અને વંચિત લોકોને પહોંચાડતા હોવાનું ત્યારે ધ્યાન પર આવ્યું હતું કે જ્યારે એ ગૃપમાંના જ એક મહાનુભાવે મને પણ કોઇક વખત એમની સાથે જોડાવાનું આમંત્રણ આપ્યું હતું !

બારડોલીમાં ચાલતા એક ખૂબ જ જાણીતા એવા ટ્યૂશન કલાસિસ 'પરત્વ'ના સંચાલક અને મારા પ્રિય મિત્રશ્રી જયેશભાઇ મિસ્ત્રી સ્વરાજ આશ્રમ, બારડોલી ખાતે છાત્રાલયમાં રહીને

અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિની બહેનોને આશ્રમમાં જઇને ફ્રીમાં ગણિત-વિજ્ઞાન જેવાં વિષયોનું કોચિંગ આપવાનું કાર્ય વર્ષોથી કરે છે... આજે પણ કરી રહ્યા છે...

ઠંડીની સિઝનમાં રસ્તા પર સૂઇ રહેતા અને ઠંડીમાં ઠૂંઠવાતા ગરીબ લોકોને રાતના અંધકારમાં છાનામાના આવીને ગરમ ધાબળા ઓઢાડી જતા નવસારીના એક સામાજિક સંગઠનના યુવાનોને મેં સગી આંખે જોયા છે.

ગુજરાતના જાણીતા વિચારપુરૂષ પરમ આદરણીયશ્રી ડૉ. ગુણવંતભાઇ શાહસાહેબ એમને મળેલા પ્રવચન પુરસ્કારની રકમ બારોબાર વિવિધ સંસ્થાઓને દાન કરી દેતા હોવાની વાત સૌ સુજ્ઞ વાચકો સુધી પહોંચી જ હશે ! 'તખતી વગરના દાતા' એવા શાહ સાહેબની આ પ્રવૃત્તિને બિરદાવવાની આપણી પાત્રતા કેટલી? આ રીતે એમના દ્વારા થતી પ્રવૃત્તિને પ્રશંસવા માટે ગમે તે શબ્દો પ્રયોજીએ મને તો વામણા જ લાગે ! બહુ વર્ષો પહેલાં જ્યારે ગૂગલ-પે અને ફોન-પેનો જમાનો નહોતો ત્યારે બે વખત મારા પૂજ્ય ગુરૂજી સ્વ. ડૉ. શશિકાંતભાઇ શાહ સાહેબના માધ્યમથી, પૂજ્ય ડૉ. ગુણવંતભાઇ શાહસાહેબના પુરસ્કારની રકમ પિંડવળ ખાતે આવેલ સંસ્થાને મની ઓર્ડરથી મોકલવાની અમૂલ્ય તક આ લખનારને પણ પ્રાપ્ત થઇ હતી. પોતાને નસીબદાર સમજવા માટે આનાથી મોટી વાત કઇ હોઇ શકે?

આ તબક્કે મારા પૂજ્ય ગુરૂજી ડૉ. શશિકાંતભાઇ શાહ સાહેબની ઘણી વાતો લખવાનું મન થાય છે પણ એક જ વાત નોંધું. તેઓ ખૂબ પુસ્તકો ખરીદતા અને મિત્રોને સ્વજનોને ખૂબ ભેટ આપતા. મને બરાબર યાદ છે સિદ્ધહસ્ત, જાણીતા લેખકો ઉપરાંત નવા નવા લેખકોના અને કવિઓના પુસ્તકો તો તેઓ ખાસ ખરીદતા અને ખૂબ મોટી સંખ્યામાં ખરીદતા, મોટી રકમ ખર્ચીને ખરીદતા કે જેથી નવોદિતોને પ્રોત્સાહન મળે...

વેલ, આ તો માત્ર એવી કેટલીક વાતો છે કે જે માત્ર મારા જેવા એક વિદ્યાર્થીના ધ્યાન પર છે કે એણે અનુભવી છે. આવી તો અનેક વાતો વિશ્વભરમાં છે અને હશે. દુનિયામાં કેટલાય દાતાઓ કેટલીય હોસ્પિટલો, શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ અને વિવિધ સંસ્થાઓને જુદી જુદી રીતે મદદ કરતા જ રહે છે. કેટલાય લોકો જુદી જુદી રીતે માનવજાતની સેવા કરતા રહે છે. આ બધી વાતો આપણને એક જ સંદેશો આપે છે કે 'આ દુનિયામાં એવાં ઘણાં લોકો છે કે જેઓ શાંત રીતે એક ખૂણામાં બેસીને નિઃસ્વાર્થભાવે કોઇપણ પ્રકારની પ્રસિદ્ધિની અપેક્ષા વગર લોકોની સેવા કરતા રહે છે. આવાં લોકો દ્વારા થતાં આવા નાના-મોટા કામો અન્ય લોકો માટે આશીર્વાદરૂપ બનતા હોય છે અને હરિવરનો હાથ પુરવાર થતા હોય છે. આવા લોકો મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરૂદ્વારામાં ન જાય તો પણ ચાલે... આ દુનિયામાં જેટલું મહત્ત્વ માનવતા માટે મહાન કાર્યો કરી જનાર મહાન માણસોનું છે, એટલું જ મહત્વ આવાં નાનાં કાર્યો કરનાર લોકોનું પણ છે. આવાં અનેક અદ્દશ્ય હાથો વધુ મજબૂત બને અને આપણે પણ કોઇકના માટે આવાં નાનાં નાનાં કાર્યો કરવાની દિશામાં આગળ વધીએ એવી શુભભાવના સાથે અટકું છું.

અસ્તુ...

# નિમિત્ત

**ડૉ. ધર્મીબેન બી. પટેલ**
અધ્યાપક સહાયક

ઇશ્વર નિરાકાર છે, ઇશ્વર શાશ્વત છે, ઇશ્વર શ્રદ્ધા છે, ક્ષણે-ક્ષણે ઇશ્વર છે. ઇશ્વરને ભજવા કે પ્રાર્થના કરવા માટે માત્ર ધાર્મિક ક્રિયાકાંડની જરૂર નથી, મનથી પણ યાદ કરવાના હોય છે. પ્રભુને માણવાના હોય, પ્રભુને પામવાના હોય, પ્રભુમાં એકાગ્ર થવાનું હોય છે, ઇશ્વરને સાચા હૃદયથી અંતઃકરણપૂર્વક સ્મરણ કરવાના છે. ઇશ્વર કોને કહીએ? પ્રભુ, અલ્લાહ, ઇશુ નામ અને રૂપરંગ અનેક પરંતુ અંશ એક જ છે. આપણી સમક્ષ જે પ્રત્યક્ષ છે તેને હું ઇશ્વરનું નામ આપું છું. પ્રકૃતિ અને તેના તત્વોને હું ઇશ્વરનું સ્થાન આપું છું. સમગ્ર સૃષ્ટિની સંચાર દોરી છે પ્રકૃતિ. સૂર્યને જયારે પણ નિહાળું છું ત્યારે ઇશ્વરનો અહેસાસ થાય છે. સૂર્યનું અંધકારમાંથી પ્રકાશમાં લઇ જવું, સૂર્યનું ઉગવું, આથમવું, તેની સમયબદ્ધતા, સૂર્યનો પ્રકાશ, સૂર્યનો તેજ, સૂર્યના કિરણો, સૂર્યની ગરમી, સૂર્યનો પ્રકોપ એ બધું ઇશ્વરની જ પ્રતીતિ કરાવે છે. આકાશ, અગ્નિ, પૃથ્વી, જળ અને વાયુ આ પંચમહાભૂત ઇશ્વર જ છે. પંખીઓનો કલરવ ઇશ્વરનો આભાસ છે. આકાશ અને ક્ષિતિજો ઇશ્વરની અનુભૂતિ છે. મેઘધનુષ્ય કેરા સપ્તરંગો ઇશ્વરનું પ્રતિબિંબ છે. નદીઓનું અવિરત વહેવું તથા નદીનો ખડખડ અવાજ ઇશ્વરનો શંખનાદ છે. દરિયાની ભરતી-મોજાં અને ઓટ ઇશ્વરની આરાધના છે. પર્વતનું અડીખમ ઊભા રહેવું, વૃક્ષોનું ફળની ઇચ્છા વગર સજીવ સૃષ્ટિને પ્રદાન, સજીવની જીવ દોરી એવો પ્રાણવાયુ, નાના બાળકનું સ્મિત, ફૂલો પરના ઝાંકળબિંદુઓ, રસ્તા પર મૃગજળનો આભાસ, ગમે તેવી વિકટ પરિસ્થિતિઓમાંથી કોઇકને કોઇક માર્ગ સૂંઝવો એ સ્વયં ઇશ્વરની જ પ્રતીતિ છે.

ઇશ્વરે મનુષ્યને અમૂલ્ય જીવન બક્ષ્યું છે. જીવન સપ્તરંગી છે, સુખ-દુઃખ, ચઢતી-પડતી, હાસ્ય-રૂદન, પ્રેમ-તિરસ્કાર, ઉત્સાહ-શોક, પ્રશ્નો-ઉત્તરો, પુણ્ય-પાપ તેના અભિન્ન પાસાંઓ છે. જીવન છે તો સમસ્યા તો રહેવાની જ છે. પ્રશ્નો છે તેના ઉત્તરો છે. કંઇ કેટલાય પ્રશ્નોના ઉકેલ કલ્પના પણ નથી કરતા અને મળી જતા હોય, અડધી રાત્રે ઊંઘમાંથી ઉઠતાં જ પ્રશ્નોનું સમાધાન મળી જાય છે. આજે જે સમસ્યા લાગે છે સમય વિતતા સમસ્યા જેવું કશું રહેતું જ નથી. કયારેક કોઇ વસ્તુના સ્વરૂપમાં, કયારેક કોઇ વ્યકિતના સ્વરૂપમાં, કયારેક કોઇ ઘટનાના ફળ સ્વરૂપે ઇશ્વરનો અહેસાસ થયા જ કરે છે. જીવનમાં કયારેક એવું બને છે જે તે ક્ષણે ગમતું નથી, હતાશા-નિરાશા ઘેરી વડે છે, કોઇ માર્ગ સૂઝતો નથી અને થોડા સમય બાદ જે બન્યું તે સારું જ થયું. જો આવું ન બન્યું હોય તો હું આજે આ મુકામ પર ન હોત, મારાથી આટલી સિદ્ધિ પ્રાપ્ત થઇ ન હોત. આજે જે પ્રગતિ તેમજ વિકાસ થયો તે ઇશ્વરની જ મહેરબાની છે. ઇશ્વર જ

કોઇક સ્વરૂપે નિમિત્ત બન્યો છે. હરિવરનો હાથ મારે સંગાથે છે. હરિવર પર શ્રદ્ધાથી જ બધું શકય બન્યું છે.

સમગ્ર સજીવસૃષ્ટિમાં કેટલાંક કિસ્સા એવા જોવા મળે છે કે પોતે કોઇ વ્યસનનો, કોઇ સંગતનો, પરિસ્થિતિનો ભોગ બન્યા હોય છે, તો આવા સમયે કોઇકના સલાહ સૂચનો, દિશાનિર્દેશો અને અંગુલિ નિર્દેશથી કોઇ વ્યકિત, સંસ્થા કે સમાજના સંપર્કના આવતા અથવા તો સ્વયં સાથે થયેલા કોઇ બનાવ કે ઘટના તેની આત્માને ઝંઝોળી નાંખે છે અને નિમિત્ત માત્રથી તેની જિંદગી યોગ્ય દિશા તરફ આગળ ધપે છે. આવા જ કેટલાંક પ્રસંગોનો અહીં ઉલ્લેખ કર્યો છે.

શિક્ષણ જગતમાં 'ટેડ'ના પ્રેરકપ્રસંગથી સૌ કોઇ પરિચિત છે. તેના જીવનમાં શિક્ષિકા મિસિસ થોમ્પ્સન આવે છે, સંજોગો બદલાય છે અને ટેડની ચાહ અને રાહમાં પરિવર્તન આવે છે, ટેડ સફળતાના શિખરો અને સાથેસાથે લાગણીના શિખરો સર કરે છે. બીજી તરફ મિસિસ થોમ્પ્સન પણ ટેડના વિદ્યાર્થી તરીકે પોતાના જીવનમાં આવવાથી જ પોતે શિક્ષક તરીકે સાચી નિષ્ઠા અને કર્તવ્યપરાયણતાની સ્વઅનુભૂતિ કરી શકે છે. અહી શિક્ષક અને વિદ્યાર્થી બંને એકમેકના જીવનમાં નિમિત્ત બનીને આવે છે. **હકીકતમાં નિમિત્ત કોણ હતું તેનાથી કોઇ ફેર પડતો નથી, પરંતુ નિર્ણય હંમેશા કુદરતનો હોય છે.**

ભરૂચ વિસ્તારમાં આવેલ 'કલરવ' સંસ્થાથી આપ પરિચિત હશો, કે જે માનસિક રીતે દિવ્યાંગ બાળકોની સંસ્થા છે. કલરવ સંસ્થાના ઉદ્ભવ વિશે વાત કરીએ. મોદી પરિવારમાં નિલાબેન મોદીના ઘરે જન્મેલા માનસિક વિકલાંગ બાળકને કારણે પરિવાર દુઃખી થઇ ગયું. અમારી સાથે જ આવું કેમ? પરંતુ ઇશ્વર કંઇ પણ સર્જન કરે છે તેની પાછળ કંઇ હેતુ રહેલો હોય છે. ઇશ્વર આપેલ દરેક વસ્તુ વિશિષ્ટ છે, જેના પરિણામે કલરવ શાળાનું સર્જન થયું. નિલાબેન જણાવે છે કે **ઇશ્વરે અમને ઘા આપ્યો અને એ ઘા સારા સર્જનનો નિમિત્ત બન્યો.** હાલમાં સંસ્થાની કટિબદ્ધતા અને સમાજના સહયોગથી સંસ્થા પ્રગતિના પંથે છે. અહીં વ્યકિત અને તેની પરિસ્થિતિ કલરવના નિર્માણમાં નિમિત્ત બની છે અને કંઇ કેટલાંક ઘરોના બાળકોને આત્મનિર્ભર બનાવવામાં કલરવ નિમિત્ત બની છે.

છેલ્લા ત્રણેક વર્ષથી મનુષ્ય જીવન કોરોનાના કહેરનો ભોગ બની રહ્યો છે. કોરોના કાળ દરમિયાન ઘણાંયે ચિત્ર-વિચિત્ર કિસ્સાઓ બન્યા. પૈસો એ જ પરમેશ્વર? ના ના. ખૂબ પૈસાદાર પણ સરકારી હોસ્પિટલોમાં પણ જગ્યા નહીં, કોઇ લાગવગ ચાલે નહીં તેવી પરિસ્થિતિ. આવા પ્રતિકૂળ સંજોગોમાં બસ કુદરત પ્રભુ જ સહારો. દવાની સાથે દુઆ કારગત નીવડી. કયાંથી કોઇ કેવી રીતે મદદ કરતું તે હરિની ઇચ્છા. હરિવરનો હાથ ઝાલીને કોરોના કાળમાંથી હેમખેમ બહાર

मैं 'किसी से' बेहतर करुं क्या फर्क पड़ता है। मैं 'किसी का' बेहतर करुं बहुत फर्क पड़ता है।।

નીકળતા ઘણાં કિસ્સાઓ છે. બીજી તરફ કોરોના કાળ દરમિયાન લોકડાઉનની પરિસ્થિતિમાં પાન-ગુટકા-મસાલાના સ્ટોક ખૂટી ગયા, ત્રણ-ચાર ગણી કિંમતે વેચાય, જે આર્થિક રીતે પરવડે તેમ ન હતું. આવી સ્થિતિમાં ઘણાંયે યુવાનો તેમજ વૃદ્ધો સ્વયંભૂ રીતે વ્યસનમાંથી મુકત બની ગયા. કેવો વિચિત્ર યુ-ટર્ન. હવે બીજી તરફ મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં આવેલ શિરોળ તાલુકામાં હેરવાડ ગામ આવેલું છે. કોરોનાની પહેલી અને બીજી લહેરમાં ગામમાં રહેતા ૨૫ થી ૩૦ વર્ષના ૧૨ પરણિત યુવાનો મહામારીનો ભોગ બન્યા. કેટલાંકના બાળકો પણ ખૂબ નાના. ગામમાં ચલાતી વિધવા પ્રથાને અનુસરીને તેમની પત્નીઓનું ઘરમાંથી બહાર નીકળવું, સામાજિક સંમેલનોમાં હાજરી આપવી, આત્મનિર્ભર બનવું વગેરે સંદર્ભે દયનીય પરિસ્થિતિ બની. આ સ્થિતિને ધ્યાનમાં લઇને ગ્રામ પંચાયતની સભામાં ગામમાં વિધવા પ્રથાને બંધ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. અદ્ભૂત ટર્નિંગ પોઇન્ટ ! એક તરફ કોરોના ૧૨ યુવાનોના મૃત્યુનો નિમિત્ત બન્યો અને બીજી તરફ તેમની પત્નીઓ અને બીજી અનેક સ્ત્રીઓને સ્વમાનભેર જીવન જીવવાનો માર્ગ ખુલ્લો મૂકી ગયો. **આપણે કોઇનું સારું થાય તે માટે હંમેશાં નિમિત્ત બનવાનું અને જો આપણે સંકટમાં હોઈએ તો કોઇ નિમિત્ત બનીને આપણને સાચી સલાહ આપે તો તેને ઇશ્વરનો સંકેત સમજીને અનુસરવાની વૃત્તિ રાખવાની જરૂર છે.**

હરિ ૐ આશ્રમના પ્રણેતા શ્રીમોટાની વાત કરવા માંગું છું. શ્રી મોટાના મોટાભાઇ રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા હતા. આ કામગીરી દરમિયાન તેમને ટીબી થયો. શ્રીમોટાની સ્થિતિ સાવ ગરીબ. દવા કરાવવાના પૈસા ન હતા. માતાના આગ્રહથી માસી પાસેથી ઉછીના પૈસા દોઢ હજારનું દેવું કરીને ઇલાજ કરાવ્યો. પરંતુ ભાઇ ન રહ્યા. થોડો સમય વીત્યા બાદ માસી પૈસા પરત માંગે. શ્રીમોટા પૈસા પરત આપવાનો વાયદો કરે. શ્રીમોટા ગામની શાળામાં બાળકોને ભણાવે, ખૂબ ઓછો પગાર, આથી આટલી મોટી રકમ પરત કરવામાં મુશ્કેલી પડી. એક દિવસમાં માસીએ મોટાની ગ્રામજનોની વચ્ચે બહુ ફજેતી કરી. મોટાને ગમે તે રીતે પૈસા પરત કરવા જ હતા. તેમને ચેન ના પડે. શ્રીમોટા પ્રભુનું નામ સ્મરણ કરવા માંડયા. પ્રભુને પ્રાર્થના કરી. જોગાનુજોગ દિવસ બાદ વલસાડથી તેમના નામનો મનીઓર્ડર આવ્યો. તેની રકમ દેવું ચૂકતે કરાય તેટલી હતી. તેમાં મોકલનારનું નામ પણ નહતું. મોટાએ ઉછીના પૈસા ચૂકવી દીધા. બીજી તરફ મોકલનાર કોણ તેની તપાસ કરાવી, પરંતુ તેમણે નામ જણાવવાની સ્પષ્ટ ના પાડી દીધી. **પ્રભુની પ્રાર્થના એ આવી વિકટ પરિસ્થિતિમાં અજાણ અને સેવાભાવી વ્યકિતને નિમિત્ત બનાવ્યા.**

મંદિરથી તો સૌ કોઇ પરિચિત છે, પણ મૌન મંદિરથી ઘણા થોડા લોકો પરિચિત છે. શ્રીમોટાએ હરિ ૐ આશ્રમ, નડિયાદ અને હરિ ૐ આશ્રમ, સુરત ખાતે મૌન મંદિરોની

સ્થાપના કરી છે. હરિ ૐ આશ્રમના મૌનસાધના માટેના એકાંત ઓરડાઓ મૌનમંદિર તરીકે સુવિખ્યાત છે, જેમાં સાધકને સગવડ ભર્યું એકાંત પૂરું પડાય છે. જટીલ પ્રશ્નોથી ઘેરાયેલા વર્તમાન યુગમાં માનવ જીવન સમસ્યામય બન્યું છે. માનવી પોતે જ પોતાને ઓળખી શકતો નથી, તેથી તેને શું પ્રાપ્ત કરવું છે તેની દિશાની ખબર જ નથી. અર્થાત્ જીવન ધ્યેય શું છે? પોતાના ગમા-અણગમા શા છે? જીવનવિકાસ કેવી રીતે? વગેરેના પ્રતિચાર આપી શકે તેવું જીવનશિક્ષણ વ્યકિતના જીવનમાં કયાંય દેખાતું નથી. પરિણામે ડગલેને પગલે તે વ્યકિત અસંતોષના વમળોમાં ફસાતી જાય છે. મૌનમંદિરમાં વ્યકિત એકલી જ હોય છે. હા, સાથે હોય છે તેની પ્રકૃતિ તેની વૃત્તિઓ અને તેનો સ્વભાવ, તેથી એકાંતમાં પુરાયેલી વ્યકિત પોતાના પ્રકૃતિ, વૃત્તિઓ અને પોતાના સ્વભાવ અંગે માનસિક પ્રત્યાયન શરૂ કરે છે. બાહ્ય જીવનથી અલિપ્ત બની વ્યકિત નિજ સાથે સહવાસ કરે છે. સાંસારીક કર્મોમાંથી મુકત હોવાને કારણે નવરાશની પળોમાં તે ચિંતન અને મનન કરવા પ્રેરાય છે. મૌનમંદિરમાં અઠવાડિયાથી લઇ વધુ દિવસો માટે રહી શકાય છે. મૌનમંદિરમાં તપસ્યા પૂર્ણ કરીને આવેલા મૌનાર્થી પોતાના અનુભવો જણાવે છે. **તેમાં સ્વ સાથેની મુલાકાત, અંતર આત્માનો અવાજ અને હરિવરનો હાથ ઝાલવા માટે મૌનમંદિર નિમિત્ત બને છે. મનના વિકારો શાંત કરવા માટેની આધ્યાત્મિક પ્રયોગશાળા** મૌનમંદિર છે. મૌનમંદિર શિક્ષણ માટેનું વર્કશોપ બની જાય છે. વ્યકિત 'વિદ્યાર્થી' બને છે અને તેમાં છુપાયેલો પ્રભુ 'શિક્ષક' બને છે. અંધારી કોટડી જીવનમાં પ્રકાશ પાથરવા નિમિત્ત બને છે.

હરિવરનો હાથ છે મારે સંગાથ
ગમે તેવી મુશ્કેલી હોય કે જંજાળ
પાર જરૂર ઉતારશે છે તારો સહવાસ
શોધેલ જડશે નહીં દ્રષ્ટિ છે તારો અહેસાસ
'નિમિત્ત' બને છે તું કોઇ સ્વરૂપે અનાયાસ
હરિવરનો હાથ છે મારે સંગાથ...

**કોઇને તારે લીધે હાશ થશે,**
**એ જ તારી ખરી નમાજ થશે.**
કવિશ્રી **સુનીલભાઇ શાહ**, સુરત

# હરિવરના હાથની પ્રતીતિ

**શ્રીમતી કવિતાબેન એ. રાઠવા**
ગ્રંથપાલ

સમગ્ર સૃષ્ટિ વૈશ્વિક ચેતનાથી સભર છે એમાં આપણું એટલે કે માનવીનું પણ એક અસ્તિત્વ છે. વૈશ્વિક ચેતનાએ સૃષ્ટિ માત્રના કણકણમાં વ્યાપ્ત છે આ વૈશ્વિક ચેતના એટલે જ આપણુ ઇશ તત્વ આપણે જેને હરિ અલ્લાહ કે પછી સુપરપાવર તરીકે જાણીએ છીએ. આ હરિવરનો હાથ સદાય સૃષ્ટિના દરેક જીવમાત્ર પર હોય જ છે. જરૂર છે તેના અહેસાસની જરૂર છે તેના પરિચયની, જરૂર છે તેની ઓળખની. વૈશ્વિક ચેતના એક અંશી સ્વરૂપ છે અને આપણે બધા જીવમાત્ર તેના અંશ છે. આ અંશનો અંશી સાથેનો સંબંધ જેટલો દ્રઢ અને શ્રદ્ધાયુકત હશે તેટલો જ હરિવરનો હાથ - છાયા - મહેર - કૃપા આપણા પર હશે જ હશે. એમાં કોઇ બેમત નથી દરેક જીવ માત્ર આ પૃથ્વી પર અવતરે છે પછી તેને પરિવાર સમાજ અને બધા સંબંધોની સ્પર્શ થતાં ધીમે ધીમે અંશી સાથેના મૂળ સંબંધથી દૂર થતો જાય છે અને ધીમે ધીમે દુનિયાના રંગમાં રંગાઇ જાય છે તેથી જ મૂળ અંશી સાથેના સંબંધની દોર તૂટક તૂટક બની જાય છે.

આપણી ભારતીય સંસ્કૃતિના ધર્મગ્રંથોમાં અનેક પ્રસંગોનો ઉલ્લેખ જોવા મળે છે. જેમાં પરમ શકિત પ્રત્યેની દ્રઢ શ્રદ્ધા અને વિશ્વાસ જોવા મળે છે.

**વિષ્ણુપુરાણમાં પ્રહલાદ અને હોલિકા દહનનો પ્રસંગ :**

ભકત પ્રહલાદ ભગવાન વિષ્ણુ પ્રત્યેની અદ્વિતીય ભકિત અને પ્રાર્થના માટે પ્રસિદ્ધ છે. હિરણ્યકશ્યપના અનેક પ્રયત્નો છતાં તે અડગ રહ્યો અને પિતાના દરેક પ્રયાસોને નિષ્ફળ બનાવે છે. એજ બતાવે છે કે કોઇ અજ્ઞાત શકિત, પરમશકિતનો તેના પર અવશ્ય કૃપા રહી હતી.

**નરસિંહ મહેતાની હૂંડીના સ્વીકારનો પ્રસંગ :**

નરસિંહ મહેતાનો ઇશ્વર પ્રત્યેનો અનન્ય પ્રેમ, દ્રઢ વિશ્વાસથી જ પુત્રી કુંવરબાઇનું મામેરું ઉત્તમ રીતે પાર પડે છે. એક તરફ મહેતાની ભકિત અને નિર્ધનતાનો ઉપહાસ કરતી ટીખળખોર નાગરીનાત, એવાં જ હીણ સાસરિયાં અને બીજી તરફ પ્રેમાળ નિર્દોષ પિતા વચ્ચે એટલે કે શ્રદ્ધા અને સંદેહની ફડક વચ્ચે પીસાતી કુંવરબાઇ. નરસિંહ મહેતાની હૂંડીનો સ્વીકાર કરવા ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મી શેઠ-શેઠાણીનું રૂપ લઇને કળી ન શકાય એવું મામેરું ભરીને નરસિંહ મહેતા અને કુંવરબાઇની લાજ રાખી હતી.

**મીરાંબાઇનો ઝેરનો કટોરો અમૃત બન્યાનો પ્રસંગ :**

મીરાંબાઇની કૃષ્ણ ભકિત અજોડ હતી. મીરાં માટે મૂર્તિ જાણે કૃષ્ણનું જીવંત અસ્તિત્વ

બની ગઇ હતી. તેણે કૃષ્ણને આજીવન સખા, પ્રેમી અને પતિ બનાવવાનો નિર્ણય કર્યો. નાની ઉંમરમાં જ તેમનો વિવાહ ચિત્તોડના રાણા સંગાના પુત્ર મહારાણા કુમાર ભોજરાજજી સાથે થયો હતો. તેઓ બાળપણથી જ કૃષ્ણભકિતમાં રૂચિ લેવા લાગ્યાં હતાં. લગ્નના થોડા જ દિવસ પછી મીરાંના પતિ ભોજરાજજીનો સ્વર્ગવાસ થઇ ગયો. પતિના મૃત્યુ પછી તેમની ભકિત દિન પ્રતિદિન વધતી ગઇ. તેઓ મંદિરોમાં જઇ ત્યાં મોજૂદ કૃષ્ણભકતોની સામે કૃષ્ણની મૂર્તિ આગળ નાચતા રહેતા હતાં. મીરાંના કહેવાથી રાજા મહેલમાં જ કૃષ્ણ મંદિર બનાવડાવી દે છે. મહેલમાં ભકિતનું એવું વાતાવરણ બન્યું કે ત્યાં સાધુ-સંતોની આવન-જાવન શરૂ થઇ ગઇ. મીરાંના દિયર રાણાજીને આ પસંદ ન હતું. ઓધાજીએ પણ તેમને સમજાવ્યાં, પણ મીરાં દુનિયા ભૂલી કૃષ્ણમાં રમતી જાય છે અને વૈરાગ્ય ધારણ કરી જોગણ બનતી જાય છે. મીરાંનો દિયર વિક્રમાજિત હવે ચિત્તોડનો રાજા થયો. મેવાડની રાજવધુ ઉઘાડે છોગ સાધુ-સંતોની સાથે હળેભળે, ભજનકીર્તન છોડવાનું કહ્યું, પણ મીરાં પર એની કોઇ અસર થઇ નહિ. એવામાં એક નહિ ધારેલો બનાવ બની ગયો. કહે છે કે મોગલ બાદશાહા અકબર મીરાંબાઇની કીર્તિ સાંભળી એનાં દર્શન કરવા છૂપે વેશે ચિત્તોડ આવ્યો. એની સાથે એનો રાજગવૈયો તાનસેન પણ હતો. બાદશાહ મીરાંબાઇની ભકિત જોઇ ખુશ થયો. એણે તાનસેનને કાનમાં કહ્યું. આજે મારી દ્રષ્ટિ સાર્થક થઇ ! તે જ પળે પોતાના ગળામાંથી નવલખો હાર કાઢી એણે ગિરધર ગોપાલની મૂર્તિના ચરણમાં ધરી દીધો ને કોઇ કંઇ જાણે એ પહેલા ત્યાંથી છટકી ગયો. પણ આ હારે ચાડી ખાધી, આવો મૂલ્યવાન હાર બાદશાહ સિવાય કોઇની પાસે હોઇ જ શકે નહિ !

રાણાના ગુસ્સાએ હવે માઝા મૂકી. એણે એક કરંડિયામાં વિષધર નાગ પૂરી કરંડિયો મીરાંબાઇ પર મોકલી કહાવ્યું. આમાં તમારા ઠાકોરજી માટે ફૂલની માળા છે. મીરાંબાઇએ કરંડિયો ઉઘાડયો, તો આખો ઓરડો દિવ્ય સુગંધથી ભરાઇ ગયો. કરંડિયામાંથી નાગ નહિ ફૂલની માળા નીકળી ! મીરાંએ એ માળા ગિરધર ગોપાલની ડોકમાં પહેરાવી ભજન ગાવા માંડયું પાયોજી મૈંને રામ રતન ધન પાયો, તોયે રાણો સમજ્યો નહિ. એણે હવે હળાહળ વિષનો કટોરો તૈયાર કર્યો. હોઠે અડતાં જ માણસનાં પ્રાણ નીકળી જાય એવું ભયાનક વિષ. મીરાંબાઇએ ભગવાનને યાદ કરીને વિષ નો કટોરો પી ગયા. અહી વિષ અમૃતમાં ફેરવાઇ જાય છે. મીરાંબાઇ બચી જાય છે વિષધર નાગ ફૂલની મળા કેવી રીતે બન્યો? અને કોણે બનાવ્યો? કારણ કે હરિ કૃપા સદાયે તેમની સાથે હતી.

**મારો એક સ્વાનુભવઃ**

એવી તો અનેક ઘટના, પ્રસંગો આપણી આસપાસ નજરે પડે છે.

એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમે (પતિ-પત્ની) સુરત મુકામે જઇ રહ્યા હતા.

કારમાં ભકિતમય સંગીતના રણકાર સાથે નેશનલ હાઇવે નંબર-૮ પરથી પસાર થઇ રહ્યા હતા અમે અમારી મોજમાં જ હતા. કોસંબા આગળના બ્રિજ પરથી પસાર થતાં હતા, ત્યારે હાઇવેના પ્રથમ ટ્રેકમાં સામાન્ય ઝડપથી જ અમારી કાર આગળ વધી રહી હતી. ત્યાં જ એક એવી ક્ષણ આવી કે પાછળથી એક ટ્રક ઓવરટ્રેક કરવાની સાથે અમારી ગાડીને પાછળથી એકદમ તાકાતથી ધક્કો વાગ્યો. અમે બંને જણ સ્તબ્ધ થઇ ગયા અને પછી એવું બન્યું તે કોણે કર્યું? કેવી રીતે થયું? એ તો અચંબામાં મૂકી દે તેવી ઘટના હતી. અમારી કાર ઊંચકાઇને કોસંબા બ્રિજની વચ્ચેની જગ્યા પર જાણે ગોઠવાઇ ગઇ અને ત્યાં ગાડી પણ બંધ થઇ. એમ જોવા જઇએ તો જો હાઇવેના સામેના રસ્તા પર ગાડી ચાલી ગઇ હોત તો એક મોટો અકસ્માત થવાની સંભાવના હતી કદાચ તેમાં અમે એક સાથે ત્રણ ટ્રેકના વાહનો સાથે ભયંકર અકસ્માત થયો હોત પણ આ ચમત્કાર કહો કે હરિવર ના હાથની કૃપા કરો કોણ જાણે ગાડી ક્રેન દ્વારા ઉઠાવીને વચ્ચેના ભાગમાં મુકાઇ ગઇ એવું બન્યું અને અમે બંને બિલકુલ સહી સલામત રહ્યા. આ સ્થિતિમાં જે કાર્ય ઘટિત થયું તે કેવી રીતે થયું? કોણે કર્યું? કદાચ પરમાત્માની અજ્ઞાત શકિત દ્વારા સંભવ બની શકે. અનુભવેલી આ ઘટના એ હરિવર ના હાથ ના જોડાણથી જ સંભવી શકે અને આ વાત જ પરમાત્માની પરમશકિત વિદ્યમાન છે જ એ શ્રદ્ધા વધારે દ્રઢ કરે છે. કહેવાય છે જયારે મનુષ્ય પોતાની બુદ્ધિને છોડી દે ત્યારે જે શકિત કાર્ય કરે છે તે પરમાત્માની શકિત તેજ આત્મશકિત અને તે જ હરિવરનો હાથ. આજે પણ જયારે આ રસ્તા પરથી પસાર થતાં ત્યારે આ ચમત્કારને આ હરિ કૃપાની યાદ ઇશ્વર પ્રત્યે વારંવાર કૃતજ્ઞતા વ્યકત કરવા પ્રેરે છે જીવનની દરેક ક્ષણે હરિ આપણી સાથે જ હોય છે પણ તેનો અહેસાસ કરતાં ચૂકી જઇએ છીએ. એ જ હરિવરના હાથ કે પછી અગોચર તત્વની હયાતી તરફ આંગળી ચીંધે છે કવિ મકરંદ લખે છે -

'પગલું માંડું અવકાશમાં, ને જોઉં નીચે હરિવરનો હાથ'

આપણે એવું ડગલું માંડીએ કે આપણા પર હરિનો હાથ રહે જ અને આપણે એ હરિવર ના હાથમાં રહ્યાનું પ્રતીત પણ કરીએ. સ્વાર્થ છોડીને પરમાર્થ તરફ આપણી સેવા જયારે આગળ વધે ત્યારે હરિવરનો હાથ આપણાં કરતાં એક ડગલું આગળ ચાલે છે.

> છોડ હવે... મંદિરે શું દીવો કરવાનો,
> માણસ ગબડે તો એને બેઠો કરવાનો.
> કવિશ્રી **સુનીલભાઇ શાહ**, સુરત

'मुस्कान' और 'मदद' ये दो ऐसे ईत्र है जिन्हे आप जितना अधिक दूसरों पर छिडकोंगे उतने ही सुगन्धित आप खुद होंगे ।

# ઈશ્વર અત્ર, તત્ર અને સર્વત્ર છે...

**પટેલ સાએમાબાનુ**
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૪૨

સૃષ્ટિના સર્જકે સમગ્ર સૃષ્ટિ વિવિધતાસભર સર્જન કરી. તેને એક પરિવારના મોભીની જેમ સતત તેનું સંચાલન કરી રહ્યો છે. આથી જ આપણે કહી શકીએ છીએ કે 'હરિનો હાથ હંમેશા આપણા ઉપર છે' અને વિસ્મયકારક ઘટનાઓમાં નિષ્ફળતાઓનાં ઢાંચામાં આપણે સફળતા મેળવીએ ત્યારે આપણને અહેસાસ થાય છે કે હરિનો હાથ આપણી સાથે છે.

ઇસ્લામ ધર્મના સ્થાપક મહંમદ સાહેબનો જ્યારે દુશ્મનોએ પીછો કર્યો ત્યારે પોતાના વિશ્વાસુ મિત્ર સાથે તેઓ એક ગુફામાં સંતાઇ ગયા હતા. મિત્રએ કહ્યું કે આપણે બે જણા એકલા જ છીએ તયારે પયગમ્બર સાહેબે કહ્યું કે આપણે બે નથી પણ ત્રણ છીએ.

ત્રીજો આપણો ખુદા આપણી સાથે છે દુનિયાની તમામ જગ્યાએ હરિનું ધ્યાન છે અને પોતાના બંદાને મદદ કરવા તેનો હાથ સતત તૈયાર રહે છે. આપણામાં માત્ર શ્રદ્ધા અને સબુરી હોવી જોઇએ. ઘણી હોનારતો અને દુર્ઘટનાઓ આપણા સોશિયલ મીડીયા અને રોજબરોજના જીવન વ્યવહારમાં અશકય ને શકય બનતું જોઇએ છે જે હરિની મદદ વિના શકય નથી.

વિનાશક ધરતીકંપમાં ઇમારતોના મલબામાંથી લાંબા સમયે જીવતાં નીકળતા માનવ પર હરિના હાથથી જ શકય છે. ઘણીવાર આખી ટ્રેનના પસાર થઇ જવા છતાં જીવંત રહેતો સજીવ જોઇ આપણા મોંઢામાંથી શબ્દો સરી પડે છે કે ઉપર વાળાની મહેરબાની, બીજા શબ્દોમાં કહીએ તો 'હરિનો હાથ'.

ન્યાય અન્યાયની લડતમાં ઘણીવાર કમજોરનો વિજય એ પણ ઇશ્વરની મદદ જ છે. માટે ગુજરાતીમાં પંકિત છે કે,

'ગજ કાતર લઇને બેઠો, ઉપર વાળો નાથ,
વધે-ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ.'

કવિ મકરંદ દવે એ 'અદીઠો સંગાથ' કાવ્યમાં આ તરફ સંકેત કરેલ છે કે આપણને નજરે ન ચડતો એક સંગાથ હંમેશા આપણી સાથે રહી આપણી મદદ કરે છે. ઘણીવાર વાસ્તવિક જગતમાં એવી ઘટનાઓ ઘટે છે. જેને આપણી બુદ્ધિ સ્વીકારવા તૈયાર નથી. આવા કેટલાક પ્રસંગો સાહિત્યના વર્ણનમાં સંગ્રહાયેલા છે. દા.ત.

'નિભાડામાં બળતા રાખ્યા, મંજરીના બાળ,
ટિટોડીના ઈંડા ઉગાવ્યા, એવો છે રાજન રજવાડ.'

કુંભારે કાચી માટીના વાસણો પકવવા માટે નિભાડા (ભઠ્ઠો)માં ગોઠવ્યા હતા. ત્યારે એક બિલાડી પોતાના તાજા જન્મેલા બચ્ચાંઓને નિભાડા એક માટલાને સહી સલામત સમજી મૂકી આવે છે. બીજા દિવસે અજાણમાં કુંભારે નિભાડાની આગ સળગાવી. આ જોઇ બિલાડી ગભરાઇ

ગઇ પણ ત્રણ-ચાર દિવસે નિભાડો શાંત થતો જોયું તે આગમાં પણ બિલાડીના બાળ સલામતીથી બચી ગયા. જેને આપણે હરિનો હાથ સમજીશું.

મહાભારતના યુદ્ધ મેદાનમાં એક ટિટોડીએ ઇંડા મૂકયા હતા. ત્યાં ઘમાસાણ યુદ્ધ ખેલાયું, યુદ્ધ જોઇ ટિટોડી ઇંડા માટે કકળવા લાગી. ટિટોડીની વેદના જોઇ કૃષ્ણએ એક હાથીના ગળાનો ઘંટ છોડી ઇંડા પર ઢાંકી દીધો. યુદ્ધ પુરું થતાં જોયું તો ઇંડા જેમ હતા તેમ ના તેમ સલામત હતા. યુદ્ધના ભયાનક સમયે ઇંડા જેવી નાજુક વસ્તુનો બચાવ હરિના હાથ વિના શકય નથી. સૃષ્ટિની પ્રત્યેક ક્રિયા પાછળ હરિનો અદીઠો સંગાથ હોય છે. જેને નકારનારા લોકોએ પણ એનો સ્વીકાર કરવો જ પડે છે. જેને નીચેની દ્દષ્ટાંત કથા દ્વારા સમજીશું.

એક નાસ્તિક અને એક આસ્તિક વચ્ચે હરિના અસ્તિત્વ વિશે વિવાદ ચાલ્યો. ગહન ચર્ચા માટે દિવસ નક્કી કર્યો. નક્કી કરેલા દિવસે આસ્તિક મોડો આવ્યો. નાસ્તિકે મોડું થવાનું કારણ પૂછ્યું, તો આસ્તિકે કહ્યું કે હું ચાલતો આવતો હતો, ત્યારે એક અદ્દભૂત દ્દશ્ય જોયું - તે જોવામાં મોડું થયું. તે દ્દશ્યની કેફીયત વર્ણવા આસ્તિકે કહ્યું કે હું આવતો હતો ત્યારે નદી કિનારે એક તોતીંગ વૃક્ષ આપો-આપ ગબડી પડયું. આપો-આપ તો વૃક્ષ ચિરાઇ ગયું. તેના પાટીયા પડી ગયા. આપો-આપ તે પાટીયા એકબીજા સાથે જોડાઇ એક નાવ તૈયાર થઇ ગઇ અને તે નાવ નદીમાં આપો-આપ તરવા લાગી. આ સાંભળી નાસ્તિકે કહ્યું કે કોઇના સહકાર વિના આ બધું શકય નથી. તો આસ્તિકે કહ્યું કે જો આ શકય જ ન હોય તો આદિકાળથી ચાલતા આ સૃષ્ટિના વ્યવસ્થિત કારોબાર પાછળ શું કોઇનો દોરી સંચાર નથી? ખરેખર આ જગને કોઇ અદીઠો સાથ છે.

દરિયામાં જતી એક નાવમાં એક તાજું જન્મેલું બાળક ખોળામાં લઇ માતા બેઠી હતી. તોફાનના સપાટાથી નાવ તૂટી જાય છે. પાટીયા છૂટા પડી ગયા. એક પાટીયાના સહારે માતા પોતાનો અને બાળકનો જીવ બચાવવા ફાંફા મારે ત્યાં જ યમરાજને હુકમ થાય છે. માતાનો પ્રાણ હરી લો. હૈયું પણ દુઃખ - ગ્લાનીથી છબકાય જાય છે પણ હુકમ એટલે અને તે જ પ્રમાણે થયું. બાળક પાણીના હેલા ખાતું તણાતું કિનારે ફેકાયું. જંગલી પશુઓએ પોતાનું દૂધ પિવડાવી ઉછેર કરે છે. મોટો થયા બાદ એ બાળક એકન દેશ (એડન)ના બાદશાહ બન્યા. શું આ હરિવરનો હાથ નથી? જે જોતા આપણા મુખમાંથી સરી પડે.

'અજબ તેરી કારીગરી રે કરતાર...<br>
સમજ ના આયે માયા તેરી, બદલે રંગ હજાર<br>
અજર તેરી કારીગરી રે...

આમ, ભગવાનની કૃપાના આવા તો અનેક કિસ્સાઓ છે, કે જે આપણી એના પ્રત્યેની શ્રદ્ધામાં વધારો કરે છે.

# ભગવાને કરેલી મદદ

શર્મા જૈમિન નર્મદાશંકર
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૦૭

સુખી થવાને શાને માંગું હું કોઇ વરદાન?
શેમાં છે કલ્યાણ મારું જાણે છે ભગવાન?
મને સુખી કરવાના રસ્તા દેખાડું શું એને,
આ સમગ્ર સૃષ્ટિ કેરું સર્જન દીધું છે જેણે!

એક ૧૫ વર્ષના વૃદ્ધને છાતીમાં ખૂબ દુઃખાવો થતો હતો. દિવસે-દિવસે આ દુઃખાવો વધતો જતો હતો અને હવે તો એ સહન કરવો ખૂબ મુશ્કેલ હતો. શહેરના હૃદયરોગના સૌથી નામાંકિત ડૉક્ટર પાસે પોતાના હૃદયનું ચેકઅપ કરાવવાનું એમણે નક્કી કર્યું. ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ લઇને એક દિવસ આ વૃદ્ધ હોસ્પિટલ પહોચ્યાં. પૈસે ટકે ખૂબ સમૃદ્ધ હોવાથી બીજી કોઇ ચિંતા ન હતી.

ડૉક્ટરે જાત-જાતના ટેસ્ટ કર્યાં અને તમામ ટેસ્ટના પરિણામ બાદ વૃદ્ધને કહ્યું, 'દાદા, તમારા હૃદયની કેટલીક નળીઓ બંધ થઇ ગઇ છે. આ માટે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે. હવે વધુ લાંબો સમય રાહ જોઇ શકાય એમ નથી.' દાદાથી તકલીફ સહન થતી ન હતી. એટલે દાદા સહિતના પરિવારના તમામ સભ્યોએ ઓપરેશન કરવા માટેની પરવાનગી આપી. બીજા જ દિવસે દાદાની હૃદયની બાયપાસ સર્જરી કરવામાં આવી. હૃદયનું ઓપરેશન સફળ રહ્યું. દાદાની ઉંમર ૭૫ વર્ષ હોવા છતા રીકવરી પણ ખૂબ સારી હતી. ઓપરેશનના એક અઠવાડિયા પછી દાદાને રજા આપવાનું નક્કી થયું. આજે હોસ્પિટલનો છેલ્લો દિવસ હતો. સવારે હોસ્પિટલ તરફથી દાદાના હાથમાં ઓપરેશન અને દવાના કાગળીયા તથા હોસ્પિટલ ચાર્જનું બિલ આપવામાં આવ્યું.

દાદા બિલ જોતાની સાથે જ ઊંડા વિચારમાં સરી પડયા અને થોડીવાર પછી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યા. સાવ અચાનક દાદાને રડતા જોઇને ડૉક્ટર સહિત ત્યાં હાજર બધાને આશ્ચર્ય થયું. ડૉક્ટરે પૂછ્યું, 'દાદા, આપના ઓપરેશન પહેલા જ મેં અંદાજીત ખર્ચ અંગે આપના દિકરાને જાણ કરી હતી અને એની સંમતી પછી જ આપનું ઓપરેશન કર્યું છે. છતા પણ જો આપને બિલ વધુ પડતું લાગતુ હોય તો હું મારા સંબંધોનો ઉપયોગ કરીને મેનેજમેન્ટને કહીને એમા ૫% જેવી રાહત કરી શકીશ.'

દાદાએ આંખમાં આંસુ સાથે કહ્યું, 'ડૉક્ટર સાહેબ, તમારું આ બિલ ભરવાનું છે. એટલે નથી રડતો, આ બિલ તો મારો દિકરો ભરી શકે એટલો સક્ષમ છે. પણ મને એટલે રડવું આવી ગયું કે ભગવાને મારું હૃદય ૭૫ વર્ષ સુધી બહુ જ સારી રીતે ચલાવ્યું, કોઇ જ તકલીફ ક્યારેય ન પડવા દીધી અને એણે ક્યારેય મને એક રૂપિયાનું પણ બિલ નથી મોકલ્યું. મારા પ્રભુની મારા પરની આ કેવી કૃપા ! ભગવાનનો મારા પરનો આ કેવો પ્રેમ ! કોઇ માણસ

નાની એવી મદદ કરે તો પણ આપણે એમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરીએ છીએ અને એમની મદદને કાયમ યાદ રાખીને હંમેશા તેનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

ભગવાનની માણસ જાત પરની કૃપાનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે એમની કરૂણા કેવી અપરંપાર છે. આપણને એજ નથી ખબર કે પ્રભુ માત્ર આપણા હૃદયને નહી આખા શરીરને કેટલું સરસ રીતે ચલાવી રહ્યાં છે. સામાન્ય રીતે કોઇ માણસે કરેલી મદદની નોંધ ન લઇએ તો શકય છે કે અમુક સમય પછી એ મદદ કરવાનું બંધ કરી દે અને ભગવાનની મળેલી મદદ આપણે નોંધ લઇએ કે ન લઇએ એ કરૂણાનો સાગર પોતાની હેતવર્ષા કર્યાં જ કરે છે.

ભગવાનની આપણા પરની કૃપા પ્રેમ સમજવા માટે માત્ર આપણું શરીર જ કાફી છે. એક સ્ત્રીના અંડકોષ અને પુરુષના શુક્રાણુના મિલનથી માનવ દેહનું બંધારણ થાય છે. શુક્રાણુના અંડકોષમાં પ્રવેશ થતાની સાથે જ એક સુરક્ષા કવચ રચાઇ જાય છ અને પછી એમાં બીજું કંઇ જ પ્રવેશીને આ બીજને વિકસાવામાં બાધા ઊભી કરતું નથી. જરા વિચારો તો ખરા, આપણા રક્ષણની આટલી ચિંતા બીજું કોણ કરે? માતાના ગર્ભમાં ભ્રુણમાંથી પૂર્ણ શરીર સુધીની '૯' માસની યાત્રામાં થતું બંધારણ કોઇ ગાયનેકોલોજીસ્ટ ડૉકટરને મળીને સમજીએ તો ખબર પડે કે કેટલી સુરક્ષાની વ્યવસ્થાઓ ભગવાને આપણા માટે માતાના ગર્ભથી જ કરી આપી છે.

આપણી પાસે ગમે તેવા આધુનિક સાધન હોવા છતા આપણે બાહ્ય ટેમ્પરેચરને મેઇન્ટેઇન નથી કરી શકતા અને પ્રભુ શરીરની અંદર કોઇપણ જાતના સાધન વગર ટેમ્પરેચર મેઇન્ટેન કરે છે. જન્મ બાદ પણ આ કાર્ય અદ્ભૂત ચાલે છે. જ્યારે આપણે ઠંડા વાતાવરણમાંથી ગરમ વાતાવરણમાં પ્રવેશીએ તો એ સાથે જ શરીર લોહીનો ફલો ઓછો કરીને આપણા શરીરનું તાપમાન ઘટાડી દે છે અને ગરમ વાતાવરણમાં ઠંડા વાતાવરણમાં પ્રવેશીએ એ સાથે જ લોહીનો ફલો વધી જાય છે. જેથી શરીરમાં ગરમાવો આવે.

કેટલી અદ્ભૂત ગોઠવણી !

આપણા દિવસના કામ બાદ રાત્રે ઉંઘ કેમ આવી જાય છે? એનો વિચાર કર્યાં છે કયારેય? દિવસ દરમિયાન સતત કામ કરતા મગજને ધીમે-ધીમે શાંત કરવાનું કામ પ્રભુ કરે છે.

સવારે ફરીથી મગજને કાર્યરત કરે છે અને બધી જ મેમરી પણ પાછી આવી જાય છે. સવારે ઉઠયા પછી મેમરી રીકવર ન થાય તો શું થાય જરા વિચારો? તમારું મેળવેલું જ્ઞાન, તમારી એક્ષપર્ટાઇઝ, તમારી ક્ષમતાઓ, તમારી સંપત્તિ આ બધાનું શું થાય? જો ભગવાન સવારે સ્મૃતિદાન ન કરે તો?

આપણા માટે આટલું બધું કરનાર પરમાત્મા માટે શું આપણે થોડો સમય પણ ન કાઢી શકીએ? પ્રભુનો આભાર વ્યકત ન કરી શકાય? એક સરસ પંકિતમાં કવિ મકરંદ દવેએ ગાયું છે.

પગલું માંડું હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ,
અજંપાની સદા સૂની શેરીએ
ગાતો આવે અદીઠો સંગાથ,
જાગીને જોઉં તો કોઇ નથી એકલું.

માનવીના જીવનની દરેક પરિસ્થિતિમાં પ્રતિકુળતા - અનુકૂળતામાં પરમાત્માની અદૃશ્ય શકિત તેની સાથે જ હોય છે. તેના જીવનની પ્રત્યેક કૃતિમાં હરિવરનો હાથ હોય છે. પરમાત્મા તેની રક્ષા કરતા હોય છે.

## જીવન સાથે લવ-અફેર

પ્રિય વાચક,

એક સપ્તાહ માટે સ્વીડન જવાનું થયું ત્યારે ત્યાંની એક લોકકથા સાંભળવા મળી હતી. ત્યાં સ્ટોકહોમ નગરની ઠંડી શૂન્ય ડીગ્રીની નીચે પહોંચી જતી હોય છે. રાતના ઠંડાગાર અંધારામાં એક માણસ નાની ખોલીમાં પોતાની કાયા જેમતેમ સમાવીને સૂતો હતો. મધરાતે એક અજાણ્યો માણસ આવ્યો અને બોલ્યો : 'ભગવાનને ખાતર મને તમારી સાથે જગ્યા કરી આપો. જો તમે મને મદદ ન કરો તો હું આવી ભયંકર ઠંડીમાં સવાર પડે ત્યારે જીવતો નહીં બચું.'

ખોલી એટલી નાની હતી કે બીજો માણસ સમાઇ ન શકે. ખોલીમાં સૂતેલા માણસે કહ્યું : 'બ્રધર ! હું જો સૂવાને બદલે બેસવાનું રાખું તો આપણે બંને બેસી શકીએ. ભલે પધારો !' બંને જણા બેઠા બેઠા રાત પસાર કરી રહ્યા હતા ત્યાં ત્રીજો માણસ નજીક આવ્યો અને બોલ્યો : 'હું આ ઠંડીમાં મરી રહ્યો છું. દયા કરો અને મને ખોલીમાં જગ્યા કરી આપો. પ્લીઝ !' ખોલીમાં બેઠેલા પહેલા માણસે કહ્યું : 'બ્રધર ! અહીં એક માણસ સૂઇ શકે અથવા બે માણસો બેસી શકે, પરંતુ આપણે ત્રણ જણા ઊભા ઊભા રાત પસાર કરી શકીએ તેમ છીએ. ભલે પધારો !' સવાર પડી ત્યારે ત્રણે જણા એકબીજાને ભેટીને રડયા ! વિચારવા જેવું છે. એ ત્રણમાં બીજા કે ત્રીજા માણસની જગ્યાએ તમે ન હોઇ શકો?

રોજ પથારીમાં પડતાં પહેલાં જાતને ત્રણ પ્રશ્નો પૂછવા જેવા છે :

- આજે મેં કોઇ અજાણ્યા માણસની ભૂખ, તરસ કે તાણ ઓછી કરી?
- આજે મેં કોઇ માટે થોડોક ઘસારો વેઠયો?
- આજે મેં વાણીથી કે વર્તનથી કોઇને ટાઢક પહોંચાડી?

ડૉ. ગુણવંત શાહ, 'પ્રભુના લાડકવાયા'માંથી સાભાર...

જ્યારે ઇશ્વર તમને મુશ્કેલીની ટોચ પરથી ધક્કો મારે ત્યારે એના પર એટલો વિશ્વાસ રાખજો કે... કાંતો તે તેમને પડતા ઝીલી લેશે અથવા તો તમને ઉડતા શીખવી દેશે.

# જીવનમાં આપણને હંમેશાં મદદ મળી રહેતી હોય છે...

**સોલંકી હોમિકા એલ.**
એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૩૩

બીજી વ્યક્તિઓ દ્વારા અનાયાસે અકલ્પનીય રીતે મળેલી મદદ... અન્ય વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થતી ઇશ્વરની કૃપા... જે તમારા માટે હરિવરનો હાથ બનીને તમારી સમક્ષ મદદ માટે આવી ચઢે... તમે એકદમ કોઇ મુસીબતમાં ફસાઇ જાવ અને આજુબાજુ તમારી મદદ માટે કોઇ ન દેખાઇ ત્યાં દુરથી અચાનક એક વ્યક્તિ અનાયાસે આવી અને તમને પૂછે... 'શું થયું છે.' કાંઇ 'Problem' છે... ત્યાં તમે એ અજાણ્યા માણસને તમારી મુસીબત વિશે જણાવતાં... અચાનક એ વ્યક્તિ તમારી મદદ માટે ઊતરી આવે... ત્યારે એવું લાગે કે... ઇશ્વરે જ આપણી મદદ માટે આ વ્યક્તિને મોકલ્યો છે. ત્યારે તે માણસ તમારા માટે મુસીબતના સમયમાં સાક્ષાત હરિવરનો હાથ બનીને આવ્યો છે... આમ લાગે...

એક નાના બાળક માટે તેનો હરિવરનો હાથ તેની માતા છે. એ કહેવું કાંઇ ખોટું નથી. બાળક જ્યારે નાનું હોય છે, ત્યારથી લઇને જ્યાં સુધી તે મોટું થાય છે, ત્યાં સુધી એક માતા તેને ડગલેને પગલે અનેક મુસીબતોથી બચાવે છે. તેને ચાલતા, ખાતા શીખવાડે છે, તેને સમાજમાં જીવતા શીખવાડે છે, ઇશ્વરે એક બાળક માટે હરિવરના હાથ રૂપે એક 'માં'નું સર્જન કર્યું છે. તેવી જ રીતે બાળક જ્યારે શાળાએ જવા લાગે છે ત્યારે તેના જીવનમાં એક શિક્ષક પણ અગત્યની ભૂમિકા ભજવે છે. કિશોરાવસ્થામાં, યુવાવસ્થામાં એક શિક્ષક જ હરિવરના હાથરૂપે બાળકની મદદે ઊતરે છે અને બાળકના જીવનને ઘડે છે. એક શિક્ષક બાળકને ડગલેને પગલે મદદરૂપ બને છે. વિદ્યાર્થીને આગળ વધારવામાં શિક્ષક ઘણીવાર અકલ્પનીય મદદ વિદ્યાર્થીની કરતાં હોય છે અને વિદ્યાર્થી માટે એક શિક્ષક હરિવરનો સાચો હાથ સાબિત થાય છે. આમ, 'ઇશ્વરે 'માતા' અને 'શિક્ષક'નું બાળકના જીવનમાં હરિવરના હાથરૂપે સર્જન કર્યું હોય તેમ લાગે છે.'

બે સાચા મિત્રો પણ એકબીજા માટે હરિવરના હાથ જેવા જ છે. એક મિત્ર જ્યારે મુસીબતમાં હોય છે ત્યારે બીજો મિત્ર તેની મદદ માટે તરત જ દોડી આવે તેની અકલ્પનીય મદદ કરે છે. દરેક કામમાં બે સાચા મિત્રો એકબીજાની મદદ કરે છે, પરીક્ષા વખતે કોઇ વિષયમાં સમજણ ન પડતાં બંને મિત્રો એક શિક્ષક બની એકબીજાને શીખવાડે અને એકબીજાની મદદ કરતાં હોય છે. આમ, બંને મિત્રો, એકબીજા માટે હરિવરનાં હાથ સાબિત થાય છે.

વાત એ સમયની છે. જ્યારે રીના વિદ્યાલયમાં ભણતી હતી. ઘર અને વિદ્યાલયની વચ્ચે એક ચઢાણવાળો રસ્તો હતો, પડોશમાં રહેતી રેખા અને સુમન પણ રીના સાથે જ ચાલતા વિદ્યાલય જતા હતા. આજે પણ તેઓ ચાલીને જ વિદ્યાલય આવ્યા હતા. વિદ્યાલયની ઘંટી

વાગતા જ તેઓ પ્રાર્થનાસભામાં પહોંચી ગયા. ભણતા, ગીત-ગાતા, ચિત્ર બનાવતા અને કાંઇક નવા પ્રયોગો કરતાં વિદ્યાલયનો સમય વીતી ગયો અને છુટ્ટી થવાની ઘંટી વાગી. રીના, રેખા અને સુમન બહાર આવી ગયા. આજે તડકો ખૂબ જ હતો. તેઓ પોતાના ઘર તરફ જલ્દી થી ચાલવા લાગ્યા. ચઢાણવાળા રસ્તા સુધી પહોંચતા પહોંચતા તેઓ પસીનાથી તરબર થઇ ગયા. હવે ચઢાણ હતું અને એ પણ પુસ્તક ભરેલા બસ્તા સાથે એટલામાં રીનાની નજર એક સામાન ભરેલા સાઇકલરીક્ષા જે ધીરે-ધીરે આગળ વધી રહી હતી. તેના ઉપર પડી, ઉત્સુકતામાં આવી રીનાએ આગળ આવી જોયું તો કરચલીઓ ભર્યાં એક ચહેરો તેણી ને નજરે પડયો એ વ્યકિત પસીનાથી તરબતર, હાંફતો રીક્ષાને ચઢાણ ઉપર ચડાવા માટે ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. રીનાને વિચાર આવ્યો 'જો તેણી મોટી હોત તો તે રીક્ષાને ખેંચીને ઢલાણ સુધી તો પહોંચાડી જ દેત.' ત્યારે રીનાને મનમાં થયું, કોઇને સુખ પહોંચાડવું કાંઇ ગલત નથી, સુમન અને રેખા ઝડપથી આગળ પહોંચી ગયા હતા. રીના ધીમે-ધીમે છુંપાઇને રીક્ષાની પાછળ આવી ગઇ. તેણીએ ધીમેથી પોતાના બંને નાનાં-નાનાં હાથ તે રીક્ષા ઉપર મુકયા અને તેના કોમળ નાનાં હાથે રીક્ષાને ધક્કો આપવાનું શરૂ કર્યું. રીક્ષા ઝડપથી આગળ વધવા લાગી અને ઝડપથી ચઢાણ ઉપર ચઢવા લાગી. આ જોઇ રીક્ષાવાળાના મનમાં અનેક પ્રશ્નો ઉમટયા, અચાનક રીક્ષા ઝડપથી કેમ ચાલવા લાગી? કયાંક કોઇ સામાન નીચે તો નથી પડી ગયો ને? આમ, વિચારી તેણે પાછળ ફરી અને નજર કરી, તેની આંખો ખુશીથી ચમકી ગઇ જયારે તેણે જોયું બે માસુમ નાના હાથ તેની રીક્ષાને આગળ વધારવામાં મદદ કરી રહ્યાં છે ત્યારે એ વ્યકિત બોલ્યો, 'બેટા, તને જીવનમાં ઘણી કામયાબી મળે.' આ સાંભળી રીનાએ કહ્યું, 'બાબા, તમારા આશીવદિ મને અમીર બનાવી દીધી.' ત્યારબાદ એ વ્યકિત ડાબીબાજુ વળી ગયો અને રીના ચાલતાં- ચાલતાં એના ઘર તરફ જતાં વિચારવા લાગી મને બે હાથ મળ્યા છે. હું બીજાના ચહેરા પર 'ખુશી' લાવવા માટે સમર્થ છું. આમ, રીના તે વ્યકિત માટે હરિવરનો હાથ બની તેમ કહેવું પણ ખોટું નથી.

રીનાની જેમ જ આ દુનિયામાં બધાં આવું વિચારી એકબીજાને મદદ કરે અને એકબીજાનાં હરીવરના હાથ બને તો આ દુનિયામાંથી થોડેક અંશે દુઃખ દુર કરી શકાય છે.

રસ્તામાં મળેલ અજાણ્યો વ્યકિત મુશીબતમાં જણાય તો તેની મદદ કરવાથી, તેનો હરીવરનો હાથ બનવાથી તમારા જીવનનાં ખાતામાં પુણ્યનો એક સિક્કો અવશ્ય જમા થશે.

# સમાજનો સહકાર + મહેનત = સફળતા... સફીન હસન સાહેબ

પટેલ મુસ્તકીમ અલી
એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૩૫

જીવનમાં સફળતા મેળવવા માટે જેટલું મહત્વ મહેનતનું છે, તેટલું જ મહત્વ ઇશ્વરની કૃપાનું છે. ફકત મહેનત કે નસીબના સહારે સફળતા મેળવવી મુશ્કેલ છે, લક્ષ્ય સુધી પહોંચવા માટે તેની પાછળ ઇશ્વરની કૃપા એ અનિવાર્ય છે. તો આ લેખ અંતર્ગત આવી જ એક વ્યકિતની સફળતા વિશે વાત હું રજૂ કરું છું. આ વ્યકિત વિશે વાંચ્યા પછી આપને જરૂર એવું થશે કે ઇશ્વર કે અલ્લાહ આપણી મદદ માટે હંમેશા તૈયાર જ હોય છે.

તો, વાત છે, પોરબંદર જિલ્લાના એક નાનકડા ગામ કનુદરમા જન્મેલા સફીન હસન સરની, કે જેમનો જન્મ તા. ૨૧-૦૭-૧૯૯૫ના રોજ એક મધ્યમ આવક ધરાવતા પરિવારમાં થયો હતો. તેમના માતા-પિતા પાસે શિક્ષણ તથા પૂરતું ભંડોળ ન હોવા છતાં પણ આ વ્યકિતએ મા-બાપની અથાક મહેનત અને તેમની પોતાની મહેનત તથા ઇશ્વરની કૃપાથી દેશની સૌથી અઘરી ગણાતી UPSC ની પરીક્ષા પ્રથમ જ પ્રયાસે ૫૭૦માં ક્રમે આવીને અને દેશમાં સૌથી ઓછી ૨૨ વર્ષની ઉંમરે ઉત્તિર્ણ કરી IPS અધિકારી તરીકે પોતાના જ જિલ્લા પોરબંદરમાં પોસ્ટીંગ મેળવી.

સફીન હસને ધોરણ-૧૦ અને ૧૨માં ૯૨% મેળવ્યા હતા. તેમણે શાળાકીય શિક્ષણ ગુજરાતી માધ્યમમાં મેળવ્યું હતું. ત્યારબાદ B.Tech. ની ડિગ્રી સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્સ્ટીટયૂટ, સુરત ખાતેથી અંગ્રેજી માધ્યમમાં મેળવી હતી. આવા સમયે તેમનું અંગ્રેજી જોઇએ તેટલા પ્રમાણમાં પાકું નહતું અને શહેરના વિદ્યાર્થીઓ તેમની હાંસી ઉડાવતા હતા, એમની મજાક કરતા હતા. આ સમયે પણ તેઓએ પોતાની જાત અને ઇશ્વર પર વિશ્વાસ રાખીને શિક્ષણ મેળવવાનું ચાલું રાખ્યું હતું. શિક્ષણ અપાવવા માટે સફીનના માતા-પિતા અથાગ મહેનત કરતા. તે ઉપરાંત તેમના પરિણામને જોઇને ગામના લોકો અને અન્ય ઘણાં સાથીઓએ પણ મદદ કરી હતી. સફીનભાઇ પણ પોતાના વેકેશનના સમયગાળા દરમિયાન પોતાનો સમય ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકોને જ્ઞાન આપવામાં ગાળતાં હતા, જે અભિનંદનીય અને અનુકરણીય છે.

કલેકટર બનવું તો તેમનું બાળપણનું સપનું હતું. તેઓ જણાવે છે કે જયારે તેઓ ધોરણ-૬માં અભ્યાસ કરતા હતા ત્યારે તેમની શાળામાં કલેકટર સાહેબ આવ્યા હતા. તેમના વ્યકિતત્વથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા ત્યાર પછી તેઓએ કલેકટર વિશે તેમની દાદી પાસેથી જાણકારી મેળવી હતી અને કલેકટર બનવાનું સ્વપ્ન આ ઉંમરે જ સેવી લીધું હતું.

દિલ્હી ખાતે તૈયારી કરવા માટે કલાસની ફી જ નહી, પરંતુ દિલ્હી જવાનું ભાડું પણ તેમની

પાસે ન હતું. પરંતુ ગામના લોકોએ તેમને આ બાબતે ઘણી જ મદદ કરી હતી.

પ્રીલીમનરી પરીક્ષા પાસ કર્યાં બાદ તેઓ મુખ્ય પરીક્ષાનું પેપર આપવા જતા હતા ત્યારે તેમનો અકસ્માત થયો હતો અને ઘણી ઈજા પહોંચી હતી. પરંતુ આજ પરિસ્થિતિમાં તેઓ પરીક્ષા આપવા માટે ગયા અને સફળતા મેળવી હતી, જેનો સમાજ સાક્ષી છે.

મુખ્ય પરીક્ષા પાસ કર્યાં બાદનો તબક્કો એટલે ઈન્ટરવ્યુ. ઈન્ટરવ્યુના બે અઠવાડિયા અગાઉ જ તેમને કોઈ બિમારી થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવાં પડે છે. જેથી તેમને ઈન્ટરવ્યુની તૈયારી માટે વધુ સમય મળતો નથી. પરંતુ આવા સમયે પણ તેઓ પોતાની મહેનત અને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને ઈન્ટરવ્યુ આપે છે. જેમાં તેમની દ્વિતીય ક્રમે સૌથી વધુ ગુણ મળે છે.

આમ, કોઈપણ વ્યક્તિની સફળતા માટે વ્યક્તિની પોતાની મહેનત ઉપરાંત સમાજનો સહકાર અને ઈશ્વરની કૃપા ખૂબ જ જરૂરી છે. સમાજમાં આપણી આજુબાજુ ઘણી વ્યક્તિઓ આપણને મદદ કરવા માટે તૈયાર જ હોય છે જે આપણા તારણહાર બનતા હોય છે. આવી વ્યક્તિઓ વાસ્તવમાં ઈશ્વર કે અલ્લાહના પ્રતિનિધિ જ હોય છે. આપણે એમનો આભાર માનીએ.

જીવનમાં મનુષ્યને
સૌથી વધારે આનંદ ક્યારે મળે?
જ્યારે એ બીજા માણસ માટે
ઘસાઈ છૂટે ત્યારે
સુખની ટોચ પર હોય છે.

- ગુણવંત શાહ

# ભગવાનની મદદનો અદ્‌ભૂત પ્રસંગ

**ટંડેલ રીયાબેન રાજેશભાઇ**
એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૨૬

આ સૃષ્ટિના સર્જનહાર ઇશ્વરને આપણે જોયા નથી પરંતુ તેનો સીધો કે આડકતરો અહેસાસ જરૂર કરી શકીએ છીએ.

ઇશ્વર શબ્દ એક એવી પરમશકિત પ્રત્યે સંબોધન છે. જે તમારા આત્માની શકિતને પોષે છે. સંસારના વિવિધ ધર્મોમાં ઇશ્વરને અનેક નામોથી ઓળખવામાં આવે છે. ઇશ્વરને ભલે ગમે તે નામથી બોલાવીએ પરંતુ તે સર્વોચ્ચ સત્તા છે. જે આ સંસાર અને તેના રહેવાસીઓ અર્થાત આપણને ન માત્ર પોષે છે પરંતુ સંકટના સમયમાં આપણું રક્ષણ પણ કરે છે. ઇશ્વર પર અતૂટ વિશ્વાસ રાખનાર વ્યકિત જીવનની મુશ્કેલીઓને પણ ધીરજથી પાર કરી લે છે કારણ કે તે જાણે છે કે આજે નહિ તો કાલે, ઇશ્વર તેમની રક્ષા કરશે જ અને વિશ્વાસ માનો, ઇશ્વર પોતાના ભકતની ચિંતા તેનાથી પણ વધુ કરે છે. ઇશ્વર કઇ રીતે પોતાના ભકતોના કષ્ટ સમેટી લે છે તે એક સત્ય ઘટનાથી જાણીએ.

એક ડૉકટર એક વખત એમના ઘરથી ખૂબ દૂર આવેલા એક શહેરમાં જઇ રહ્યા હતાં. એમનું નામ ડૉ. માર્ક હતું. તેઓ એક વિખ્યાત કેન્સર સ્પેશીયાલીસ્ટ હતા. તેઓ એક કોન્ફરન્સમાં ભાગ લેવા માટે જઇ રહ્યાં હતા. કોઇ ટેકનિકલ ક્ષતિને કારણે વિમાનને ઇમરજન્સી લેન્ડીંગ કરવું પડયું. આ વિમાન હવે આગળ ઉડાન ભરી શકે તેમ ન હતું. ડૉકટર માર્કે રીસેપ્શન પર જઇને આગળની સફર માટે પૂછપરછ કરી. ત્યાં મદદ માટે ઊભેલ સ્ત્રીને પોતાની પરિસ્થિતિ સમજાવી. જેટલું બને તેટલું ઝડપથી પોતાને કોન્ફરન્સમાં પહોંચવું પડે તેવું છે એ પણ કહ્યું. પોતાને ત્યાં પહોંચવા માટે સૌથી પહેલી ફલાઇટમાં બુકિંગ કરી આપવાની એમણે વિનંતી કરી. એકાદ બે કલાકમાં જ કોઇ ફલાઇટ હોય તો વધારે સારું એવું ભાર દઇને જણાવ્યું. 'માફ કરજો સર !' પેલી સ્ત્રીએ કહ્યું, તમારે જયાં પહોંચવાનું છે એ શહેર તરફ જવા માટે આવતા બાર કલાક સુધી અહીંથી બીજી કોઇ ફલાઇટ નથી. જો આપને ઉતાવળ હોય તો આપ ટેકસી ભાડા પર લઇને સેલ્ફ ડ્રાઇવીંગ કરીને જઇ શકો છો !

કોન્ફરન્સમાં પહોંચવું બહુ જ જરૂરી હતું. આથી ડૉ. માર્ક આ વિસ્તારથી સાવ અજાણ્યા હોવા છતાં ટેકસી ભાડા પર લઇને નીકળી પડયા. જીપીએસ સીસ્ટમ પર તે શહેરમાં ચાર કલાકમાં પહોંચી જવાશે એવો સંદેશો જોઇ ડૉ. માર્કને હાશકારો થયો. પરંતુ એ દિવસે કુદરત પણ જાણે કે ડૉકટરની વિરૂદ્ધમાં બરાબરનો જંગ માંડીને બેઠી હોય એવું લાગતું હતું. હજુ તો એકાદ કલાક થયો હતો ત્યાં જ વાતાવરણમાં ભયંકર પલટો આવવાનો શરૂ થઇ ગયો. વાવાઝોડા જેવો પવન શરૂ થઇ ગયો. થોડીવારમાં જ અનરાધાર વરસાદ વરસવા માંડયો. ડૉકટરને કાર ચલાવવામાં મુશ્કેલી પડવા માંડી. આગળ રસ્તો જોવામાં પણ તકલીફ પડતી હતી. વરસાદ ઓછો થવાને બદલે દરેક ક્ષણે વધારેને વધારે રૌદ્ર સ્વરૂપ પકડતો જતો હતો. એમણે ધીમે ધીમે ગાડી ચલાવવાની ચાલુ જ રાખી. તેમનું જીપીએસ કામ કરતું બંધ થઇ ગયું હતું અને ડૉકટર સાવ અજાણ્યા વિસ્તારમાં પહોંચી ગયા હતાં.

લગભગ ૫-૬ કલાકના સતત ડ્રાઈવીંગ પછી પણ ક્યાં પહોંચ્યા એની કંઇ ખબર પડતી નહોતી. સાવ ઉજ્જડ વિસ્તાર હતો. એક નાનું મકાન દેખાયું એટલે ડૉ. માર્ક ટેક્સી ઊભી રાખી કારમાંથી ઊતરીને એમણે ઘરનો દરવાજો ખખડાવ્યો. એક સ્ત્રીએ દરવાજો ખોલ્યો. ડૉ. માર્ક ખૂબ થાકેલા હતા અને ભૂખ પણ ખૂબ લાગી હતી. ઘરમાં જઇ કંઇ ખાવાનું હોય તો આપવા માટે ડૉ. માર્ક વિનંતી કરી. સ્ત્રી ખૂબ માયાળુ સ્વભાવની હતી તેણે તુરંત રસોઇ બનાવી અને નવા અજાણ્યા મહેમાનને જમવા માટે બોલાવ્યા.

ડૉ. માર્ક સાથે જમવા બેઠા. જમતા પહેલા સ્ત્રી ભગવાનને કઇ પ્રાર્થના કરતી હતી. લગભગ ૩-૪ વખત પ્રાર્થના કરી એટલે ડૉ. માર્કને થયું કે નક્કી સ્ત્રી કાંઇક તકલીફમાં છે. કદાચ કોઇ મદદની જરૂર હોય તો પોતે મદદરૂપ થઇ શકે તેમ હોય તો પોતે તૈયાર છે એવું જણાવવા એમણે કહ્યું, બહેન ! આપને જો કોઇ વાંધો ન હોય અને મારા જેવા અજાણ્યાને કહી શકતા હો તો તમારા દુઃખ વિશે સાંભળવા અને બને તો મદદરૂપ થવા તૈયાર છું. હું જોઇ રહ્યો છું કે તમે કાંઇક મોટી તકલીફમાં લાગો છો. તમે શું પ્રાર્થના કરી રહ્યા છો અને તમને એવું લાગે છે કે ભગવાન તમારી પ્રાર્થના સાંભળશે?

સ્ત્રીએ કહ્યું, 'હું ઘણા સમયથી નિયમિત પ્રાર્થના કરું છું. આજ દિવસ સુધી ભગવાને મારી પ્રાર્થનાનો પ્રતિસાદ આપ્યો નથી પણ ભગવાન પર શ્રદ્ધા છે કે એ મારી પ્રાર્થના એક દિવસ જરૂર સાંભળશે.' ડૉ. માર્કે પૂછ્યું, 'પણ તમે શું પ્રાર્થના કરતાં હતા?' સ્ત્રીએ ખુણામાં રહેલી એક પથારી બતાવીને કહ્યું, 'પેલો મારો દિકરો છે, એને કેન્સર છે અને આ એક પ્રકારનું કેન્સર છે જેની સારવાર માર્ક નામના ડૉક્ટર જ કરી શકે તેમ છે અને મારી પાસે તેમના પાસે જવાના કે સારવાર કરાવવાના પૈસા નથી આથી હું રોજ ભગવાનને પ્રાર્થના કરું છું કે એ કોઇ મદદ કરે અને મારા દિકરાને રોગમુકત કરે.

ડૉ. માર્કની આંખો પહોળી થઇ ગઇ. ક્યાં જવા નીકળ્યા અને ક્યાં પહોંચી ગયા એ સમગ્ર ઘટના એની સ્મૃતિપટ પરથી પસાર થઇ અને એટલું જ બોલ્યા, 'ખરેખર ભગવાન મહાન છે અને હૃદયથી થયેલી પ્રાર્થના સાંભળે જ છે.'

આપણા જીવનમાં બનતી તમામ ઘટનાઓ માત્ર અકસ્માતો નથી હોતા. દરેક ઘટનાઓમાં કુદરતની કોઇ કરામત હોય છે. પ્રાર્થનાએ પ્રિમિયમ વગરનો વીમો છે. ખરા દિલથી કરેલ પ્રાર્થનાનો વીમો જરૂર પાકે છે. પ્રાર્થનાનો વીમો ઉતરાવવા માટે કોઇ એજન્ટની જરૂર પડતી નથી. ભગવાન અને ભકત વચ્ચે થયેલ એક બિનશરતી કરાર છે. પરંતુ કઠિન શરત એ છે કે નિઃસ્વાર્થભાવ હોવો જોઇએ. જ્યારે ભગવાન મુશ્કેલીના શિખર પરથી ધક્કો મારે ને સાહેબ... તો એક વાત યાદ રાખજો

'કાંતો તમને ઝીલી લેશે.
કાંતો તમને ઉડતા શીખવાડી દેશે...'

જન્મતાની સાથે કોઇ ગેરંટી નથી કે ભગવાન આપણને કદી દુઃખના દિવસો નહીં દેખાડે. પણ ચોક્કસ વરદાન આપે છે કે આ દુઃખો સહન કરવાની શક્તિ જરૂર આપીશ. આથી 'કહેતા નહી ભગવાનને કે સમસ્યા વિકટ છે, કહી દો સમસ્યાને કે ભગવાન મારી નિકટ છે.'

# નાની સરખી મદદનું આટલું મોટું વળતર !

**પરમાર અંજલી વિનોદભાઇ**
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૦૯

એક છોકરો હતો. એની ઉંમર પંદર વર્ષની હતી. એ પોતાના અભ્યાસ અર્થે જે કંઇ પણ ફી થાય તેના માટે મજૂરી કરતો હતો. એની સ્થિતિ ખૂબ નબળી હતી અને એ છોકરો પણ ખૂબ જ ગરીબ હતો. તે કોઇ વસ્તુ બજારમાં જઇ વેચતો કોઇના ઘરની સાફ-સફાઇ કરતો. આ રીતે પોતાની ફી ભરતો અને પોતાનું જીવન ગુજારતો હતો.

એકવાર આ છોકરો ખૂબ મહેનત કરી આખો દિવસ કામ શોધે છે. ઘણી જગ્યાએ ફરે છે ભૂખ્યો-તરસ્યો પણ તેને કયાંય પણ કામ ન મળ્યું. થાકયો, હારયો અંતે ભૂખ્યો-તરસ્યો તે એટલો બધો પરેશાન થઇ ગયો. તેનામાં જરા પણ હિંમત ન બચી એકદમ ઢીલી સ્થિતિમાં આવી ગયો અને એણે વિચાર્યું કે હવે કંઇ પણ ન થાય હવે માત્ર મને ભૂખ લાગી છે. હવે હું જયાં જઇશ ત્યાં ખાવાનું માગી લાવીશ.

છોકરો વિચાર કરતો આગળ વધે છે. એવામાં એક ઝૂંપડી આવે છે અને વિચારે છે કે હવે મારે અહીં બેસી જવું છે. બેસી જાય છે અને દરવાજો ખટખટાવે છે. થોડી વાર સુધી કોઇ દરવાજો ન ખોલ્યું પણ પછી એક નાની છોકરી આવે છે. પેલો ભૂખ્યો છોકરો ગભરાઇ જાય છે કે આ નાની છોકરીને શું કહેવું. છતાંય પેલી છોકરી પૂછે છે કે શું થયું ભાઇ? તો પેલો છોકરો મૌન રહે છે. પરંતુ છોકરી એની સ્થિતિ જોઇ સમજી જાય છે કે એને ભૂખ લાગી હશે. નાની છોકરી ઘરમાં જાય છે અને મમ્મીને કહે છે. અંદરથી એ છોકરી એક દૂધ ભરેલો ગ્લાસ લઇને આવે છે. છોકરાને આપે છે. છોકરો રાજીના રેડ થઇ દૂધને ધીમે-ધીમે પી જાય છે, અચાનક છોકરો પૂછે છે કે મારે તમને પૈસા આપવા પડશે ને? કેટલા પૈસા આપું? છોકરી બોલી ના, ના ભાઇ મારાથી પૈસા ન લેવાય કોઇની મદદ કરીએ તો કયારેય પૈસા લેવા નહિ. પછી છોકરો હાથ જોડી કહે છે બહેન તમારો આભાર મારી મદદ કરી. પછી છોકરો ત્યાંથી ચાલ્યો જાય છે.

ઘણા વર્ષો વિતી જાય છે. આ નાની છોકરી પણ મોટી થઇ જાય છે તે એક ગંભીર બિમારીથી પીડાય છે. ગામમાં ડૉકટર પાસે લઇ જવાય છે ડૉકટર કહે છે કે હું આ સ્ત્રીને બચાવી શકુ એમ નથી. તમે શહેરની મોટી હોસ્પિટલમાં લઇ જાવ સ્ત્રીનો પરિવાર લઇ જાય છે. સારવાર થાય છે અને ઓપરેશન કરવાની જરૂર પડે છે તે માટે એક મોટા ડૉકટરની જરૂર પડે છે ત્યાં શહેરોમાં એક કે બે જ ડૉકટર હોય છે. ડૉકટર આવે છે અને પેશન્ટની ફાઇલ જોય છે. માહિતી જોતા જ ડૉકટરને તે ગામ યાદ આવી જાય છે. ખ્યાલ આવે કે હું આ ગામમાં ગયો હતો અને એજ છોકરો હવે મોટો ડૉકટર થઇ ગયો છે. હવે દર્દીને જોતા જ તેને પેલી છોકરીનો ચહેરો યાદ આવી જાય છે. એ છોકરી હવે યુવાન સ્ત્રી થઇ ગઇ હતી અને સાથે યાદ કરે છે કે આજ સ્ત્રી છે કે

જેણે મને ભૂખ લાગી ત્યારે દૂધનું ગ્લાસ આપ્યું હતું. મારી મદદ કરી હતી ડૉકટર ખૂબ જ સારી રીતે એ સ્ત્રીનો ઇલાજ કરે છે. સ્ત્રી સારી થાય છે પણ તેમનો પરિવાર ખૂબ જ ગરીબ હતો. ફી માટે પૈસા નથી. હવે, બિલ ચૂકવવાનો વારો આવે છે. સ્ત્રી જયારે બિલમાં જોય છે એનો પરિવાર જુએ છે કે પૈસા ઘણા બધા લખ્યા છે. તેઓ હતાશ થઇ જાય છે કે રોગમાંથી છૂટી ગયા પરંતુ આ ધનરૂપી રોગમાંથી કઇ રીતે છૂટીશું પછી સ્ત્રીની નજર એક બિલના ખૂણે જાય છે એમાં નોંધ કરી લખ્યું હોય છે કે, 'આ બિલના પૈસા એક ગ્લાસ દૂધમાં ચૂકવાઇ ગયા છે.' આ જોતા જ સ્ત્રીની આંખો ભીની થઇ જાય છે. પરિવાર પણ અંચબિત થઇ જાય છે કે આ શું છે અને નીચે સહી જુએ છે કે આ પેલો છોકરો કે જે ભૂખ્યો હતો ને મદદ કરી હતી. સ્ત્રી ભગવાનનો આભાર માને, આખો પરિવાર ભગવાનને પ્રાર્થના કરે છે કે પ્રભુ તમે આવી રીતે પણ મદદ કરો છો કે કોઇ જાણી નથી શકતું અવનવી રીતે પણ મદદ કરે છે.

મિત્રો ભગવાન આવી જ રીતે આપણી જબરજસ્ત મદદ કરતા હોય છે કુદરતની શકિત છે ભગવાનનો હાથ આપણા સૌ પર છે તો અવારનવાર આપણે જોઇએ છે કે દુઃખ આવે, કોઇ ઘટના બને, કોઇ એવી પરિસ્થિતિ આવે તો એમ થાય કે હવે આ પરિસ્થિતિમાંથી કેમ નીકળશું. પણ હરિ આપણી માટે એ પાતળી રેખામાંથી પણ રસ્તો શોધી કાઢે છે અને ભગવાન કઇને કઇ અંશે એવી મદદ કરે છે કે એ પરિસ્થિતિમાંથી આપણે નીકળી જઇએ છે. ભગવાનની કૃપાની દ્રષ્ટિ આપણા સૌ પર હંમેશા હોય જ છે.

હું એક એવા
એલાર્મ ઘડિયાળની શોધમાં છું,
જે મને
ક્યારે જાગવું તેની સાથે
શા માટે જાગવું
તે પણ જણાવે...

'ધ ઑપ્ટિમિસ્ટ' મેગેઝીનમાંથી
સૌજન્ય : 'પ્રભુના લાડકવાયા' ડૉ. ગુણવંત શાહ

# હરિના હાથ સ્વરૂપે શિક્ષક

**વસાવા ક્રિષ્નાબેન સી.**
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૨૦

મિત્રો, આપણા જીવનમાં ઘણીવાર એવું બન્યું હશે જ્યારે આપણે પરિસ્થિતિથી હાર માનીને હતાશ થઇને બેસી જતા હોઇએ છીએ. આ સમયે એક વ્યક્તિ એવી જરૂર મળે છે જે આપણને એ પરિસ્થિતિમાંથી ઉગારે છે. આ વ્યક્તિ બીજી કોઇ નથી પરંતુ તે 'હરિવરનો હાથ' જ છે જે કોઇને કોઇ સ્વરૂપે આપણી મદદે આવે છે.

હું તમારી સમક્ષ મારા પરિવાર સાથે બનેલા એક પ્રસંગ થકી 'હરિવરનો હાથ' એ વિશે વધારે સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કરું છું.

પપ્પાનું અવસાન વર્ષ ૨૦૦૯ માં થયું ત્યારે હું લગભગ ૧૧ વર્ષની હતી. મારી મોટી બહેન ૧૩ વર્ષની હતી અને નાનો ભાઇ ફક્ત ૮ વર્ષનો હતો. પપ્પાના ગયા પછી ઘરની બધી જવાબદારીઓ મારા મમ્મી પર આવી ગઇ. મારા મમ્મી તે સમયે ખાનગી હોસ્પિટલમાં માત્ર રૂા. ૩,૦૦૦/-ના પગારમાં નોકરી કરતા હતા. મોંઘવારીના સમયમાં રૂા. ૩,૦૦૦/-માં ત્રણ બાળકોને ભણાવવાનું અને વળી ઘરડા સાસુમાની દેખરેખ રાખવાનું કઇ રીતે પરવડે ? મોટી બહેને વર્ષ ૨૦૧૧માં ધોરણ-૧૦ સારા ટકાએ પાસ કર્યું પરંતુ ઘરની આર્થિક પરિસ્થિતિ એટલી નબળી હતી કે જેને કારણે મોટી બહેનને આગળના અભ્યાસ માટે ના પાડવામાં આવી. મોટી બહેને મને અને મારા નાના ભાઇને વધુ સારો અભ્યાસ મળી રહે તે માટે પોતે અભ્યાસ છોડીને કામ કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ તેણી એક કંપનીમાં કામ કરવા માટે જવા લાગી. પરંતુ આગળ વાત કરી તે રીતે 'હરિવરનો હાથ'એ આપણી મદદે ક્યારે અને ક્યા સ્વરૂપે આવી જાય તેની કલ્પના પણ આપણે ક્યારેય કરી હોતી નથી. મારી બહેન માટે પણ ઇશ્વરે (હરિએ) પોતાનો હાથ મોકલ્યો. મારા મમ્મી જે હોસ્પિટલમાં નોકરી કરતા હતા તે હોસ્પિટલમાં તે સમયના શ્રી વી. એસ. પટેલ હાઇસ્કૂલ, કોસંબાના ઇન્ચાર્જ આચાર્ય એવા આદરણીય સુરેશભાઇ પંચોલી સરના કોઇ કુટુંબીજનને દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમની વાત મારા મમ્મી જોડે થઇ. મમ્મી દ્વારા તેમને અમારા ઘરની પરિસ્થિતિ તેમજ મારી મોટી બહેનના અભ્યાસ વિશે જાણવા મળ્યું.

શૈક્ષણિક વર્ષનું નવું સત્ર ચાલુ થયાના લગભગ બે મહિના પૂરા થઇ ગયા હોવા છતાં પંચોલી સર દ્વારા મારી મોટી બહેનનું ધોરણ-૧૧માં એડમીશન કરાવવામાં આવ્યું અને તેણીને તમામ પાઠ્યપુસ્તકો પણ પૂરા પાડવામાં આવ્યા. જેના કારણે મારી બહેન તેણીનો આગળનો અભ્યાસ પૂરો કરી શકી.

મિત્રો, પંચોલી સરએ મારી બહેન માટે હરિવરનો એક હાથ હતા. તેમની મદદને કારણે મારી મોટી બહેન આગળનો અભ્યાસ કરી શકી. આવી જ રીતે આપણા જીવનમાં પણ ઘણી બધી વ્યક્તિઓ 'હરિવરનો હાથ' બનીને આવતી હોય છે અને આપણને અણધારી મદદ કરી જતી હોય છે. તેમને ઓળખીએ, તેમનું સન્માન કરીએ અને તેમના દ્વારા પ્રેરિત થઇ આપણે પણ કોઇના માટે 'હરિવરનો હાથ' બનીએ તેવા પ્રયત્નો કરીએ.

# કર્ણાટકના હરેકલા હજબ્બાની ગજબ કહાની

પટેલ શૈલેષ આર.
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૪૫

આ સમગ્ર સૃષ્ટિ અને તેમાં વસવાટ કરતા બધા સજીવો એ પરમકૃપાળુ એવા સર્જનહાર ઇશ્વર, અલ્લાહ, પ્રભુની દેન છે. સૂરજ, ચંદ્ર, હવા, પાણી, અગ્નિ, આકાશ, પર્વતો, નદીઓ વગેરેમાંથી મળતી ઊર્જા તથા સ્વયં સંચાલિત તંત્ર એ હરિવરે આપેલ આશીર્વાદરૂપે સદાય આપણી ઉપર રહેલો છે. આ સમગ્ર જગતના પદાર્થો, વસ્તુઓ, સંપત્તિઓ, માનવો, પ્રાણીઓ, પક્ષીઓ, કિટકો, જીવજંતુઓએ એકબીજા પર નભે છે. જેથી બનતું સ્વયં સંચાલિત તંત્ર ઇશ્વરીય શકિત વિના અશકય છે.

માનવીનું જીવન એ જન્મથી લઇને મૃત્યુ સુધીની યાત્રા છે. જેમાં સુખ-દુઃખ, આશા-નિરાશાઓ, ઇચ્છાઓ, સપનાઓ, મહત્વકાંક્ષાઓ, ધ્યેયોને સિદ્ધ કરવા માટે માતા-પિતા, વડીલો, કુટુંબ, શિક્ષકો, ધર્મગુરૂઓ, સમાજ અને સમાજ સુધારકો એ હરિવરના હાથરૂપે માનવીના જીવનને સુખી, સમૃદ્ધ અને ઉત્તમ ધ્યેયલક્ષી બનાવે છે.

માનવીના જીવનમાં કેટલીક અણધારી ઘટના બને છે. જે વ્યકિતને ઝંઝોળી નાંખે છે. આવી ઘટનાથી વ્યકિતને હતાશા, દુઃખ, કષ્ટ કે પીડાઓ સહન કરવી પડે છે. પરંતુ આ જ ઘટના વ્યકિતના જીવનને નવી દિશા બતાવે છે. આ અણધાર્યો વળાંક વ્યકિતના જીવનને પ્રભાવી બનાવે છે. ઘણા બધા વ્યકિતઓ પોતાના જીવનમાં બનેલ ઘટના બનવા પાછળનું મૂળભૂત કારણ જાણી સંકલ્પ કરે છે કે 'ભલે હું આ દુઃખમય પરિસ્થિતિમાંથી પસાર થયો છું. પરંતુ અન્ય કોઇપણ વ્યકિતને આવી દુઃખમય, મુશ્કેલ પરિસ્થિતિનો સામનો નહી કરવો પડે તેવા દ્રઢ સંકલ્પ સાથે પોતાનું કાર્ય સતત કરતા રહે છે.' આવી વ્યકિતઓ સમાજના અન્ય વ્યકિતઓને પણ પ્રેરકબળ પૂરું પાડે છે. આવા જ એક સામાન્ય વ્યકિતના અસામાન્ય સંકલ્પની વાત રજૂ કરું છું. જેઓ પોતાના ફળ વેચવાના વ્યવસાયમાંથી ભેગા કરેલ પૈસામાંથી બાળકો માટે વર્ષ ૧૯૯૯માં સ્કૂલ બનાવે છે. આ સામાન્ય ફળ વેંચનાર વ્યકિત એ વર્તમાન સમયમાં અને ભવિષ્યમાં ભણનાર લાખો વિદ્યાર્થીઓ માટે હરિવરના હાથ સમાન બન્યા છે અને બનશે.

હું વાત કરું છું એક ભારતીય સામાજીક કાર્યકર હરેકલા હજબ્બાની જેઓ કર્ણાટકના મેંગલુરૂ શહેરમાં ફળ વેચવાનું કામ કરતા હતા. તેમનો જન્મ એક સાધારણ આર્થિક પરિસ્થિતિ ધરાવતા મુસ્લિમ પરિવારમાં થયો હતો. ગરીબ પરિસ્થિતિના કારણે નાની ઉંમરે જ ભણવાનું છોડી દઇ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે ફળ વેચવાનું કામ શરૂ કરી દીધું હતું. તેથી તેઓ પોતાના વિસ્તારની પ્રાદેશિક ભાષા તથા હિન્દી ભાષા સિવાય બીજી કોઇપણ ભાષા

સમજી શકતા નહતા. એકવાર તેમના જીવનમાં એક એવી ઘટના બને છે કે તેમના જીવનને એક ધ્યેય મળે છે. એકવાર એક મુસાફરે હરેકલા હજબ્બાને અંગ્રેજીમાં ફળોની કિંમત પૂછી પરંતુ હરેકલા હજબ્બા તે મુસાફર શું પૂછે છે તે સમજી શકયા નહતા. તેથી તેમને પહેલીવાર પોતે નિરક્ષર હોવાનું ખૂબ દુઃખ થયું. તેમના જીવનમાં શિક્ષણના અભાવને કારણે શરમ અને સંકોચનો અનુભવ થયો. હરેકલા હજબ્બા તે સમયે સંકલ્પ કરે છે કે 'ભલે હું શિક્ષણથી વંચિત રહ્યો પરંતુ મારા ગામના બાળકો શિક્ષણથી વંચિત નહી રહેશે.' તેમણે ફળો વેચીને પૈસાની બચત કરવાનું કામ શરૂ કર્યું. તેમણે કઠિન સંઘર્ષો કરી સરકારી અધિકારીઓ, નેતાઓ અને પરિવારની મદદથી તેમના ગામની મસ્જિદમાં પહેલા ધોરણની શરૂઆત કરી. તેમણે તેમની અથાક મહેનત અને પરિશ્રમ કરી ખૂબ લાંબા સમયગાળે સ્કૂલ નિર્માણનું કાર્ય શરૂ કર્યું. તેમના આ સ્વપ્નને સાકાર કરવા માટે એકલા હાથે તેમજ સ્વપ્રયત્ને થતાં બધા જ કાર્યો પૂર્ણ કર્યા. તેમના આ કાર્યની જેમ-જેમ લોકોને ખબર પડતી ગઇ તેમ-તેમ ઘણા લોકોએ તેમને સાથ સહકાર અને મદદ કરી તેમનું આ કામ સંઘર્ષ વગર શકય જ નહતું. તેમના મનમાં આ સ્વપ્નનું બીજ એ ક્ષણે-ક્ષણે, દિવસે-દિવસે, અઠવાડિયાઓના અઠવાડિયાઓ, મહિનાઓના મહિનાઓ અને વર્ષોના વર્ષ જીવંત રહ્યું અને તેમના પરિશ્રમ થકી જ આ કાર્ય સફળ થયું. તેમણે ઘણા બધા વ્યકિતઓએ આપેલ દાનની મદદથી વર્ષ ૨૦૦૧ ના ઓગસ્ટ મહિનામાં શાળાની ઇમારત બનાવવાનું ઉદ્દઘાટન કર્યું. જે વર્ષ ૨૦૦૪માં શાળામાં ચાર શિક્ષકો અને ૧૨૫ વિદ્યાર્થીઓ સાથે શાળા શરૂ કરાઇ હતી. આ શાળામાં તેમના અથાક પ્રયત્નોથી વર્ષ ૨૦૦૭માં ઉચ્ચત્તર માધ્યમિક શાળા પણ શરૂ કરવામાં તેમને સફળતા પ્રાપ્ત કરી.

તેમના પોતાના વિષમ સંજોગો હોવા છતાં તેમના વતનમાં શિક્ષણ માટે તેમણે આપેલા અસાધારણ યોગદાન માટે તેમને વર્ષ ૨૦૨૦માં ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પદમશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. સાચે જ શ્રી હરેકલા હજબ્બાએ લાખો કરોડો બાળકોના શિક્ષણ માટે હરિવરનો હાથ જ છે.

મિત્રો, આપણા દેશમાં ઘણા બધા વ્યકિતઓ એવા છે કે બીજાની સેવાને પોતાનો ધર્મ માને છે, તેમને મદદરૂપ બને છે. તેમજ તેમના દુઃખોનો સહારો બને છે. તેવી જ રીતે યુવાનોને નવી દિશાઓ તેમજ તેમને પ્રેરક બળ પૂરૂ પાડે છે. એવા બધા જ વ્યકિતઓ અન્ય વ્યકિતઓ માટે હરિવરનો હાથ જ છે. જે માણસમાં સાક્ષાત ઇશ્વરના દર્શન કરાવે છે. એવા બધા જ વ્યકિતઓને સત સત નમન કરૂ છું. એમનો આભાર માનુ છું.

# જીવનમાં આપણે શું હતા? તે હંમેશા યાદ રાખવું...

કોલચા દિપ્તી સી.
એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૦૧

જીવનમાં હંમેશા વ્યક્તિ પોતે શું છે. આગળ જતા તે શું બને છે. તે કંઇ પરિસ્થિતિમાંથી પ્રસાર થાય છે. તે હંમેશા યાદ રાખવું જોઇએ. આ લેખ અંતર્ગત આવી જ એક વ્યક્તિની સફળતા વિશે વાત કરીએ.

અમદાવાદની અંદર બી. જે. મેડિકલ કોલેજની અંદરના વડા અને મેડિકલના મેડિશ્યિલ વિભાગના પ્રોફેસર સી. સી. ડામોર છે. એવો એનો ઠાઠ કે હોસ્પિટલની અંદર એ વ્યક્તિ આટો મારવા નિકળે તો આજુબાજુના તમામ ડોકટરો, આસિસ્ટન્ટ ડોકટરો, ત્યાંના ભણતા ગ્રેજ્યુએટ ડોકટરો, મેડિકલ વિદ્યાર્થીઓ એની આજુબાજુ ગોઠવાય જાય કે ડામોર સાહેબ પાસેથી કંઇક શીખવા મળે.

હોસ્પિટલના ત્રીજા માળેથી ડામોર સાહેબ નીકળે છે. આજુબાજુ બધા ગોઠવાય ગયા હતા. ત્યાં ત્રીજા નંબરના બેડ પર એક કાકા સુતા છે. ડોકટર ડામોર સાહેબ દર્દીને ઉપરથી નીચે તરફ સુધી જુએ છે. ડોકટરો પણ ઊભા રહી જાય છે અને જુએ છે કપડાં અવ્યવસ્થિત છે. વાળ વિખરાયેલા છે. શરીરનું ઠેકાણું નથી. એ કાકા ૮૨ વર્ષના વૃદ્ધ છે. કાકાના કપાળનું અને આંખ માં એક અદ્ભૂત તેજ હતું.

ડામોર સાહેબ ડોકટરને પૂછે છે કે શું થયું છે આ કાકાને ડોકટર કહે છે કે તેમને તાવ, નિમોનિઆ થયો છે. એમનું કંઇ ઠેકાણું નથી. રોડ પરથી અવ્યવસ્થિત હાલતમાં મળી આવ્યાં છે. છ મહિનાથી અહીં છે. પરિવારમાં એક દિકરો છે એ લગ્ન કરી ફોરેનમાં રહે છે. ત્રણ વર્ષ પહેલાં તેમના પત્નીનું અવસાન થયું છે, એટલા માટે તેઓ એકલા છે.

ડામોર સાહેબ પૈસા આપે છે ને કહે છે આ કાકાને કપડાં લાવી આપો. ખાવા-પીવામાં કંઇ પણ તકલીફના પાડવી જોઇએ. ત્યારબાદ ડોકટર ડામોર સાહેબ હોસ્પિટલમાં ફોન કરી પૂછે છે કે કાકાની તબિયત કેવી છે. તમામ ડોકટરો ગંભીરતાથી આ વાતમાં લાગી જાય છે કે જરૂર આ કાકા જોડે ડામોર સાહેબની લાગણીઓ જોડાય છે. જરૂર નજીકનો સંબંધ લાગે છે.

છ મહિના બાદ ડોકટરો અને ડામોર સાહેબની મહેનતથી સારા કરવામાં આવે છે. ત્યારબાદ પ્રશ્ન થાય છે કે કાકાને રહેવા માટે જગ્યા નથી. પરિવાર નથી તો એ રહેશે કયા? ત્યાં ડામોર સાહેબ કહે છે તમે એને કાલે રજા આપી દો હું થોડીવાર રહી લેવા આવું છું.

બીજા દિવસે સવારે ડામોર સાહેબ તેમના પત્ની સાથે આવે છે. ડામોર સાહેબ વિશે કાકા વિચારે છે કે ડોકટરો દયાળું, માયાળું હોય છે પણ ડામોર સાહેબને આટલી બધી લાગણી શા માટે? હોસ્પિટલના વડા અને એક વૃદ્ધ કાકા જ્યારે રજા લઇ હોસ્પિટલમાંથી હાથ પકડી જતા ત્યારે આખુ હોસ્પિટલ જોવા ઊભું રહ્યું.

કાકાનું નામ કૃપાશંકર ત્રિવેદી હતું. તે કૃપાશંકર ત્રિવેદીના નમ અનુભવતા કે મારી નાની વૃદ્ધ ઉંમર છે. સારા માણસ ગણી વૃદ્ધાશ્રમમાં મને વ્યવસ્થા કરતો હશે પણ હું એમણે કંઇ રીતે

કહેવું કે ભીખ માંગીને પણ ખાઈ લઈશ. પરંતુ તેઓ કંઈ બોલતા નથી. નીચે ગાડી પાસે આવી ઊભા રહે છે.

ત્યાં કૃપાશંકર ત્રિવેદી કાકા કહે છે. સાહેબ તમે મારા ભગવાન છો. મને તમે સારો કરી દીધો એ તમારી મહેરબાની હું ભીખ માંગીને પણ મારું ગુજરાન ચલાવી લેવાય ત્યારે ડામોર સાહેબ કહે છે કાકા દાહોદ જિલ્લાના ગામડામાં રંગપુર ગામમાં એક ચકો રહેતો હતો એ ચકો ભણવામાં ખૂબ હોંશિયાર હતો. એના પિતા દારૂના વ્યસનના કારણે લીવરની તકલીફ ના લીધે નાનપણમાં ગુંજરી ગયો અને માતા દિવાળીબેન ઘરના કામ કરી ચકાનું ભણવાનું અને ઘરનું ગુજરાન ચલાવતા હતા. ચકો શાળામાં બધા શિક્ષકોને પ્રિય હતો. ૧૨માં ધોરણની બોર્ડની પરીક્ષામાં પહેલા ક્રમે હતો અને શાળાના શિક્ષકો અને ઘરે દિવાળીબા કહેતા પરિણામ સારું છે. પરંતુ આપણે ભણવાનું નથી. આપણી પરિસ્થિતિ સારી નથી. મારાથી ઘર નહીં ચાલે. મારું શરીર કામ નથી કરતું.

ચકાની શાળાના શિક્ષક જેમણે ચકો ખૂબ પ્રિય હોય ત્યારે એ શિક્ષકને ખબર પડે છે કે ચકાને ભણવાનું ના કહે છે એમની પરિસ્થિતિ નથી સારી. શિક્ષક દિવાળી બાને સમજાવે છે કે તમારો દિકરો હોંશિયાર છે. તમે એને ભણાવો ત્યારે દિવાળી બા કહે છે કે મારે ભણાવવો છે પરંતુ ઘરની પરિસ્થિતિ ખરાબ છે હવે ભણાવાય એવી સ્થિતિ નથી.

ત્યારબાદ શિક્ષક કહે છે હું મારાથી થાય એ મદદ કરીશ. મારાથી થાય એટલી મહેનત કરીશ પરંતુ તમે ભણાવો અને દિવાળી બા માની જાય છે અને ચકાને એડમિશન અપાવે છે એ શિક્ષક સ્કોલરશીપ પણ અપાવે છે. જે કોલેજ અંદર એડમિશન મળ્યુંને એ કોલેજનો ચકો પ્રોફેસર બને છે. ત્યાં વાતાવરણ શાંત થઈ ગયું.

ડામોર સાહેબની આગળ કાકાની નજર ચાર થઈ જાય છે કે આજે શિક્ષક કૃપાશંકર ત્રિવેદીની મારી જ વાત કહે છે તે હું જ છું તમે તેમને ઓળખો છો. પરંતુ આ ચકાને નહીં ઓળખી શક્યા. કાકા ડામોર સાહેક (ચકા)ને ગળે મળી ભેટી પડે છે અને કહે છે તું આટલો મોટા વડા બની ગયો. ત્યારે સાહેબ કહે છે કાકા મારી બા એ આખી જિંદગી માંગીને પોતાનું ગુજરાન ચલાવ્યું. હું પ્રોફેસર બન્યો તેના બીજા વર્ષે મારા બા ગુજરી ગયા અને મને કહ્યું હતું કે 'હે ચકા તું ગમે એટલો મોટો માણસ બન્યો હોય આટલી મોટી તારી જાહોજલાલી છે, પણ તું કૃપાશંકર ત્રિવેદીનું ઋણ ક્યારેય ન ભૂલતો આ કાકાને કોઈ દિવસ ભૂલતો ના.'

કાકા મને અફસોસ એ વાતનો છે કે તમે મળ્યા એ મળ્યા આવી અવસ્થામાં મળ્યા. જિંદગીની અંદર ચકો જીવતો હશે તો આપડે બહારથી બાજ જેવા આવીશું. ચકો જીવતો રાખજો આ પરથી કહેવાય છે કે, 'નચાવ્યા ઘણાને આજે નાચી રહ્યો છું, દીદા દાન તો હાથ નાચી રહ્યો છે. સમયનું રમકડું બનીને રમ્યો છું એટલે કે હું મારા પ્રભુને ગમ્યો છું કારણ કે એણે જેમ રમાડયો એમ હું રમ્યો છું.'

'આપણે શું છીએ તેની સાથે શું હતા એ હંમેશા યાદ રાખજો.'

ક્યારેક જીવનમા કોઈએ આપણા ઉપર કરેલા ઉપકારો ને ચૂકવાની મજા કંઈ અલગ જ હોય છે. આથી જીવનમાં ક્યારે મોટા માણસ બની ગયા તેનું જીવનમાં મોહ રાખવો નહીં.

# હે ઈશ્વર ! તારો જ એક સહારો...

પટેલ હર્ષાંત્રી આર.
એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૧૭

હે ઈશ્વર...
તારો જ એક સહારો,
તારી સાથે જ મારો નાતો છે
બસ તારી જ લાગણીથી
આ 'ઈશારાને'
શબ્દોનો મળ્યો સહારો છે...

કોઈપણ કાર્યમાં આપણો ભાવ નિર્દોષ હોય ત્યારે ઈશ્વર હંમેશા આપણી સાથે જ છે. માનવીના જીવનમાં ઘણી બધી કટોકટીનો સામનો કરવો પડતો હોય છે. કેટલીક કટોકટીને આપણે એમ વિચારીએ છે કે આપણા ગયા જન્મના પાપ બાકી રહી ગયા હોય કે કંઈ કર્મનું ફળ બાકી હોય તો તે આપણને પ્રાપ્ત થતું હોય છે. કેટલીક કટોકટી એવી હોય છે કે જે આપણા કંટ્રોલમાં ન હોય તો પણ તેને સ્વીકારવી પડે છે.

આપણે બધાં જાણીએ છીએ કે ફેબ્રુઆરી-૨૦૧૯ મહિના સુધીમાં કોરોના વાયરસ નામની મહામારી ભારતમાં પગપેસારો કરી ચૂકી હતી. એ સમય દરમિયાન ઘણી બધી ઘટનાઓ એવી બની કે જેમાંથી તે ઘટનાઓ સાચી માનવી આપણા માટે અશક્ય છે. કેટલીક ઘટનાઓ એવી પણ બની કે લોકોએ લોકોનો સાથ છોડી દીધો, પોતાનો સાથ છોડી દીધો, જે કોરોનાગ્રસ્ત થયા તેઓને રસ્તા પર મૂકી દીધા, કેટલાકે પોતાના જ લોકોની સારવાર પણ ન કરી, તો કેટલાક એવા પણ મળ્યા કે જેમણે નિઃસ્વાર્થભાવે અપરિચિતોની સેવા કરી. દાખલા તરીકે હોસ્પિટલમાં કેટલાંક ડોકટરો અને નર્સો તેમજ વોર્ડ બોયે નોકરી છોડી દીધી પણ કેટલાક ડોકટરો એવા પણ હતાં કે જેમને કોરોનાનો ચેપ લાગવાં છતાં ઘણાં દર્દીઓની સેવા કરી અને પોતે મૃત્યુને વહોરી લીધું, તો એવી જ રીતે દરેક ક્ષેત્રમાં કેટલીક એવી વ્યકિતઓ રહેલી હોય કે જેમના પ્રત્યે આપણને એવું હોય કે આ લોકો તો શું મદદ કરવાના તો એ લોકો પણ આપણને મદદ કરે છે.

અમુક સમયે આપણને એવું લાગે છે કે અમારું આ દુનિયામાં કોઇ નથી તો ત્યારે એવો હાથ આપણી સામે લંબાઇને આવે છે કે આપણને લાગે છે કે એ હરિવર એટલે કે ઈશ્વરનો હાથ છે. જે ઈશ્વર છે તે આપણને છૂપી રીતે મદદ કરે છે. ત્યારે આપણને એવું અનુભવાય છે કે મારા કોઈ જન્મના કોઇ પુણ્ય હશે કે તેથી મને આવો સહારો મળ્યો કે કોઇકે મને શરણાગતિ આપી, તો મારું જીવન બચી ગયું. તો એ શું છે? તો અહીં હું એક વાર્તા રજૂ કરું છું જે સત્ય ઘટના પર આધારિત છે.

જ્યારે કોરોના વાયરસ નામની મહામારી ભારતમાં આવી હતી ત્યારે જે ભારતીય વિદેશમાં હતા તેમને કોરોનાથી બચાવવા ભારત પાછા લાવવાનો સરકારનો પ્રયાસ તો સફળ રહ્યો પણ તેમની સાથે અજાણતા કોરોના વાયરસ પણ ભારતમાં આવી ગયો અને લોકોનું જીવન

બચાવવા માટે સરકારને લોકડાઉન કરવું પડ્યું. જેને કારણે જે લોકો જ્યાં હતા ત્યાં ફસાઇ ગયા. કોઇ પોતાના ઘરમાં સુરક્ષિત હતું, તો કોઇ કામ અર્થે બહાર ગામ, કોઇ હોસ્ટેલમાં, તો કોઇ શ્રમજીવી મીલ કે કારખાનામાં ફસાઇ ગયા. તો કોઇ પોતાના વતનથી દૂર રોજગાર માટે આવ્યા બાદ જે રોજ કમાઇને રોજ ખાતા હતાં તેમની હાલત કફોડી થઇ ગઇ.

એવું જ એક દંપતી સ્મિત અને સુરભી પોતાના એકના એક દીકરા કુશ સાથે મહારાષ્ટ્રના એક ગામમાંથી રોજીરોટી મેળવવા અને બાળકનું ભવિષ્ય બનાવવા સુરત આવ્યું હતું. સ્મિત મીલમાં સુપરવાઇઝર હતો અને સુરભી નાના-મોટા ગૃહઉદ્યોગમાં કામ કરીને બંને જણા બે છેડા ભેગા કરવા મથી રહ્યા હતા ને અચાનક લોકડાઉન થઇ ગયું એટલે બંનેના કામ બંધ થઇ ગયા. સ્મિતે જે થોડી ઘણી બચત કરી હતી તે રૂપિયા અઠવાડિયા પહેલાં જ પોતાની માતાની સારવાર માટે વતન મોકલ્યા હતા એટલે ઘરમાં બહુ જ ઓછા પૈસા હતા. શરૂઆતના થોડા દિવસ જેમ તેમ કરીને કાઢ્યા પણ હવે રહેવું મુશ્કેલ થઇ ગયું. ન તો ઘરમાં અનાજ હતું કે ન રૂપિયા એટલે સ્મિત અને સુરભીએ વતન જવાનું વિચાર્યું.

વાહન વ્યવહાર તો બંધ હતો અને ટીકીટ માટે રૂપિયા પણ નહીં. છતાંય અહીં રહીને ભૂખ્યા મરવા કરતાં તે લોકોએ ચાલતા વતન જવાનો નિર્ણય લીધો. જે થોડા ઘણાં પૈસા હતાં તે, કપડાં, વધેલું ખાવાનું, પાણી વગેરે લઇને તે ત્રણેય ચાલતા થયા. શરૂઆતમાં તો રસ્તામાં ખાતા-પીવાની મદદ મળતી હતી એટલે એક દિવસ, બે દિવસ એમ કરતાં કરતાં ચાર દિવસ તો કાઢી નાંખ્યા. પણ, હવે રસ્તા સુમસામ હતા. માથે કાળઝાળ ગરમી અને ખાવાનું, પીવાનું પાણી હવે ખૂટી ગયું. જે થોડાઘણા પૈસા લઇને નીકળ્યા હતા તે પણ પૂરા થઇ ગયા હતા. હવે તો કોઇ મદદ કરવાવાળું પણ ન હતું. ચાલતા ચાલતા રસ્તામાં કુશના ચંપલ તૂટી ગયા એટલે સ્મિતે પોતાના ચંપલ પહેરાવ્યા પણ કુશના પગ કરતા તે ઘણા મોટા હતા તેથી સ્મિતે કુશને ખભે બેસાડીને ચાલવા લાગ્યો.

કરમની કઠણાઇ તો જુઓ કે હવે સુરભીના ચંપલ તૂટી ગયા. કાળા તાપમાં વગર ચંપલે ચાલવાથી સુરભીના પગમાં દાઝીને પરપોટાં થઇ ગયાં અને પાણી વગર તો તે લોકોની હાલત કફોડી થઇ ગઇ. હવે સુરભીથી ચલાતું ન હતું એટલે તેણે આગળ જવાની ના પાડી. તે લોકો એક ઝાડ નીચે આરામ કરવા માટે રોકાયા. રાત પડી ગઇ હતી એટલે સવારમાં નીકળવાનું વિચારી તેઓ ત્યાં જ સૂઇ ગયાં. સવાર પડતાં કુશે ખાવાનું માંગ્યું ખાવા માટે હોય તો આપે ને. સ્મિતે કુશને સમજાવ્યું કે આગળ જતાં ખાવાનું મળશે એટલે શું તને ખવડાવીશ એમ કહી કુશને ખભે બેસાડીને ચાલવા લાગ્યા. હવે સવારની બપોર પડી. રસ્તા જાણે આગની જેમ ધગધગતા હતા, ને સુરભીના પગ પણ તેનો સાથ છોડવા માંડ્યા, કુશ પણ બાળક હતું... ક્યાં સુધી ભૂખ્યું રહે તે ખાવા માટે રડવા લાગ્યો.

હવે બંનેની હિંમત જવાબ આપી ગઇ. તેઓ એકબીજાને જોઇને રડી પડ્યા. હવે તો ભુખ્યા પેટે સામાનનો ભાર ઝીલવો પણ મુશ્કેલ થઇ ગયો.

સ્મિતે વિચાર્યું કે આમ થોડું થોડું મરવા કરતા તો એકવાર મરવું સારું એટલે તેણે જે રસ્સીથી સામાન બાંધ્યો હતો તે રસ્સી લઇને એક ઝાડ પર બાંધીને સુરભીને કહ્યું, 'એકબાજુ તું ને કુશ લટકી જાને બીજી બાજુ હું... સુરભી તો આ સાંભળી ડરી ગઇ. તે ધ્રુજવા લાગી. સ્મિતે

તેને સમજાવી કે હવે આપણી પાસે મોત સિવાય બીજો કોઇ રસ્તો નથી ને તે છેલ્લીવાર વ્હાલથી સુરભીને ભેટી પડયો અને બંને રડી પડયા. રસ્સીનો એક છેડો કુશ ના ગળામાં ને બીજો છેડો સુરભી ના ગળામાં બાંધ્યો, ને બે છેડાની વચ્ચે નો જે ભાગ હતો તેને ઝાડ પર ફેંકયો, ને તે પોતે ઝાડ પર ચડી ગયો અને વચ્ચેનો રસ્સીનો ભાગ પોતાના ગળામાં બાંધ્યોને બીજી તરફ ફૂદકો માર્યો એટલે આ તરફ સુરભી અને કુશ ઉપર ખેંચાયા.

આંખના પલકારામાં કોઇએ આવીને ત્રણેયને પકડી લીધા. સ્મિતે જોયું તો સામે પોલીસના જવાનો ઊભા હતા. પોલીસે ત્રણેયને નીચે ઉતાર્યા ને પૂછ્યું કે તમે શું કામ આવું પગલું ભર્યું, એટલે સ્મિતે પોતાની આપવીતી ટૂંકમાં કહી સંભળાવી પહેલાં તો પોલીસના જવાને પોતાની જીપમાંથી પાણી લઇને ત્રણેયને પીવડાવ્યું. થોડો નાસ્તાના પેકેટ હતા તે આપ્યા એટલે સુરભીએ કુશને ખવડાવ્યું એને ખાતો જોઇને સુરભી અને સ્મિતની આંખોમાં આંસુ આવી ગયાં.

પેલા જવાને તેમને સાંત્વના આપી અને જીપમાં બેસાડ્યા, તેમને મહારાષ્ટ્રની હદ સુધી મુકીને ત્યાંના પોલીસને તેમના ઘર સુધી પહોંચાડી દેવાની ભલામણ કરી, સ્મિત અને સુરભીને તો જાણે પેલા પોલીસના જવાનોમાં હરિવરના દર્શન થયા હોય તેમ બે હાથ જોડીને કહ્યું કે આજે તમે ન આવ્યા હોત તો અમારા ત્રણેયમાંથી કોઇ ન જીવતું હોત.

ટૂંકમાં એમ કહી શકાય કે આવા ઘણાં સ્મિત-સુરભી હશે કે જેમને હરિવરનો હાથ મળ્યો હશે અને ઘણાં કામ સફળ થયા હોય. તેઓએ આ જન્મ કે કોઇ જન્મમાં કોઇ પુણ્યના કામ-સત્કર્મોના કામ કર્યા હશે કે તેમને આજે નવું જીવનદાન મળ્યું.

તક મળે તકલીફ નહીં
સત્કર્મો એવા કરો
વિકટ સમયે નિકટ રહે
ઇશ્વર એવી આરદા કરો...

આપણે પણ તક મળે કે ન મળે તો કોઇને તકલીફ ન આપી મદદ કરી સત્કર્મો કરતાં રહેવું જોઇએ અને એ કર્મોના ફળની આશા વિના સત્કર્મો કરતાં રહેવું. આજે નહિ તો કાલે ફળ મળશે જ... કારણ કે ઇશ્વર આપણી દરેક પરિસ્થિતિમાં નિકટ હોય છે એ વિકટ હોય કે સરળ. આપણે હંમેશા ઇશ્વરને એવી આરદા કરવી કે હર પળે હાથ રૂપે સાથ આપે અને ઇશ્વર આપણને દરેક ક્ષણે સાથ આપે જ છે...

હે પ્રભુ કેવો છે રે તું...!
શું રમતને શું ગમત મારે
ભૂખ તરસની શું ભાન મારે
કોરા મગજની કસ્તી હું રે
છાપું ત્યાં તો તૂટતી વારે
ગલી ગલીની ભટકતી વાત હું રે
ના સરનામાંના ઠેકણા સાથ મારે
હે પ્રભુ કેવો છે રે તું... !

# સાચા અર્થમાં સમાજ સેવક 'કલ્યાણસુંદરમ્'

સિંધા ઉઝમાબેન ફિરોઝ
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૦૮

કલ્યાણસુંદરમે 'દાન' શબ્દની તદ્દન નવી વ્યાખ્યા આપી છે. તેમણે લગ્ન નથી કર્યા અને પાર્ટ ટાઇમ નોકરીઓ કરી છે. જેથી કરીને તેઓએ ગ્રંથપાલ તરીકે કમાયેલા દરેક રૂપિયા દાનમાં આપી શકે. તેમનું રૂા. ૧૦ લાખનું પેન્શન અને રૂા. ૩૦ કરોડનો પુરસ્કાર પણ ! તો ચાલો એક સરસ માણસ દ્વારા અપાયેલ અસાધારણ યોગદાનની પ્રેરણાદાયી વાત જાણીએ.

જરૂરિયાતમંદ વ્યકિતને આપવા માટે આપણે કેટલીવાર આપણા ખિસ્સામાંથી પૈસા કાઢીએ છીએ. તમે જાણતા ન હોય એવી કોઇ વ્યકિત તમારી પાસે આવે અને નાણાંકીય સહાય માટે પૂછે તો શું તમે મદદ કરશો? કદાચ નહીં. પરંતુ થોડા લોકો છે, બહુ ઓછા, જેઓ જરૂરીયાતમંદોને મદદ કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. 'પાલન' કલ્યાણસુંદરમ્ આવી જ એક વ્યકિત છે.

આ તોતેર વર્ષીય ગ્રંથપાલ ત્રીસ વર્ષથી દર મહિને પોતાની તમામ કમાણી ગરીબોને દાનમાં આપે છે. તમિલનાડુમાં મેલકારીવેલમકુલમ ખાતે જન્મેલા, કલ્યાણસુંદરમે તેમની રોજિંદી રોટી કમાવવા માટે વિચિત્ર પાર્ટ-ટાઇમ નોકરીઓ કરી, જ્યારે તેમણે તેમની બધી બચત અને નિયમિત આવક જરૂયિાતમંદોને દાન કરી દીધી. દરેક પસાર થતા દિવસ સાથે, તે ગરીબો માટે પોતાનું જીવન સમર્પિત કરવાના તેમના ઈરાદા વિશે સ્પષ્ટ થતા ગયા. દેશના ગરીબોની પરિસ્થિતિ જાણવા, તેનો વ્યકિતગત અનુભવ કરવા માટે તેઓ રેલવે પ્લેટફોર્મ અને ફૂટપાથ પર સૂતા હતા.

તેમણે તેમની નિયમિત નોકરીમાંથી એકપણ રૂપિયો પોતાની પાસે રાખ્યો નહતો અને ખૂબ જ સાદું જીવન જીવ્યા હતા. તેમને માસિક પગારથી જે મળ્યું તે બાળકો અને અન્ય જરૂરિયાતમંદોને દાનમાં આપ્યું. કલ્યાણસુંદરમે્ સખત મહેનત કરી જેથી તે દાન માટે વધુ પૈસા કમાઇ શકે. તેમણે લગ્ન પણ ન કર્યા કારણ કે તે પોતાની બધી આવક ગરીબોની મદદમાં ખર્ચવા ઇચ્છતા હતા. તેઓ ગ્રંથપાલ તરીકે નિવૃત થયા પછી, તેમનું રૂા. ૧૦ લાખ પેન્શન દાનમાં આપી દીધું. તેમણે ૪૫ વર્ષ સુધી બાળકોની આસપાસ કામ કર્યું અને તેમની નિવૃત્તિ પછી, તેમણે તેમની સેવાઓ અન્ય લોકો સુધી પહોંચાડવાનું વિચાર્યું. તેમણે 'પાલમ' નામની સંસ્થાની સ્થાપના કરી જે દાતાઓને ગરીબો સુધી પહોંચાડવામાં મદદ કરે છે. તેઓ કહે છે કે, 'જ્યાં સુધી આપણે સમાજમાં કોઇને કોઇ રીતે યોગદાન આપીએ નહીં, ત્યાં સુધી આપણે આપણી જાતને ટકાવી શકતા નથી. મને દ્રઢપણે લાગે છે કે જો એક વ્યકિત પણ સામાજિક ભલાઇ માટે પોતાનું કામ કરે તો થોડો બદલાવ આવશે.'

લાઇબ્રેરી સાયન્સમાં સૂવર્ણ ચંદ્રક વિજેતા અને સાહિત્ય અને ઈતિહાસમાં એમ.એ., કલ્યાણસુંદરમ્‌ને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે તેમને મળેલી કુલ ઈનામી રકમ રૂા. ૩૦ કરોડ તાત્કાલિક જરૂરતમંદોને દાનમાં આપી દીધી હતી.

આપણા દેશમાં અને દુનિયામાં આવા અનેક મહાનુભાવો છે કે જેના થકી માનવજાતનું ભલું થયું છે. આવા હરિવરના હાથ સમા સૌ મહાનુભાવોને વંદન...

Nothing is ever too much for God to handle.

# કિસ્મતથી તકદીર સુધીની સફર

**સૈયદ માહનુર જાકીરહુસેન**
એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૧૨

'પગલું માંડુ હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ,
અંજપાની સદા સૂની શેરીએ
ગાતો આવે અદીઠો સંગાથ
જાગીને જોઉં તો કોઇ નથી એકલું.'
- મકરંદ દવે

આકાશથી લઇ ભોમ સુધી, જળથી લઇ અગ્નિ સુધી, નદીઓથી લઇ પહાડો સુધી, અંધકારથી લઇ પ્રકાશ સુધી, વસંતથી લઇ પાનખર સુધી વગેરે જેવા અદભૂત નજારાઓનું સર્જન કરનાર એટલે 'હરિવર'.

હરિવરે જેના માટે આ સુંદર સૃષ્ટિનું સર્જન કર્યું તેનું એક માત્ર મુખ્ય કારણ એટલે 'માનવી' અને એટલે જ આ અદ્વિતીય પ્રકૃતિ અને માનવીના કણે-કણમાં હરિ સામેલ છે. તેમજ આપણા જીવનમાં પણ તેઓ ૨૪×૭ એકપણ રજા પાડયા વિના આપણા જન્મથી લઇ છેક મૃત્યુ સુધી હાજર જ છે.

જીવન એક એવી યાત્રા છે કે જ્યાં કયારેક આપણા માટે રોડારૂપ બનેલો પથ્થર મંઝીલ ખડી કરી આપે છે. પરંતુ આપણે કયારેક-કયારેક હરિનો સંગાથ અવગણી નાખીએ છીએ અને તેઓ આપણી સાથે છે કે નહીં તેની ઉપર આપણે પ્રશ્નો કરીએ છીએ, PK ફિલ્મનું એક ખૂબજ સરસ ગીત લખાયું છે.

'है सुना ये पूरी धरती नुं चलाता है
मेरी भी सुनले अरज मुझे घर बुलाता है
है भगवान कहा रे तु,
ए खुदा है कहा रे तु !'

તો પ્રિય વાચકો, હવે હું મારા જીવનનો અકલ્પનીય સ્વાનુભવ જયાં મને સાક્ષાત 'હરિવરનો હાથ' અનુભવાય છે તેનું વર્ણન કરવા જઇ રહી છું.

'કિસ્મત' અને 'તકદીર' વચ્ચે થોડોક અંતર રહેલો છે. 'કિસ્મત' તેને કહેવાય કે જે આપણે આ ધરતી પર આવીએ તે પહેલાં જ પ્રભુ દ્વારા લખાઇ ચુકી હોય છે. પણ 'તકદીર' તેને

કહેવાય કે જે આપણા જન્મ પછી આ દુનિયામાં આવ્યા બાદ આપણી કિસ્મતને બદલી નાખે. પરંતુ એક વાતની સામ્યતા એ છે કે, કિસ્મત લખનાર અને તેને તકદીરના સ્વરૂપમાં ફેરવનાર એટલે એક માત્ર એક પ્રભુ/હરિ જ છે. જયારે કોઇને કિસ્મત તકદીરમાં તબદીલ થાય છે ત્યારે તે ફકીરને પણ રાજા બનાવી ફકીર બનાવી દેતી હોય છે.

મારી જિંદગીના વહેણ પણ પ્રભુએ તકદીરના કિનારે પાર પાડયા છે. આચાર્ય વિજય રત્નસુંદરસુરિજી લખે છે કે 'ત્રણ પાનાનું પુસ્તક એનું નામ જિંદગી, જેમાં પહેલું પાનું જન્મનું અને ત્રીજું પાનું મરણનું. આ પહેલું અને ત્રીજું પાનું આપણને બાય ડિફોલ્ટ પ્રભુ તરફથી લખાયેલા જ મળે છે. મેં પણ બાય ડિફોલ્ટ જયાં મારી કિસ્મત લખાઇ હતી એક એવા પરિવારમાં જન્મ લીધો હતો. ત્યાં જન્મ લેતાની સાથે જ મારી કિસ્મત નિશ્ચિત હતી કે, અહીંયા મારું ભવિષ્ય પણ ગામની કોઇક ધોરણ-૮ કે ૧૦ પાસ છોકરીની જેમ સીમિત હશે કારણ કે મેં એક એવા પરિવારમાં જન્મ લીધો હતો કે જયાં મારી દુનિયા કુવાના દેડકા સમાન હતી. ત્યાં સારી જીવનશૈલી, મુકત વિચારસરણી, સુવિધાઓ, ભણતરની જાગૃતિ, પોતાની પસંદગી નક્કી કરવાનો હક આ તમામ બાબતોનો અભાવ હતો.

જો હું આજે મારા પિતાના પરિવારમાં જીવન વિતાવી રહી હોત તો હું આજે આ પાના ઉપર આ શબ્દો અને ભાવોને કંડારી શકતી ન હોત અને તમે મને અત્યારે વાંચી રહ્યા ન હોત ! આ એક ખૂબ જ મોટી અકલ્પનીય હકીકત છે કે મારી કિસ્મતમાં જે પરિવાર અને જે ઘર લખાયું હતું ત્યાંથી મારી કિસ્મતે યુ-ટર્ન લઇ લીધો. બાળપણથી જ મારો ઉછેર અમુક કારણોસર મારા મામાના ઘરે થયો. મામાના ઘરે જીવવાની રીતભાત અને મારા પિતાના ઘરે જીવવાની રીતભાત અને તેઓની માનસિકતામાં જમીન - આસમાનનો ફરક હતો. મામાના ઘરે મારા માટે ઉડવા સ્વતંત્ર આકાશ હતું. જયારે પપ્પાના ઘરે એક પિંજરા જેવું જીવન હતું. અમુક કારણોસર મારા મામા મને જન્મથી જ તેમના ઘરે લઇ આવ્યા હતા. ત્યારબાદ હું લગભગ જ વર્ષની હતી ત્યારે મારા પપ્પા પણ મૃત્યુ પામ્યા હતા. આથી મારે ફરી પાછું પિતાના ઘરે કદીયે વળવાનું થયું જ નહિ.

મારી કિસ્મત સીધી ભોંય પરથી ઉઠીને સોનાના પલંગ ઉપર બિરાજમાન થઇ ગઇ. મારા મામાએ મને જિમ્મેદારી અને પ્રતિબદ્ધતા સાથે ભણાવી. મેં સારી કોલેજમાંથી એમ.કોમ. પૂર્ણ કર્યું. ત્યારબાદ હું પગભર બની શકું તે માટે મેં બી.એડ્.ને પસંદગી આપી. બી.એડ્. કરાવવાની જિમ્મેદારી પણ તેમણે સહર્ષ સ્વીકારી. મારો કહેવાનો તાત્પર્ય એ છે કે, આજે હું ઘણી સારી સફળતાઓ સાથે અહીંયા સુધી પહોંચી, સમાજમાં હું આદર - માન સમ્માનને લાયક બની, મારી થોડી-ઘણી ઓળખાણ હું આ સમાજને આપી શકી, ઘણી બધી વિશેષતાઓ કેળવી શકી

તેનો તમામ શ્રેય મારા મામાને જાય છે.

'God is the best planer' જો મારી કિસ્મત બદલાઇ ન હોત તો આજે આ 'માહનુર' નામની છોકરીની ગણતરી આ ધરતી ઉપર એક માત્ર સંખ્યા કરતાં વિશેષ કંઇ પણ ન હોત ! પરંતુ આજે મારી કારકિર્દીનો પ્રકાશ, મારા વ્યકિતત્વનો પ્રભાવ, મારામાં મૂલ્યોનું સંવર્ધન, આ તમામ વિશેષતાઓની ગણતરી એવી રીતે થાય છે જેમ શૂન્યની સંખ્યા કોઇક સંખ્યાની પાછળ વધતી જાય ! મારી કિસ્મતે મને તકદીર સુધી પહોંચાડવા અનેક કપરાં સંજોગો નિર્માણ કર્યા પણ તેના મીઠાં ફળ આજે મને મળી રહ્યા છે. મારા મામાએ મને નવું જીવન આપ્યું, વિશાળ દ્રષ્ટિકોણ આપ્યો, સારી કારકિર્દી આપી અને આ બધાની બદોલત આજે હું એક લેખિકા અને કવિત્રી બનવાની દિશાઓ તરફ પણ આગળ વધી રહી છું. મને કવિતાઓ લખવાનો હુનર પણ ભગવાન તરફથી ભેટ સ્વરૂપે જ મળ્યો છે. કારણ કે એક દિવસે અચાનક કોઈપણ જાતના પૂર્વ પ્રયાસો વિના મારી કલમ ચાલી પડી હતી. આજે હું જયારે જયારે કવિતાઓ લખું છું, એક વકતા તરીકે મંચ ઉપર બોલું છું ત્યારે મને મારી કલમ અને વાણીમાં સાક્ષાત હરિનો સંગાથ અને હરિનો વાસ, અનુભવાય છે. કારણ કે તેઓએ મને અહીંયા સુધી પહોંચાડવા અનેક સંજોગો નિર્માણ કર્યા છે.

અંતે હું એટલું જ લખીશ કે, જો મારા મામાએ મારા જીવનને દિશા આપી ન હોત તો આજે મને શિક્ષિકા બનવાનું અનેરું સૌભાગ્ય પણ મળ્યું ન હોત.

My life is a miracle and for that I am very thankful to the god from the bottom of Heart.

એની સાથે લાખ મતાંતર હોય ભલેને,
સંબંધ શું કરવા એથી ખારો કરવાનો?

ઢોર, પશુ, પક્ષી, માણસમાં ભેદ કરે નહિ,
ધર્મ સહજ છે વૃક્ષોનો, છાંયો કરવાનો.

કવિશ્રી **સુનીલભાઈ શાહ**, સુરત

# પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ...

**લાડ ઉર્વશીબેન મનહરભાઇ**
એફ.વાય.બી.એડ્., રોલ નંબર-૧૪

પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા જ હરિવરનો હાથ છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરૂભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ કરૂણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આકુતિ આપનાર નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત મૂર્તિ, સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરૂણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

પ્રમુખસ્વામી મહારાજનો જીવનમંત્ર છે.

'બીજાના ભલામા આપણું ભલુ',

'બીજાના દુઃખમાં આપણુ દુઃખ',

'બીજાના ઉત્કર્ષમાં આપણુ ઉત્કર્ષ',

'બીજાના સુખમાં આપણુ સુખ'

આ જીવનમંત્રે જ ૯૫ વર્ષ સુધી તેઓ બીજાના માટે જીવન સમર્પણ કર્યું. કયારેય પોતાનો વિચાર કે પોતાના માટેનો વિચાર નથી કર્યો.

પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ૭મી ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ બરોડા પાસેના ચાણસર ગામમા થયો હતો. તેમનું બાળપણનું નામ શાંતિલાલ પટેલ હતું, તેમણે ૧૯૪૦માં બીએપીએસના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પાસેથી હિન્દુ સ્વામી તરીકે દીક્ષા લીધી ત્યારથી તેમને શાસ્ત્રી નારાયણ સ્વરૂપદાસના નામથી ઓળખવામાં આવ્યા હતા. પછીથી તેમને ૧૯૫૦માં બીએપીએસના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યાં. યોગીજી મહારાજ (ગુરૂ) તેમણે પ્રમુખ સ્વામી મહારાજને તેમના આધ્યાત્મિક અનુગામી અને બીએપીએસના ગુરૂ તરીકે ઘોષણા કર્યા. જેની ભૂમિકા તેમણે ૧૯૭૧માં શરૂ કરી હતી.

બીએપીએસ પ્રમુખ તરીકે પ્રમુખસ્વામી મહારાજે ગુજરાત કેન્દ્રિત સંસ્થાને વિશ્વ ફલક પર ફેલાવી. તેમણે નવી દિલ્હી અને ગુજરાતના ગાંધીનગરમા સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરો સહિત ૧૧૦૦થી વધુ હિંદુ મંદિરો બનાવ્યા.

તેમણે બીએપીએસ દાનના પ્રયત્નોને પણ આગળ ધપાવ્યો હતો. જે બીએપીએસ સાથે સંકળાયેલ સેવાભાવી સેવા સંસ્થા છે.

કડકડતી ઠંડીમાં પોતે ખુલ્લામાં સૂઇને કે પોતે ભૂખ્યા રહી બીજાની સેવા કરવાની અને બીજાને તેની જાણ પણ ન થાય તેટલી સહજતાથી સેવા કરવાની સ્વામીશ્રીની વિલક્ષણતા રહી છે. પ્રસંગ છે...

સને ૨૦૦૦ની આ વાત છે સંસ્થાના એક ઉત્સવ પ્રસંગે અકસ્માતમા વલસાડના એક સાગરખેડુ ખારવાનો નાનો બાળક ઘવાયો હતો એને તાત્કાલિક સુરતની મહાવીર જનરલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો. સ્વામીશ્રીએ નિર્દોષ બાળકની પરિસ્થિતિ સાંભળી દ્રવી ઊઠ્યા હતા એ જ દિવસોમાં સ્વામીશ્રીને સુરત આવવાનું થયું. એક સવારે અચાનક જ તે બાળકને મળવા જવાની તેમણે ઇચ્છા દર્શાવી તાત્કાલિક તેઓ નીકળ્યા. પરંતુ રસ્તે જતા ખબર પડી કે ત્યાં સુધી મોટર પહોંચી શકે તેમ નથી કારણ કે રોડની બંને બાજુ ખોદકામ થયુ હતું. પરંતુ સ્વામીશ્રી થોભ્યા નહિ છેક સુધી ચાલીને જવાની તેમણે ઇચ્છા દર્શાવી.

વૃદ્ધ વયે સેવકનો હાથ પકડીને બે બાજુ ખાડાવાળા રોડ પર ખાડાઓ ઓળંગતા અને માટીના ઢગલા ખૂંદતા સ્વામીશ્રી હોસ્પિટલ પહોંચ્યા ICU માં જઇને એ બાળકના મસ્તક પર મૃદુ પ્રેમાળ હાથ ફેરવતા ફેરવતા સ્વામીજી તેને બોલાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

પ્રશાંત, જય સ્વામિનારાયણ... જો કે પ્રશાંત તો ગાઢ તંદ્રામાં ઘવાઇ ગયો હતો. પરંતુ, સ્વામીશ્રીને શ્રદ્ધા હતી કે એ બાળક જરૂર તેમનો સ્વર સાંભળી રહ્યો છે. પ્રશાંતના પિતાને આશ્વાસન આપ્યું. એક સ્વજન કરતાંય વિશેષ મમતા દાખવી.

હોસ્પિટલમાંથી બહાર આવીને ફરીથી એ ખાડા અને ઢગલાઓ ઓળંગીને મોટર સુધી પહોંચ્યા આ તકલીફ વેઠ્યાનો એમને સંતોષ હતો. એક નિર્દોષ, અબુધ અને ગરીબ બાળકના દુઃખમાં ભાગ લીધાનો ! એટલું જ નહિ પરંતુ અઢી લાખ ઘરોમાં પધરામણી કરીને લોકોના સુખ - દુઃખમાં ભાગીદાર બન્યા છે તથા સાત લાખથી પણ વધુ પત્રો લખીને લોકોના પ્રશ્નોના ઉકેલ આપ્યા છે. ૧૦૦૦થી પણ વધુ દેશ-વિદેશના યુવાનો ઘર સંસારનો ત્યાગ કરી સાધુ બન્યા છે. ફક્ત પ્રમુખસ્વામી મહારાજના જીવનથી અને તેમના પોતાના પ્રત્યેના ભાવ લાગણીથી એમાંય કેટલાય યુવાનો પીએચ.ડી., ડૉક્ટર અને એન્જિનિયર છે તો કેટલાય પોતાની માતાના એકના એક સંતાન છે.

સમાજના કાર્યોમાં પણ બીએપીએસ સંસ્થા અગ્રતા ક્રમ અનુભવે છે. ૨૦૦૬ની સુરતમાં પાણીની રેલ આવી હતી ત્યારે પ્રમુખસ્વામી મહારાજ અને તેમના હરિભક્તોએ ઘરે ઘરે જવાનો

પ્રયત્ન કરી અનાજ - શાકભાજી પૂરા પાડયા હતા.

૨૦૦૧મા જયારે કચ્છમાં ભૂકંપ આવ્યો હતો જેના કારણે ભચાઉ તાલુકાના ચોબારી ગામ તથા આજુબાજુના ગામના મકાનો પડી ભાંગ્યા હતા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે - બીએપીએસ સંસ્થાએ નવા મકાનો બનાવી આપ્યા હતા. એટલું જ નહીં પરંતુ સમાજ સુધારણા માટે વ્યસન મુકિત અભિયાન, પ્રકૃતિની જાળવણી અભિયાન જેવા કાર્યો કર્યાં છે.

એમના કાર્યથી તથા તેમના પ્રત્યેના ભાવથી 'એ.પી.જે. અબ્દુલ કલામ' સાહેબે પ્રમુખસ્વામી મહારાજ સાથેની તેમની આધ્યાત્મિક યાત્રા ઉપર પુસ્તક લખ્યું છે જેનું નામ છે : Transcendence' એટલે 'પરાત્પર'.

વિશ્વવંદનીય ગુરૂ પ્રમુખસ્વામી મહારાજે તેમના કાર્યો અને લોકો પ્રત્યે વિનમ્ર ભાવોથી લોકોને પોતાના તરફ આકર્ષાયા છે. પ્રમુખસ્વામી મહારાજે ૯૫ વર્ષ સુધી બી.એ.પી.એસ. સંસ્થાને ખૂબ જ સારી રીતે મેનેજમેન્ટની દ્રષ્ટિએ આગળ રાખી છે. આ ઉપરાંત કેટલાક એવોર્ડ અને પુરસ્કારથી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજ ૯૫ વર્ષ સુધી લોકો માટે જીવ્યા છે અને લોકો માટે જ પોતાનું જીવન સમર્પણ કર્યું હતું અને ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ સારંગપુરમા તેઓ સ્વધામ પધાર્યા પરંતુ આજ દિન સુધી લોકોના હૃદયમાં વસ્યા છે અને હાલમા મહંતસ્વામી મહારાજ એ બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ (ગુરૂ) તરીકે તેમના અનુગામી છે જેઓ પણ આજ પ્રમાણેના કાર્યો સમાજ - દેશ માટેની સુખાકારી માટે કરી રહ્યા છે.

બાબુ મોશાય !
જિંદગી બડી હોની ચાહિયે,
લંબી નહીં.

ફિલ્મ '**આનંદ**'નો ડાયલોગ

# मेरे लिए हरिवर बनने वाले हाथ

शुकला स्वाति
एस.वाय. बी.एड्., रोल नंबर - 46

हरिवर का हाथ हमारे जिंदगी मे कुछ इस तरह है कि ये जाने अनजाने मे भी हमारा साथ कभी नही छोडता । ये हाथ हम सबके जिवन मे कई बार हमे एहसास दिलाता है । कि इस मोह भरे संसार में भी जब हमारे साथ कोई भी खड़ा नही होता तब ये हाथ हमारा साथ जरुर थामता है ।

कई बार हमे ऐसा प्रतित होता है कि भगवान ने सारी तकलीफे हमारे ही हिस्से में लिखी है । पर कुछ वक्त बाद हमे ये एकसास जरुर होता है । कि जो भी होता है, कि जो भी होता है उसके होने की पिछे कोई ना कोई वजह जरुर होती है । और इन मुश्कीलो भरी डगर में अगर हमारा साथ कोई देता है तो वो है हरिवर का हाथ ।

मैने मेरी जिंदगी मे कोई बार महसूस किया है कि मै बहुत तकलीफो से घीरी हुँ । कई बार बिखरा हुआँ महसूस किया है । पर अपनी हिम्मत जुता कर फिर से खड़े होने मे मुझे हमेशा ऐसा लगा कि ये हाथ मुझे किसी ना किसी रुप मे मेरे पास मदद के लिए जरुर आये है । कभी किसी दोस्त के हाथ की तरह, कभी माँ-बाप के रुप में, कभी जीवनसाथी के रुप में और कभी संतान के रुप में । ईश्वर ने अपना हाथ किसी ना किसी रुप में हमेशा मेरे हाथ को थामा है । अगर कभी किसी ने मुझसे पूछा कि आपने ईश्वर को देखा है । तो मेरा उत्तर हंमेशा हाँ होगा । हर वो हाथ जब भी मुझे किसी मुश्कील से बचाने के लिए, मुझे संभालने के लिए उठे है । वो तो मेरे प्रभु के हाथ ही है ।

जिंदगी को जिओ उसे
समझने की कोशिश ना करो...
चलते वक्त के साथ चलो
वक्त को बदलने की कोशिश ना करो...
दिल खोल कर सांस लो
अंदर ही अंदर घुटने की कोशिश ना करो...
कुछ बाते ईश्वर पर छोड़ दी
सब कुछ सुलझाने की कोशिश ना करो...

मैने अपना जिवन ज्यादातर हाँस्टल मे बिताया है । नवोदय में पढ़ने की वजह से मै दस साल

के उम्र से ही घर से बाहर हॉस्टल में रहती थी। उस दस साल के बच्चे को संभालने वाले हर हाथ हरिवर के हाथ ही तो थे। वरना माँ-बाप के बिना जिंदगी बिताना कितना मुश्कील है ये हम सब को पता है।

मैंने बचपन से अबतक अपने जीवन मे बहुत से उतार चढ़ाव देखे है। कई बार जिंदगी मे ऐसा लगा सब खत्म हो गया पर उस वक्त हरिवर ने किसी ना किसी तरह मेरी मदद जरुर की, मुझे संभाला, मुझे नई राह दिखाई। मैने कभी भी ऐसा महसूस नही किया कि प्रभु ने मेरा हाथ छोड़ दिया है।

हमारे नवोदय में ९वी कक्षा में एक माइग्रेशन प्रोसेस होता है। जिसमे दो राज्य के बच्चे एक राज्य से दूसरे राज्य जाते है। पूरे एक साल के लिए। हम भरुच के बच्चो को राजस्थान (अजमेर) भेजा जाता था। और मेरी बेच में भी १८ बच्चो को अजमेर भेजा गया उनमें से मैं भी एक थी।

शुरुआत मे मैं बहुत खुश थी पर जब मैं वहाँ पहुँची और वहाँ का माहोल देखा तो मैं बहुत डर गई। मैने गुजरात में रैगिंग कभी नही देखा था । और वहाँ खुले आम रैगिंग होता था। और कोई टिचर भी कुछ नही बोल सकता था। मैने वहाँ एक महिना ही बिताया था। तब तक वहाँ पर टिचर के ट्रासफर आर्डर आए और हमारी हाऊस वॉर्डन चेंज हो गई। और नई हाऊस वॉर्डन का आना मेरे लिए किसी हरिवर के हाथ से कम नही था।

मेरी सारी समस्याएँ उन्होने सुलझाई और मुझे बहुत हिम्मत के साथ परिस्थितियों के सामने लड़ने के लिए तैयार किया। उन्होने मुझसे कहा हॉस्टल मे तुम्हे रहना है मुझे नही लड़ना तुम्हे पड़ेगा। मै सिर्फ साथ दे सकती हुँ... तुम्हारे लिए लड़ नही सकती। उस दिन से ये तो समझ मे आ गया कि अपनी परेशानीयो के सामने तो खुदको ही लड़ना होगा।

जब मेरा सपना बैंक में सरकारी नौकरी लेने का पूरा नही हुआ तब भी मुझे बहुत तकलीफ हुई थी। मैं काफी हद तक डिप्रेशन मे चली गई तब मेरे पुरे परिवार ने मुझे नई राह दिखाई। तब मुझे बी.एड्. नही करना था। पर आज मुझे एहसास हो रहा है कि मेरे परिवार व मेरे भविष्य के लिए यही राह सही है। मुझे यकिन हो गया भगवान के हर फैसले के पिछे कोई ना कोई छुपी वजह होती है। प्रभु हर हाल में हमारा हाथ थामे रखते है।

# વાર્ષિક અહેવાલ... વર્ષ : ૨૦૨૧-૨૨

**વરિયા ધ્રુવકુમાર દેવરાજભાઇ**
સામાન્ય મંત્રી, એસ.વાય.બી.એડ્., રોલ નંબર-૨૮

"Education is the most powerful weapon which you can use to change the world and educators are the most powerful person which you can use to transform yourself."

આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર સંલગ્ન કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડના વર્ષ ૨૦૨૧-૨૨ ના તાલીમાર્થીઓમાંથી કોલેજના અધ્યાપકશ્રીઓએ અને તાલીમાર્થીઓએ મને વિશ્વાસપાત્ર ગણી સામાન્યમંત્રી તરીકે બિનહરીફ વરણી કરી તે બદલ હું ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. કોલેજના સામાન્યમંત્રી તરીકે વિવિધ પ્રવૃત્તિઓ, આયોજન અને કાર્યક્રમનો ચિતાર રજૂ કરતા હું અનહદ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

'તાલીમ' શબ્દની સાથે સતત સંકળાયેલી સંસ્થાનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ. ખૂબ જ સારી તાલીમ પામેલા અને અઢળક અનુભવ ધરાવતા અધ્યાપકો આ રથરૂપી સંસ્થાને ખૂબ જ સારી રીતે ચલાવી રહ્યાં છે. ટીમ વર્ક અને સરળતા શબ્દનો પર્યાય એટલે કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ ઉત્તરોત્તર પ્રગતિ કરી કોલેજના તમામ અધ્યાપકોની સંનિષ્ઠ કામગીરીને લીધે કોલેજ કરી રહી છે અને તાલીમાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ પૂરું પાડવા માટે સતત પ્રયત્નશીલ અને જાગૃત છે.

કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ તાલીમાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષક બનવા માટે તેમજ વ્યવસાયલક્ષી અને વ્યવહારલક્ષી વિકાસ થાય તે માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. તાલીમાર્થીઓ આ સંસ્થામાં શિક્ષક બનવા પહેલા સતત કાર્યશીલ વિદ્યાર્થી બનવાની ખૂબ જ સારી તાલીમ મેળવી શકયા છે. તેમજ આ કાર્ય માટે અને તાલીમાર્થીના સર્વાંગી વિકાસ માટે કોલેજ પરિવાર સતત પ્રયત્નશીલ રહે છે. સતત પરિશ્રમમાં માનનારા કોલેજના અધ્યાપકશ્રીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ તેમજ પોતાના અધ્યયન અનુભવો દ્વારા તાલીમાર્થીઓમાં માહિતી જ્ઞાન અને કૌશલ્યોનું સંક્રમણ/નિર્માણ કરે છે.

આમ, કોલેજના અધ્યાપકશ્રીઓ પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય તાલીમ, સલાહ સૂચન અને માર્ગદર્શન આપી એક શ્રેષ્ઠ શિક્ષકની સાથે સમાજ અને રાષ્ટ્રમાં જવાબદાર નાગરિકનું નિર્માણ કરે છે.

દ્વિવર્ષીય બી.એડ્.ના અભ્યાસમાં વર્ષ ૨૦૨૦-૨૧ એટલે કે અમારૂં પ્રથમ તાલીમી વર્ષ. આ વર્ષ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીવ ભરડામાં સંપડાયેલું રહ્યું. જેના કારણે પ્રત્યક્ષ શિક્ષણ તેમજ અનુભવી અધ્યાપકોના અધ્યયન અનુભવોથી તાલીમાર્થીઓ વંચિત રહ્યા. વર્ષ ૨૦૨૧-૨૨ એટલે કે દ્વિતીય તાલીમી વર્ષમાં પણ વર્ષની શરૂઆત થતાં ઇન્ટર્નશીપની તૈયારીઓ અને ત્યારબાદ ખૂબ જ ઓછા સમયના અભ્યાસમાં ત્રીજા સત્રની સમાપ્તિ તેમજ આંખ મીંચીને ખોલીએ ત્યાં ચોથું સત્ર પણ પૂર્ણાહૂતિ પામ્યું હતું. સઘળા અનુભવોથી કદાચિત વંચિત રહી

ગયેલા તાલીમાર્થીઓ કોલેજના શ્રેષ્ઠ પ્રયત્નોને લીધે શ્રેષ્ઠ વ્યકિતત્વ અને ઉમદા નાગરિક જરૂરથી બન્યા હશે એ હું વિશ્વાસપૂર્વક કહી શકું.

વર્ષ ૨૦૨૨-૨૩ કોલેજ પ્રવૃત્તિઓ માટે સુવર્ણકાળ સાબિત થઇ શકયું હોત પરંતુ સમય મર્યાદાને કારણે ઘણી તકો ગુમાવવી પડી હતી અને યુનિવર્સિટીના શિડયુલ સાથે સંકલન રાખવું પડયું હતું છતાં આ સંસ્થાના અધ્યાપકોના સતત પ્રયત્નો દ્વારા કેટલીક યાદગાર પ્રવૃત્તિઓની પળો નીચે મુજબ દર્શાવિલ છે.

**પ્રવેશોત્સવ :** કોલેજ પરિસરના આંગણે પધારેલ જિજ્ઞાસુ અને ઉત્સુક તાલીમાર્થીઓનું પરંપરા અનુસાર હૃદયપૂર્વક શાબ્દિક શબ્દો તેમજ કંકુ-ચોખાના ચાંદલા અને પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જે અમારા માટે અવિસ્મરણીય છે. કોલેજમાં આવું બને? બન્યું !

**પારિવારિક વાતાવરણ :** કોલેજના માનનીય ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી, અધ્યાપકગણ, વહીવટી કર્મચારીઓ તથા તાલીમાર્થીઓએ પરસ્પર એકબીજાની સાથે રહી એક પરિવારની ભાવના ઊભી કરી છે. હાથની દરેક આંગળીઓ અસમાન હોય છે તેવી જ રીતે વિવિધતાસભર વ્યકિતત્વ ધરાવતા તાલીમાર્થીઓએ અધ્યાપકો અને કોલેજની પરંપરા સાથે કુશળ અનુબંધ બાંધી કોલેજના સમગ્ર વાતાવરણને હૂંફભર્યું રાખ્યું હતું.

**પ્રાર્થના સંમેલન :** તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના સંમેલન પીઠબળ પૂરું પાડે છે. તેના દ્વારા વિચારોની અભિવ્યકિત અને આત્મવિશ્વાસની ખીલવણી માટે પ્લેટફોર્મ ઊભું કરવામાં આવે છે. દરેક તાલીમાર્થીએ ફરજિયાતપણે તક મળે એવી વ્યવસ્થા.

**પર્વોની/ઉત્સવોની ઊજવણી :** કોલેજમાં ભાષા, ધર્મ, જાતિ, રીત-ભાત વગેરેમાં વૈવિધ્ય ધરાવતા તાલીમાર્થીઓમાં એકતા અને સમાનતા ભાવના સાથે વિવિધ પર્વો, ઉત્સવો અને અગત્યના દિવસોની ઉત્સાહપૂર્વક ઊજવણી કરવામાં આવેલ છે.

**પ્રાયોગિક કાર્ય :** બી.એડ્.ના બે વર્ષના અભ્યાસક્રમ અનુસાર દરેક તાલીમાર્થીઓએ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિષયો અંતર્ગત અધ્યાપકોના સચોટ સલાહ-સૂચન અને માર્ગદર્શન દ્વારા પ્રાયોગિક કાર્ય પૂર્ણ કર્યાં હતા.

**ક્ષેત્રકાર્ય :** કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીને કારણે પ્રત્યક્ષ અને મહદ્અંશે પરોક્ષ રીતે તેમજ વર્ચ્યુઅલ માધ્યમનો મહત્તમ ઉપયોગ થકી કોરોનાની ગાઇડલાઇનનું પાલન કરી વિવિધ શાળા, સંસ્થા અને અન્ય સ્થળો અંતર્ગત વાસ્તવિક માહિતી તાલીમાર્થીઓએ પ્રાપ્ત કરી. આમ, અનુભવ દ્વારા અધ્યયન કરે તે હેતુ સિદ્ધ કરવા અને કાર્યને સફળતાપૂર્વક પાર પાડવા અધ્યાપકોના માર્ગદર્શનના આભારી રહીશું.

**ઈન્ટર્નશીપ :** મર્યાદિત સમયગાળામાં એક શિક્ષક તરીકેના અનુભવ મેળવવાનું માધ્યમ એટલે ઈન્ટર્નશીપ. સત્ર-3ની ઈન્ટર્નશીપ યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલ "School of Excellence" ના પ્રોજેકટ હેઠળ કાર્યરત સરકારી શાળામાં યોજવામાં આવી હતી. શાળાનો સઘળો, વાસ્તવિક અનુભવ તેમજ આયોજનબદ્ધ હેતુઓને સિદ્ધ કરવાની તક ઈન્ટર્નશીપ દરમિયાન મૂલ્યવાન અને અધ્યયનપ્રદ નીવડી હતી.

**કમ્પ્યૂટર લેબ :** કોલેજમાં કમ્પ્યૂટરનો યોગ્યતમ ઉપયોગ અને ટેકનોલોજીના સાંપ્રત પ્રવાહ સાથે ચાલતા કરતા તેમજ આઇ.સી.ટી.ના ઉપયોગ થકી અધ્યયન - અધ્યાપન કરવા માટે કમ્પ્યૂટર લેબ ખૂબ ઉપયોગી નીવડી હતી.

**શુભેચ્છા પર્વ :** વર્ષાંતે સમય મર્યાદા હોવા છતાં નાનકડા સમયગાળામાં તાલીમાર્થીઓને પોતાના વ્યવસાયમાં તથા જીવનમાં સફળતા પ્રાપ્ત થાય એવા ઉમદા આશય સાથે શુભેચ્છા પર્વનું આયોજન થયું હતું. જેમાં તમામ તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી, વ્યવહારલક્ષી અને જીવનલક્ષી માર્ગદર્શન આપી સારા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવી અને તમામ તાલીમાર્થીઓને કચોરીનો નાસ્તો આપી શુભેચ્છા પર્વને વધુ યાદગાર બનાવ્યો હતો.

**માર્ગદર્શન :** બી.એડ્. દ્વિવર્ષીય અભ્યાસક્રમ દરમિયાન અમને મળેલ તાલીમ અંતર્ગત સૌ અધ્યાપકો તરફથી મૂલ્યવાન માર્ગદર્શન પ્રાપ્ત થતું રહ્યું હતું. પ્રાયોગિક કાર્ય, ફિલ્ડવર્ક, ઇ.પી.સી. પરીક્ષાની તૈયારી, પાઠોની ગુણવત્તા, ઉચ્ચ અભ્યાસ માટેની તકો તથા પ્રેરણા, જાહેર પરીક્ષાઓ, વર્તન વ્યવહાર તેમજ નોકરી મેળવવા જેવી તમામ બાબતો અંગે સફળ માર્ગદર્શન પૂરું પાડવામાં કોલેજના સૌ અધ્યાપકો સફળ થયા છે જેની હું કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઉં છું.

બી.એડ્.ના દ્વિવર્ષીય અભ્યાસક્રમને આધારે એક પંક્તિ કહેવી છે...

B.C.A., D.C.S. તો સૌ કરે,
એકવાર બી.એડ્. કરી તો જુઓ...
ડાન્સપાર્ટી અને નૃત્ય તો સૌ કરે,
એકવાર અભિનય ગીત કરી તો જુઓ...
અઠવાડિયે એકવાર કોલેજે તો સૌ જાય,
બી.એડ્માં એક રજા પાડી તો જુઓ...
જીન્સ, શર્ટ અને ડ્રેસ તો સૌ કોઇ પહેરે,
એકવાર ખાદીની સાડી પહેરી તો જુઓ...
ગાર્ડન, સિનેમા ને હોટેલમાં સૌ કોઇ જાય,
ઇન્ટર્નશીપના દિવસો ગામડામાં કાઢી તો જુઓ...
કોલેજમાં પાંચ પ્રોફેસરને તો સૌ કોઇ સાંભળે,
સાતમાં ધોરણના બાળકને સાંભળી તો જુઓ...
બીજાને શીખામણ તો સૌ કોઇ આપે,
તાલીમાર્થી બની એકવાર શીખી તો જુઓ...
એકવાર બી.એડ્. કરી તો જુઓ...

કોલેજના વર્ષ ૨૦૨૧-૨૨ માં યોજાયેલ ઓનલાઇન અને ઓફલાઇન વિવિધ સ્પર્ધાઓ, કાર્યક્રમો અને વિવિધ પ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓની સહભાગીદારી વગેરેની ઝલક હવે પછી આપવામાં આવેલી વિગતો પરથી પ્રાપ્ત થઇ શકશે.

# જ્ઞાનધારા હેઠળની પ્રવૃત્તિ

| ક્રમ | સ્પર્ધા/કાર્યક્રમ | વિષય/વક્તા | સ્થળ | ભાગ લેનાર તાલીમાર્થી | લાભાર્થીઓ અને વિજેતાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રવેશોત્સવની ઉજવણી તા. ૦૯-૦૮-૨૦૨૧ | કોલેજ સ્ટાફ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ + ૩૫ |
| ૨ | સંસ્કૃત સપ્તાહની ઉજવણી તા. ૧૯-૦૮-૨૦૨૧ થી ૨૫-૦૮-૨૦૨૧ | તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૩ | સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી તા. ૧૫-૦૮-૨૦૨૧ | તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૪ | શિક્ષકદિન,૩૧મો સ્થાપના દિન, ઉત્કર્ષ લોકાર્પણ તા. ૦૬-૦૯-૨૦૨૧ | ડૉ. વિજયભાઇ એ. જોશી (આચાર્યશ્રી, MK કોલેજ, ભરૂચ) | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૫ | હિન્દી દિવસની ઉજવણી તા. ૧૪-૦૯-૨૦૨૧ | તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૬ | વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી તા. ૧૬-૦૯-૨૦૨૧ | ડૉ. પારૂલબેન ટંડેલ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૭ | ગાંધી સપ્તાહ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ તા. ૨૭-૦૯-૨૦૨૧ થી તા. ૦૨-૧૦-૨૦૨૧ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૮ | ૭૫ ક્રાંતિવીરો વિશેનું પ્રદર્શન તા. ૦૧-૧૦-૨૦૨૧ | ૭૫ સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે ડૉ. ઇન્તેખાબ અનસારી | પ્રાથમિક શાળા, ખરોડ | ૩૭ | ૩૭ + ૨૫૦ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ |
| ૯ | નેશનલ અચિવમેન્ટ સર્વે (NAS) તા. ૦૬-૧૦-૨૦૨૧ | ડૉ. ગઢવી પ્રાચાર્યશ્રી ડાયેટ, ભરૂચ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૧૦ | ઇદ-એ-મિલાદની ઉજવણી તા. ૨૦-૧૦-૨૦૨૧ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |

જે પ્રભુની કૃપામાં સાચેસાચો વિશ્વાસ મુકે છે, તેને માટે એ કૃપા અનંત વહેતી રહે છે.

| ક્રમ | સ્પર્ધા/કાર્યક્રમ | વિષય/વક્તા | સ્થળ | ભાગ લેનાર તાલીમાર્થી | લાભાર્થીઓ અને વિજેતાઓ |
|---|---|---|---|---|---|
| ૧૧ | તાલીમાર્થી પ્રતિનિધિ મંડળ ની રચના<br>તા. ૨૨-૧૦-૨૦૨૧ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૧૨ | અહમદભાઇ પટેલને શ્રદ્ધાંજલી<br>તા. ૨૫-૧૧-૨૦૨૧ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૧૩ | બંધારણ દિવસ નિમિત્તે ક્વિઝ કોમ્પિટિશન<br>તા. ૨૬-૧૦-૨૦૨૧ | તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૧૪ | વાલી સંમેલન<br>તા. ૨૭-૧૧-૨૦૨૧ | શ્રી મહંમદભાઇ જાંગડા આચાર્યશ્રી, અંજુમન હાઇસ્કૂલ, ખરોડ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૧૫ | વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી<br>તા. ૦૧-૧૨-૨૦૨૧ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૧૬ | વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી<br>તા. ૨૧-૦૨-૨૦૨૨ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૧૭ | નેહરૂ યુવા કેન્દ્ર અંતર્ગત કાર્યક્રમ<br>તા. ૨૬-૦૨-૨૦૨૨ | 'Catch the Rain, Where it Falls, When it Falls !<br>શ્રી કિરણભાઇ પટેલ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૧૮ | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ<br>તા. ૨૮-૦૨-૨૦૨૨ | પ્રયોગ પ્રદર્શન | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૧૯ | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ<br>તા. ૦૮-૦૩-૨૦૨૨ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૨૦ | English Language Presentation Skills<br>તા. ૨૬-૦૩-૨૦૨૨ | ડૉ. ધર્મીબેન પટેલ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૨૧ | વિશ્વ પુસ્તક દિન ઉજવણી<br>તા. ૨૩-૦૪-૨૦૨૨ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |

| ક્રમ | સ્પર્ધા/કાર્યક્રમ | વિષય/વક્તા | સ્થળ | ભાગ લેનાર તાલીમાર્થી | લાભાર્થીઓ અને વિજેતાઓ |
|---|---|---|---|---|---|
| ૨૨ | રાષ્ટ્રભાષા હિંદીમાં પ્રાર્થના સંમેલન<br>તા. ૨૪-૦૪-૨૦૨૨ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૨૩ | સંસ્કૃત ભાષામા પ્રાર્થના સંમેલન<br>તા. ૨૯-૦૪-૨૦૨૨ | કોલેજ સ્ટાફ અને તાલીમાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૨૪ | ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થી મંડળ ની સામાન્યસભા અને કવિ સંમેલન,તા.૧૨-૦૫-૨૦૨૨ | કવિશ્રી સુનીલભાઇ શાહ<br>કવિશ્રી કિરણસિંહ ચૌહાણ<br>ભૂપતૂર્વ વિદ્યાર્થીઓ | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૨૫ | સ્વામી વિવેકાનંદનું ચિંતન<br>તા. ૦૭-૧૦-૨૦૨૧ | ડૉ. ચિરાગભાઇ સ્વામી | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૨૬ | રવિન્દ્રનાથ ટાગોર વિષય પર સેમિનાર<br>તા. ૨૧-૧૦-૨૦૨૧ | ડૉ. ચિરાગભાઇ સ્વામી | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૨૭ | અરવિંદ ઘોષ વિષય પર સેમિનાર<br>તા. ૨૨-૧૦-૨૦૨૧ | ડૉ. ચિરાગભાઇ સ્વામી | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | ૩૭ + ૩૫ |
| ૨૮ | ઇનોવેશન કલબ બેઝિકસ ઓફ વર્નોકયૂલર ઇનોવેશન ટ્રેનિંગ<br>તા. ૨૪-૦૧-૨૦૨૨ થી<br>તા. ૨૩-૦૨-૨૦૨૨ | ડૉ. ઇન્તેખાબ અનસારી કો-ઓર્ડિનેટર | કોલેજ કેમ્પસ, ખરોડ | ૧. માંકણિઆ હસનભાઇ<br>૨. લહેરી નાઝિયાબાનુ<br>૩. શુકલ સ્વાતિબેન<br>૪. બોબાત સુલેમાનભાઇ<br>૫. અન્ય તાલીમાર્થીઓ | |
| ૨૯ | કારકિર્દી માર્ગદર્શન<br>તા. ૧૧-૦૩-૨૦૨૨ | શ્રી ધવલભાઇ પટેલ સ્વામીનારાયણ બી.એડ્. કોલેજ, અંકલેશ્વર | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૩૦ | કારકિર્દી માર્ગદર્શન<br>તા. ૧૧-૦૩-૨૦૨૨ | શ્રી વિરલભાઇ ચોકસી અંદાડા હાઇસ્કૂલ, અંદાડા | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |

## સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા હેઠળની પ્રવૃત્તિઓ

| ક્રમ | સ્પર્ધા/કાર્યક્રમ | વિષય | સ્થળ | ભાગ લેનાર તાલીમાર્થી | લાભાર્થીઓ અને વિજેતાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા<br>તા. ૧૧-૦૮-૨૦૨૧ | -- | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ + ૩૫ | પટેલ પૂર્વીબેન<br>પટેલ વૈશાલીબેન<br>શુકલા સ્વાતિબેન |
| ૨ | નવરાત્રી અંતર્ગત 'આરતી સજાવટ'<br>તા. ૧૧-૧૦-૨૦૨૧ | -- | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૩ | EPC-1 અને EPC-2 ની પ્રાયોગિક પરીક્ષા<br>તા. ૧૭-૧૨-૨૦૨૧ | ડૉ. પારૂલબેન ટંડેલ<br>ડૉ. ઇન્તેખાબ અનસારી | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |
| ૪ | TLM નિર્માણ કાર્યક્રમ<br>તા. ૧૧-૦૩-૨૦૨૨ | -- | કોલેજ કેમ્પસ, ખરોડ | ૩૭ | ૩૭ |

## ગીત-સંગીત, નૃત્ય ધારા હેઠળની પ્રવૃત્તિઓ

